Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેનોપનિષદ

[મૂળ શ્લોક, પદાર્થ, અન્વય, અનુવાદ તથા વિવેચન સાથે]

સંપાદક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ-૧૪

૨૦ ગ
૨૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या ..... 20 ग / 20

पञ्जिका संख्या 30288

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

३०२४४
२८.८.२६

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી રેવાભાઈ પટેલ સ્મારક ગ્રંથમાળા – ૧૧

કેનોપનિષદ

[મૂળ શ્લોક, પદાર્થ, અન્વય, અનુવાદ તથા વિવેચન સહિત]

સંપાદક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ

तस्यै तपो दमः कर्मेति प्रतिष्ठा ।
– केन० ४–८ ॥
"ઉપનિષદની ભૂમિકા તપ, દમ તથા કર્મ છે."

પ્રકાશક તરફથી ભેટ

1973
CH
Initial

ગૂજરાત વિદ્યાપીઠ
અમદાવાદ–૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક
મગનભાઈ પ્રભુદાસ દેસાઈ
મહામાત્ર, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ–૧૪

મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ–૧૪

પહેલી આવૃત્તિ, જુલાઈ, ૧૯૫૬
પ્રત ૨,૦૦૦

સર્વ હક્ક ગૂજરાત વિદ્યાપીઠને આધીન છે.

કિ. રૂ. ૧–૧૨–૦

પ્રાપ્તિસ્થાન
નવજીવન કાર્યાલય
અમદાવાદ–૧૪

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશકનું નિવેદન

ઈ. સ. ૧૯૪૭માં મુંડકોપનિષદ બહાર પાડ્યા પછી, તેના જેવી જ ઢબે કેનોપનિષદ તૈયાર કરવાનું કામ હાથ પર લીધું હતું અને માસિક હપતાથી તે 'શિક્ષણ અને સાહિત્ય'માં બહાર પાડતો હતો. એમ કરતાં તેનું કામ પૂરું થઈને હવે તે ગ્રંથ રૂપે બહાર પડે છે તેથી સંતોષ થાય છે. મુંડકોપનિષદના કેટલાક વાચકોએ ઇચ્છા બતાવી છે કે, બીજાં ઉપનિષદો પણ મારે તૈયાર કરવાં જોઈએ. આ પુસ્તક બહાર પડતાં તેમનેય સંતોષ થશે એમ માનું છું. અને 'કેન' પછી 'માંડૂક્ય'નું વિવેચન 'શિક્ષણ અને સાહિત્ય'માં શરૂ કર્યું છે, તે એ બતાવવા નોંધું છું કે, આગળનું કામ પણ ચાલુ છે. ભગવાનની મરજી હશે તો, આ ક્રમે આગળ વધીને, નાનાં ગણાતાં આઠેક ઉપનિષદો પૂરાં કરવાનું મન છે.

આ પુસ્તકના વાચકને વિનંતી છે કે, તે અગાઉનું 'મુંડકોપનિષદ'નું વિવેચન વાંચે. તેની પ્રસ્તાવનામાં જણાવેલી ઢબે જ આ વિવેચન પણ કર્યું છે. આખા ગ્રંથનું વસ્તુ સળંગસૂત્ર સમજાય, તેનો અર્થ એકસરખા સરળ પ્રવાહ રૂપે રજૂ થાય, અને તેનો મર્મ સાદી સીધી રીતે અવગત થાય,—એ દૃષ્ટિ રાખવામાં આવી છે. સંસ્કૃત નહીં જાણનાર પણ પદાર્થ, અન્વય તથા અર્થની મદદથી મૂળનો પણ રસ માણી શકશે માનું છું.

આમ જોતાં, ઉપનિષદોનું રહસ્ય એક જ છે. છતાં જુદાં જુદાં બિંદુઓથી વાતને ઉપાડીને તે રહસ્ય નિરૂપાય છે. આ તેની વૈવિધ્યભરી નવીનતાથી તે જુદાં પડે છે અને તેથી કયું કેવું છે એની તુલના કરવા જેવું મનમાં ઊઠે છે. કેન એ રીતે જોતાં કોઈ બહુસૂત્ર પ્રશ્નમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી પડતું. 'આ બધું કોણ ચલાવે છે?'—એ સાદો પ્રશ્ન જ તે ઉપાડે છે. અને તે મુજબ જ તેનું નામ પણ પડ્યું છે. એ પ્રશ્નનો જવાબ આપવામાં આ ઉપનિષદે આખર કરી છે. તેનો જવાબ આપવાની સાથે તે જવાબને પામવા માટેની કૂંચી પણ તે કહી દે છે—તે કૂંચી તપ, દમ અને કર્મ છે. અને જીવનમાં મોટી આફત જો કોઈ હોય તો તે જવાબ ન પામવો—તેને માટે ન મથવું, એ છે એમ પણ કહે છે. આમ, એક જ સાદો પણ અતિ ઊંડો પ્રશ્ન લેતાં છતાં, જીવનના કોયડાની પૂરી મીમાંસા અતિ સૂત્રાત્મક ભાષામાં આ ઉપનિષદ કરે છે, એ એની સુંદરતા અને મધુરતાનું મોટું કારણ છે.

મુંડકોપનિષદની જેમ, આને પણ ભાઈ ગોપાળદાસે વિસ્તૃત ઉપોદ્ઘાત લખી આપીને શોભાવ્યું છે. તથા બીજા ધર્મગ્રંથોમાં આના વસ્તુને મળતું જે મળે છે તે આ સાથે પુરવણી રૂપે આપ્યું છે, તેથી અભ્યાસીઓને ખૂબ આનંદ થશે. આપણી પ્રજાના એક અતિ પ્રાચીન યુગમાં જ્ઞાનને અંગેની વિચારણાનો એક અનોખો પ્રકાર કેવો હતો, તે આમાંથી જોવા મળે છે. પેલી કહેવત છે કે, અધૂરો ઘડો છલકાય. ઉપનિષદોનો છલોછલ ભરાયલો ઘડો છલકાતો નથી; તેની વાત સાવ સાદી રીતની હોય છે, છતાં તે અછકલી નથી. સાદા શબ્દોમાં છતાં કેવી ગંભીર અને રહસ્યમય લાગે છે! તેથી કરીને તે સનાતન સાહિત્ય બને છે. તેને ગુજરાતી વાચકોને પીરસવાનો આ પ્રયત્ન તેમને પ્રિય બનો, એવી પ્રાર્થનાની સાથે આ પ્રસિદ્ધ કરું છું.

૨૮-૬-'૫૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમણિકા

પ્રકારકનું નિવેદન		૩
ઉપોદ્ઘાત	ગોપાળદાસ પટેલ	૭

પ્રથમ ખંડ

શાંતિપાઠ	૩
૧. ગ્રંથબીજક પ્રશ્ન	૭
અતિપ્રશ્ન ૯; મનુષ્ય એટલે? ૯; જિજ્ઞાસાનું સ્વરૂપ ૧૦; જિજ્ઞાસાના પ્રકાર ૧૨	
૨. બીજક પ્રશ્નોના ઉત્તર	૧૫
૩. તદેવ બ્રહ્મ ત્વં વિદ્ધિ	૨૨
તે વાણી-ગોચર નથી ૨૩; તે મન-ગોચર નથી ૨૪; તે ચક્ષુગોચર પણ નથી ૨૬; તે કર્ણ-ગોચર પણ નથી ૨૭; તે પ્રાણ-ગોચર પણ નથી ૨૭.	

બીજો ખંડ

૧. બ્રહ્મ અનિર્વચનીય છે	૩૨
૨. બ્રહ્મજ્ઞાનીની સમજ	૩૬
૩. બ્રહ્મ પ્રતિબોધવિદિત છે	૪૨

ત્રીજો ખંડ

૧. કિમિદં યક્ષમ્ ની આખ્યાયિકા	૫૨
૨. આ કોનો મહિમા છે?	૫૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. અગ્નિ તપાસ કરે છે ૫૯
૪. વાયુ તપાસ કરે છે. ૬૩
૫. ઇંદ્ર તપાસ કરે છે ૬૭

ચોથો ખંડ

૧. એ યક્ષ બ્રહ્મ છે ૭૦
૨. બ્રહ્મજ્ઞાનનો મહિમા ૭૩
૩. બ્રહ્મની વિવિધ ઓળખ ૭૮
૧. અધિદૈવત ૭૯; ૨. અધ્યાત્મ ૮૩; ૩. તદ્વન ૮૫.
૪. ઉપસંહાર ૮૯
ઉપનિષદના ધર્મો ૯૫; સનાતન ધર્મ-પરિભાષા ૯૨; તપ ૯૩; દમ ૯૩; કર્મ ૯૪; વેદ ૯૪; સત્ય ૯૬; જીવનની ફલશ્રુતિ ૯૭; પાપ ૯૮; સ્વર્ગ ૯૯.
પુરવણી – ૧ ૧૦૦
પુરવણી – ૨ ૧૦૨
પુરવણી – ૩ ૧૦૪
પુરવણી – ૪ ૧૦૬
પુરવણી – ૫ ૧૧૩
શબ્દ-સૂચિ ૧૨૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપોદ્ઘાત

૧

હિંદના પ્રાચીન ધર્મ-સાહિત્યનો અમુક ભાગ 'શ્રુતિ' કહેવાય છે. 'શ્રુતિ' એટલે 'સાંભળેલું જ્ઞાન'. અર્થાત્ એ ગ્રંથોમાંનું જ્ઞાન કોઈ પુરુષવિશેષે રચેલું નથી ગણાતું; એ જ્ઞાન પ્રગટ કરવામાં નિમિત્ત ભલે કોઈ વ્યક્તિ હોય, પણ એ જ્ઞાન લોકોત્તર ગૂઢ અનુભવ કે સાક્ષાત્કારની લીન અવસ્થા વખતે સ્ફુરેલું હોઈ, 'અપૌરુષેય' ગણાય છે.[૧]

શ્રુતિ-ગ્રંથો તરીકેનું બહુમાન ખાસ તો 'વેદ'-ગ્રંથોને જ લાગુ પડે. પરંતુ વેદોની મંત્ર-સંહિતાઓ ઉપરાંત, તેમને આધારે — તેમને અનુલક્ષી રચાયેલા બ્રાહ્મણ-ગ્રંથો, આરણ્યક-ગ્રંથો અને ઉપનિષદ્-ગ્રંથો પણ 'શ્રુતિ' પદને પાત્ર મનાયા છે. ચારે વેદોના મંત્રોની સંહિતાઓ (સંગ્રહો) જુદી જુદી શાખાઓ કે અભ્યાસી-મંડળો દ્વારા સંઘરાઈ છે. એ વેદમંત્રોના જુદી જુદી યજ્ઞક્રિયાઓમાં વિનિયોગ અંગે કે જોઈતા ખુલાસાઓ રૂપે જે યજન-સાહિત્ય ઊભું થાય (જેમકે, બ્રાહ્મણગ્રંથો), તેમને આધારે અમુક ઉપાસનાઓ કે ચિંતનો ચાલે (જેમકે, આરણ્યક-ગ્રંથો), કે પછી તેને અંતે ગૂઢાનુભવોને લગતા જે તાત્ત્વિક નિર્ણયો ઊભા થાય (જેમકે ઉપનિષદ્ગ્રંથો), તે બધા અનુક્રમે બ્રાહ્મણ, આરણ્યક અને ઉપનિષદ્ગ્રંથો કહેવાય છે. વેદોની સંહિતાઓ ઉપરાંત એ બધો ગ્રંથ-વિસ્તાર પણ 'શ્રુતિ' ગણાય છે.

સામાન્ય રીતે એમ મનાય કે, વેદની શાખા દીઠ બ્રાહ્મણ, આરણ્યક કે ઉપનિષદ્ગ્રંથ હોય. જોકે, આજકાલ બધી શાખાઓના આ ત્રણે પ્રકારના ગ્રંથો ઉપલબ્ધ નથી. ઉપનિષદ્ગ્રંથો પૂરતું જ

---

૧. શ્વેતાશ્વતર ઉપનિષદના ઋષિ કહે છે કે આ જ્ઞાન તેમણે તપઃપ્રભાવાત્, દેવપ્રસાદાત્ ચ અર્થાત્ તપના પ્રભાવથી તેમ જ દેવની કૃપાથી પ્રાપ્ત કર્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહીએ તો — ઋગ્વેદના ઐતરેય બ્રાહ્મણ સાથે જોડાયેલા ઐતરેય આરણ્યકમાં એક ભાગ રૂપે (૨–૪–૬) ઐતરેય ઉપનિષદ્ આવેલું છે. અને ઋગ્વેદના કૌષીતકિ અથવા શાંખાયન બ્રાહ્મણનો અંત શાંખાયન આરણ્યકથી આવે છે; તેનો એક ભાગ (૩–૬) તે જ કૌષીતકિ ઉપનિષદ છે.

સામવેદનું જે બ્રાહ્મણ અત્યારે લુપ્ત થઈ ગયેલું મનાય છે, તેના છેલ્લા આઠ પ્રપાઠક તે જ છાંદોગ્ય ઉપનિષદ્ છે; અને સામવેદના તલવકાર અથવા જૈમિનીય બ્રાહ્મણ[1]નો એક ભાગ કે જે આરણ્યકના સ્વરૂપનો છે, તે જૈમિનીય ઉપનિષદ-બ્રાહ્મણ કહેવાય છે, તેનો જ એક ભાગ (૪, ૧૮–૨૧) તે કેન ઉપનિષદ્ છે.

યજુર્વેદની બે સંહિતાઓ છે: કૃષ્ણ યજુર્વેદ સંહિતા અને શુક્લ યજુર્વેદ સંહિતા. કૃષ્ણયજુર્વેદની પાછી તૈત્તિરીય અને મૈત્રાયણી વગેરે અનેક શાખાઓ છે. હવે, કઠ ઉપનિષદ્ને કૃષ્ણ યજુર્વેદની કાઠક શાખા સાથે સંબંધ હોય એમ લાગે ખરું; પરંતુ અત્યારે તે કોઈ આરણ્યક સાથે જોડાયેલું નથી મળતું. તૈત્તિરીય ઉપનિષદ્ કૃષ્ણ યજુર્વેદની તિત્તિરિ શાખાનું ગણાય છે; અને તેના તૈત્તિરીય બ્રાહ્મણના ભાગરૂપ જે તૈત્તિરીય આરણ્યક, તેમાં છેવટે (૭–૯) આવે છે. શ્વેતાશ્વતર ઉપનિષદ્ અને મહાનારાયણ ઉપનિષદ્ તૈત્તિરીય આરણ્યકના ખિલ–પરિશિષ્ટ રૂપે મળે છે, એટલે તે કૃષ્ણ યજુર્વેદનાં ગણાય; પણ મહાનારાયણ ઉપનિષદ તો બહુ પછીના વખતમાં તૈત્તિરીય આરણ્યકમાં ઉમેરાયું હશે એ નિશ્ચિત મનાય છે. મૈત્રાયણીય ઉપનિષદ્ કેટલીક પ્રતોમાં કૃષ્ણ યજુર્વેદની મૈત્રાયણીય સંહિતાના જ એક ભાગ તરીકે મળે છે; પરંતુ તે બહુ પાછળના સમયમાં રચાયેલું છે એવું એની અંદરના પુરાવાઓ ઉપરથી જણાય છે.[2]

---

૧. તે બ્રાહ્મણ પોતે તૂટક અવશેષોરૂપે જ હાલમાં ઉપલબ્ધ છે.

૨. તેમાંય તેના પ્રથમ ચાર અધ્યાય અપેક્ષાએ જૂના હશે અને પછીના ત્રણ પાછા વધુ પછીના સમયના હશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્યારે ઈશ ઉપનિષદ્ તો શુક્લ યજુર્વેદ સંહિતાનું જ છેલ્લું પ્રકરણ (૪૦મું) છે; જોકે તે 'ખિલ' કહેવાય છે. બૃહદારણ્યક ઉપનિષદ્ શુક્લ યજુર્વેદના શતપથ બ્રાહ્મણમાં (૧૦ મો અને ૧૪ મો કાંડ) આખું આવે છે. શતપથ બ્રાહ્મણના ૧૪ મા ખંડનો પ્રથમ ત્રીજો ભાગ આરણ્યક છે, અને બાકીનો ભાગ એ બૃહદારણ્યક ઉપનિષદ છે.

પ્રશ્નોપનિષદ્, મુંડકોપનિષદ્ અને માંડૂક્યોપનિષદ્ એ અથર્વ-વેદનાં ઉપનિષદો ગણાય છે. પરંતુ તે વેદનો કોઈ આરણ્યક ગ્રંથ તો છે નહીં; અને પછીના સમયમાં રચાયેલું તેનું એકમાત્ર જે ગોપથ બ્રાહ્મણ, તેમાં પણ એ ઉપનિષદો છે નહીં; એટલે તેઓ એ વેદના કોઈ લુપ્ત થઈ ગયેલા બ્રાહ્મણના ભગ મનાય, એટલું જ.

આ તેર પ્રાચીન ગણાતાં ઉપનિષદો પ્રાચીન શ્રુતિ-સાહિત્યમાં ઉપર પ્રમાણે ગોઠવાય છે. શંકરાચાર્ય વેદાંતસૂત્રો ઉપરના પોતાના ભાષ્યમાં જે ૧૩ ઉપનિષદોમાંથી ઉતારા ટાંકે છે, તે આ તેર છે; જોકે તેમણે પોતે ભાષ્ય તો શ્વેતાશ્વતર, મહાનાયણ અને મૈત્રાયણીય સિવાયનાં બાકીનાં દશ ઉપનિષદ ઉપર જ લખ્યાં છે. અત્યારે તો ૨૦૦ થી ૩૦૦ જેટલા ગ્રંથો 'ઉપનિષદ' નામે ઓળખાય છે; પણ એ બધા પ્રાચીન નથી; તથા 'શ્રુતિ' પણ ગણાતા નથી.

એ બધું 'શ્રુતિ' સાહિત્ય એકસરખું પ્રમાણભૂત મનાય છે. છતાં, કાળક્રમમાં તો તે જુદે જુદે સમયે — કદાચ જુદી જુદી પરિસ્થિતિમાં ઊભું થયું હશે. પરંતુ એ સમગ્ર સાહિત્યનું 'લક્ષ્ય' એક હોવાથી તે એકરૂપ ગણાય છે. મંત્રસંહિતા, બ્રાહ્મણ, આરણ્યક અને છેવટે ઉપનિષદ — એ ચારે પ્રકારોનું વસ્તુ તદ્દન જુદું પણ લાગે; એકમાં બીજાના માર્ગને કંઈ વખોડવા જેવું પણ કરેલું દેખાય. (જેમ કે, મુંડક ઉપનિષદમાં યજ્ઞયાગ રૂપ બ્રાહ્મણગ્રંથોના કર્મમાર્ગને 'અદૃઢ હોડીઓ' કહ્યો છે, તથા તે 'શ્રેય'ને અભિનંદતા કર્મીઓને મૂઢ અને અવિદ્યામાં વર્તતા અંધ તથા 'ક્ષીણલોક' કહ્યા છે. ૧.૨. ૭–૧૦.) પરંતુ, તેથી કરીને એ પ્રકારોને એકબીજાના વિરોધમાં ઊભા થયેલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'બળવા' રૂપ કે વિકૃતિ રૂપ કે અત્યંત સ્વતંત્ર એવા બીજા સંપર્કોને કારણે વિકસેલા સાહિત્ય રૂપ માનવાની જરૂર નથી. એક જ પ્રકારની સળંગ ભૂમિકામાંથી, કદાચ જુદા જુદા સમયે જુદાં જુદાં અંગો ઉપર ભાર મુકાવાથી ઊભી થયેલી સામગ્રી, અમુક અંતર્ગત એકતાને કારણે, એકસરખાં પ્રમાણભૂત સાહિત્ય તરીકે સંધરાઈ છે, એમ માનવું વધુ ઉચિત છે.

૨

અલબત્ત, વેદ-સંહિતા કરતાં બ્રાહ્મણ ગ્રંથોમાં યાજ્ઞિક ક્રિયાકાંડનો ધુમાડો ગૂંગળાવી નાખે તેવો લાગે; તથા સાહિત્ય તરીકે પણ તે ગ્રંથો (ઘણા દેશી-પરદેશી વિદ્વાનો કહે છે તેમ) પુરોહિત લોકોનો 'દેડકા-રવ' કે 'બાલિશ પ્રલાપ' લાગે. તેથી ઊલટું આરણ્યકો અને ઉપનિષદોમાં ઉપાસનાત્મક ચિંતનો અને તત્ત્વચર્ચાઓની જટિલ કે સુરમ્ય ઉપવન-ભૂમિ લાગે. પરંતુ જોનારને એ સમગ્ર સાહિત્યની ભૂમિકા એકસરખી — એકસૂત્ર દેખાયા વિના નહિ રહે. વેદોના ઋષિઓ પોતાનાં સૂક્તોથી, બ્રાહ્મણોના યાજ્ઞિકો પોતાના ક્રિયાકાંડથી, આરણ્યકના મુનિ-તપસ્વીઓ પોતાની વિવિધ ઉપાસનાઓથી અને ઉપનિષદના તાત્ત્વિકો પોતાના ગૂઢ અનુભવોથી એક જ 'બ્રહ્મ' વસ્તુને જુદાં જુદાં નામે કે જુદી જુદી પદ્ધતિએ ચિંતવી, ઉપાસી, યજી કે સ્તવી રહ્યા છે.

દાખલા તરીકે, કેન ઉપનિષદ પોતે જે જૈમિનીય ઉપનિષદ-બ્રાહ્મણનો ભાગ છે, તે બ્રાહ્મણમાંથી કેટલાક ભાગ આપણે જોઈશું, તો જણાયા વિના નહીં રહે કે, આપણે એક જ વાતાવરણ હેઠળ છીએ, જોકે ભાષાની કે નિરૂપણની શૈલી જુદી છે.

જેમ કે, ૩, ૩૩, ૧–૮ માં એક જ દેવત પિંડે તેમ જ બ્રહ્માંડે જુદી જુદી ઇંદ્રિયો તેમ જ દેવો તરીકે રહેલું છે, એ જાતનું નિરૂપણ આવે છે. તેમાં જણાવ્યું છે કે, દેવ તરીકે જે વાયુ છે, તે જ શરીરમાં ઇંદ્રિય તરીકે પ્રાણ છે. તે જ પ્રમાણે અગ્નિ અને વાણી, ચંદ્રમા અને મન, તથા આદિત્ય અને સ્વરનું પણ સમજવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ ફકરામાં વળી આગળ જણાવ્યું છે કે, જ્યાં સુધી પિંડ અને બ્રહ્માંડનાં દૈવત જુદાં જુદાં તરીકે અનુભવાય છે, ત્યાં સુધી વેદનો – આત્માનો – બ્રહ્મનો સાક્ષાત્કાર થયો ન કહેવાય. એ બધો દ્વૈત અનુભવ તે તો કુરૂપ અને જીર્ણ થતી વસ્તુઓનો છે. પરંતુ, હૃદય કે બ્રહ્માંડ ઉપર વેંત કે ચાર આંગળ જેટલે દૂરના સ્થાને પિંડ-બ્રહ્માંડના દેવોનો એકરૂપે અનુભવ થાય છે; અને ત્યારે જ આપ્તકામ — કૃતકૃત્ય થવાય છે.[૧]

એ ફકરો કેનોપનિષદમાં ત્રીજા ખંડમાં આવતી દેવોની આખ્યાયિકાના વસ્તુની તરત યાદ આપે છે. તથા તેને સમજવામાં મદદરૂપ થાય છે.

એ પ્રમાણે જૈમિનીય ઉપનિષદ-બ્રાહ્મણ ૪, ૧૪–૧૫ તરીકે જે ભાગ છે, તેમાં પણ સ્વર્ગલોકનું દ્વાર જાણવા યજ્ઞસત્ર આરંભનારા ઋષિઓને ઇંદ્રે એ દ્વાર કેવી રીતે છેવટે બતાવ્યું, તેનો ઉલ્લેખ છે.[૨]

સ્વર્ગ એટલે પરમધામ — મોક્ષ, એ અર્થમાં એ શબ્દ કેનોપનિષદમાં પણ (૪–૯) આવે છે; અને ઇંદ્ર એ પરમધામ પ્રાપ્ત કરવાનો ઉપાય જાણે છે, એ વિગત પણ કેનોપનિષદમાં (૪–૩ માં આવતી) વિગત સાથે બંધ બેસે છે.

બ્રહ્મતત્ત્વ પુરુષમાં બ્રહ્મના આસન ઉપર ('બ્રહ્માસંદી') આરૂઢ થયેલું છે, અને ત્યાં તેની પાસે જુદા જુદા દેવો ઇંદ્રિયજ્ઞાનો રૂપી ખંડણી રજૂ કરતા આવે છે – એ ભાવનો (૪–૨૪) જૈમિનીય ઉપનિષદ-બ્રાહ્મણનો ફકરો પણ આ અનુસંધાનમાં જોવા જેવો છે.[૩]

ઐતરેય ઉપનિષદ (૨–૪) માં તો સીધા શબ્દોમાં જ જણાવ્યું છે કે, 'અગ્નિ વાચ્ બનીને મુખમાં પેઠો, આદિત્ય ચક્ષુ બનીને આંખોમાં

---

૧. મૂળ ફકરો વિગતવાર જુઓ પુસ્તકને અંતે પુરવણી – ૧ માં.
૨. મૂળ ફકરો વિગતવાર જુઓ પુસ્તકને અંતે પુરવણી – ૨ માં.
૩. મૂળ ફકરો વિગતવાર જુઓ પુસ્તકને અંતે પુરવણી – ૩ માં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેઠો, દિશાઓ શ્રોત્ર બનીને કાનોમાં પેઠી, ચંદ્ર મન બનીને હૃદયમાં પેઠો.' ૪૦.

અર્થાત્ બ્રહ્મ એ જ અમૃત તત્ત્વ છે 'अथ यद् ब्रह्म तदमृतं' એ સિદ્ધાંત જૈમિનીય ઉપનિષદ-બ્રાહ્મણનો (૧-૨૫-૧૧) પણ છે. એ એક જ દૈવત પિંડમાં તેમ જ બ્રહ્માંડમાં ઇંદ્રિયો અને દેવો રૂપે વિભક્ત થયેલું છે. એમ વિભક્ત રૂપે તેને જાણવું એ ખોટું છે; મૂળ એકરૂપ અમૃત તત્ત્વને જ જાણવું જોઈએ. જોકે, એ બધો સિદ્ધાંત રજૂ કરવાની શૈલી–પરિભાષા ઉપનિષદ કરતાં જુદી છે. પરંતુ કોઈ રીતે ઉપનિષદને એ બ્રાહ્મણ કે આરણ્યક ગ્રંથમાં જણાવેલી બાબત સામે બળવા રૂપે, કે નવી પ્રજાઓ સાથેનો સંપર્ક થતાં દાખલ થયેલા નવા પ્રસ્થાન રૂપે વર્ણવી શકાય તેમ નથી.

૩

જૈમિનીય ઉપનિષદ-બ્રાહ્મણમાં (૪-૧૫) આવેલા ઉલ્લેખ ઉપરથી જણાય છે કે, ઉપનિષદ શબ્દને તે ગૂઢજ્ઞાન–પરમજ્ઞાન અર્થમાં વાપરે છે. વેદ–સામ–ઉદ્ગીથ–ઉપનિષદ એ ચારે શબ્દ સમાન અધિકરણમાં ત્યાં વપરાયા છે. ૪–૨૫–૩ માં તો બ્રહ્મપ્રાપ્તિનો ઉપાય દર્શાવનાર વેદ–સામ–ઉપનિષદને તે બ્રહ્મરૂપ જ જણાવે છે (वेदो ब्रह्म).

યોગ્ય અધિકારીને કહેવાની હોવાથી અને એના જ્ઞાનથી પરમ ગૂઢ તત્ત્વોનો સાક્ષાત્કાર થતો હોવાથી એ વિદ્યા उप-नि-षद् કહેવાય છે. (उपनिषण्णम् वा अस्याम् परम् श्रेय इति । શંક૨૦ તૈતિ૦ ઉપ૦ ભાષ્ય) મુક્તિકોપનિષદમાં (૧-૯) કહ્યું છે કે, તલમાં તેલની પેઠે વેદમાં વેદાન્ત રહેલો છે. વેદાન્ત એટલે ઉપનિષદ. (वेदान्तो नाम उपनिषत् प्रमाणम् — વેદાંતસાર) એમાં જ 'પરમ ગુહ્ય' રહેલું છે. (वेदान्ते परमम् गुह्यम् । શ્વેતા૦ ઉપ૦ ૬-૨૨.)

આમ હોવાથી, ઉપનિષદની શૈલી સ્તવન–યજનનાં સૂક્તો જેવી ન જ હોય. સ્તવનમાં હૃદયની ભાવનાઓનો જે બહુભાર હોય, તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બુદ્ધિની રીતને અનુસરે જ એમ કહેવાય નહિ; અને તેથી બુદ્ધિભોગ્ય તરીકે સ્તવનગ્રંથ અગમ્ય – ન સમજાય તેવો, તેમ જ ન ગમે તેવો પણ રહે છે. યજન એ તો તેથી પણ વધુ હૃદયની – શ્રદ્ધાની વસ્તુ થઈ. અયાજકને તે બધું લવારો – પ્રલાપ કે દેડકા-રવ જ લાગે, તેમાં નવાઈ નથી. ઉપનિષદમાં સ્તવન–યજનના ભાર વિનાનો તાત્ત્વિક સિદ્ધાંત નિરૂપાયેલો હોવાથી, તે જાણે બુદ્ધિગમ્ય અને બુદ્ધિને ગમે તેવો લાગે છે. અને તેથી એ 'જ્ઞાન'માર્ગ આજના બુદ્ધિપ્રધાન લોકોને પ્રિય પણ થતો જાય છે. પરંતુ એ બુદ્ધિગમ્યતા કેવળ ઉપર–ઉપરની છે. કેનોપનિષદ જાણે એ બુદ્ધિગમ્યતાને અને તેથી ઊભા થતા અહંકારને પડકાર સમાન છે. બ્રહ્મનું જ્ઞાન એવી પ્રચલિત સમજવાળી બુદ્ધિગમ્યતા કે હૃદયગમ્યતા કરતાં જુદી – પર વસ્તુ છે, એ તેની ઘોષણા છે.

પહેલા જ શ્લોકમાં પ્રશ્ન પૂછાય છે કે, મન, પ્રાણ, વાણી, આંખ અને કાનને કોણ યોજે છે – પ્રેરે છે ? બીજા શ્લોકમાં એટલો જ જવાબ મળે છે કે, "એ બધાંને પ્રેરનારને જાણનારો 'ધીર' આ લોકમાંથી છૂટીને અમર બને છે." શિષ્ય એટલા ઉપરથી પૂછવા જાય કે, તો તેવા તે દેવનું સ્વરૂપ કહો; તો જવાબ મળે છે કે, "ત્યાં આંખ જતી નથી કે વાણી જતી નથી કે મન જતું નથી. એટલે શી રીતે તેની વાત કહી શકાય ? છતાં એટલું જરૂર કહીએ છીએ કે, તું જેને ઉપાસે છે, તે એ નથી ! તું જો એમ માનતો હોય કે, તેનું કંઈક રૂપ તું સમજે છે, તો એ વાતમાં શો માલ છે ? (दहरमेवापि नूनं त्वं वेत्थ ब्रह्मणो रूपम्). એનું રૂપ તો 'પ્રતિબોધ' વડે જ જણાય. અને એનું રૂપ જાણનાર અમૃતત્વને પામે, એટલું નક્કી. અરે, આ જગમાં જન્મીને તેને જાણ્યું તો સારી વાત છે; જો ન જાણ્યું તો સત્યાનાશ છે ! (महती विनष्टिः) લે, તું પૂછ પૂછ કરતો હતો કે, ઉપનિષદ કહો, ઉપનિષદ કહો; આ તને બ્રહ્મનું ઉપનિષદ કહ્યું. તપ, દમ, કર્મ એ તેની પ્રતિષ્ઠા–પગ છે; વેદો તેનાં અંગ છે; અને સત્ય તેનું ધામ છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્થાત્ ઉપનિષદની કુલ ૩૪ કડીઓમાંથી ૧૦ કડીઓમાં તો બ્રહ્મ વિષે કેવળ બુદ્ધિથી કાંઇ ન જાણી શકાય – ન કહી શકાય એટલું કહ્યું; તેમાંય પાંચ કડીમાં તો (૧–૪ થી ૧–૮) એમ પણ કહ્યું કે, તું શ્રદ્ધાથી જેને ઉપાસે છે, તે પણ બ્રહ્મ નથી. અને ત્રણ કડીમાં (૨–૧ થી ૨–૩) વિશેષે કહ્યું કે, જેઓ માનતા હોય કે અમે બ્રહ્મ જાણીએ છીએ, તેઓ તેને નથી જ જાણતા! પરંતુ બ્રહ્મની અજ્ઞેયતા કહેવા માટે જ આ ઉપનિષદ નથી. બલકે, બ્રહ્મને પામવું જોઈએ એ કહેવા માટે તો આ ઉપનિષદ છે. પાંચ અર્થગંભીર શ્લોકોમાં ઉપનિષદ જુદી જુદી રીતે ભારપૂર્વક જણાવે છે કે —

એ બ્રહ્મને જાણનારા ધીર પુરુષો જ આ લોકમાંથી છૂટીને અમૃત બની જાય છે (૧–૨); એ જ્ઞાનથી – વિદ્યાથી જ અમૃતત્વ મળે છે (૨–૪); આ જન્મમાં તેને જાણ્યું, તો જ સત્ય છે, નહિ તો સત્યાનાશ! (महती विनष्टिः); એને જાણનારા ધીર પુરુષો આ લોકમાંથી મૃત્યુ પામી અમૃત બની જાય છે (૨–૫); જે એ 'તદ્વન' બ્રહ્મને જાણે, તેને સર્વ ભૂતપ્રાણી વાંછે છે (૪–૬); તેને જાણનાર પાપનો નાશ કરી, શ્રેષ્ઠ સ્વર્ગલોકમાં સ્થિત થાય છે (૪–૯).

અલબત્ત, બ્રહ્મના સાક્ષાત્કારની – મોક્ષની – સ્થિતિના વર્ણન માટે આ ઉપનિષદે "તે અમૃત બની જાય છે – અમૃત પામે છે" – એવા શબ્દો વાપર્યા છે; અથવા "તે ઉત્તમ સ્વર્ગલોકમાં સ્થિત થાય છે," કે "બધાં ભૂત–પ્રાણીઓ તેની સારી પેઠે વાંછા કરે છે," એમ જણાવ્યું છે. અને સાક્ષાત્કાર થવાની વાત માટે અતિમુચ્ય (૧–૨), વિદ્યયા (૨–૪), વિચિત્ય (૨–૫), વેદ (૪–૬, ૪–૯) એવા શબ્દો વાપર્યા છે.

બ્રહ્મના પોતાના વર્ણન માટે તે 'શ્રોત્રનું શ્રોત્ર, મનનું મન, વાણીની વાણી, પ્રાણનો પ્રાણ, ચક્ષુનું ચક્ષુ' – એટલું જ કહે છે (૧–૨), અને છેલ્લા ખંડમાં તેના ઓળખાણ માટે બે 'આદેશ' – નમૂના – ઉદાહરણ આપે છે: એક 'અધિદૈવત' અને બીજો 'અધ્યાત્મ'.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધિદૈવત આદેશ જેમ કે – 'જે આ વીજળીઓ ચમકે છે (વ્યદ્યુતદ્) અને પાછી લોપાય છે (ન્યમીમિષદ્) તે (બ્રહ્મની જ શક્તિ છે.)'. અને અધ્યાત્મ આદેશ જેમ કે — 'જે આ મન ગતિમાન થાય છે અને એના વડે વારંવાર સ્મરે છે – સંકલ્પે છે તે (પણ બ્રહ્મની જ શક્તિ છે.)'. બ્રહ્મની જ શક્તિ આમ, વીજળીની આધિદૈવિક શક્તિ રૂપે કે મનની આધ્યાત્મિક શક્તિરૂપે પ્રગટ થાય છે. એવા એ બ્રહ્મનું 'તદ્વનમ્' એવું નામ પણ ઉપનિષદ આપે છે (૪-૬); અને એ નામે તેની ઉપાસના કરવી એમ પણ જણાવે છે. બૃહદારણ્યકોપનિષદમાં (૨-૧-૨૦) 'સત્યસ્ય સત્યમ્' એ નામને આત્માનું ઉપનિષદ કહીને ઉપાસના કરવા રજૂ કર્યું છે; અને છાંદોગ્યોપનિષદમાં (૩-૧૪-૧) બ્રહ્મની 'તજ્જલાન્' એ નામથી ઉપાસના કરવાની કહી છે (ब्रह्म, तज्जलान् इति शांत उपासीत।).

કેનોપનિષદના ઋષિ આ વિદ્યાનો અધિકારી જણાવતાં કહે છે કે, આ ઉપનિષદની પ્રતિષ્ઠા તપ, દમ, અને કર્મ છે; વેદ એ તેનાં અંગો છે, અને સત્ય તેનું આયતન છે. જે માણસ આ ઉપનિષદને આ રીતે (એવં) જાણે છે, તે જ પાપને દૂર કરી, શ્રેષ્ઠ એવા સ્વર્ગલોકમાં પ્રતિષ્ઠા પામે છે. અર્થાત્ તપ–દમ–કર્મથી આ ઉપનિષદને જીવનમાં સ્થાપિત કરાય, વેદો વડે તેને સર્વાંગસંપૂર્ણ બનાવાય, અને સત્યમાં તેનો નિવાસ થાય, તો જ તે ફળદાયી નીવડે. જૈમિનીય ઉપનિષદ-બ્રાહ્મણ, કે જેમાં આ કેનોપનિષદ આવેલું છે, તેમાં પણ (૪-૨૫-૩) લગભગ આ શબ્દોમાં જ આ વાત જણાવી છે —

"वेदो ब्रह्म । तस्य सत्यम् आयतनम् शमः प्रतिष्ठा दमश्च ।"

વેદ એટલે કે બ્રહ્મવિદ્યાનું આયતન – નિવાસસ્થાન સત્ય છે. અને શમ તથા દમ તેની પ્રતિષ્ઠા – પાયા છે. એ ફકરામાં સત્, અસત્, વાચ, મન, ચક્ષુ, શ્રોત્ર, શ્રદ્ધા અને તપને (જુદાં જુદાં જોડકાંમાં) બ્રહ્મની સોળ કળાઓ તરીકે વર્ણવ્યાં છે, અને પછી વેદને બ્રહ્મરૂપ કહીને તેના ધામ તરીકે સત્યને અને પાયા તરીકે શમ અને દમને જણાવ્યાં છે. અને જાણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમજમાં કંઈ ફેર ન રહી જાય તે માટે અંતે ઉમેર્યું છે કે, 'જેમ આવતી કાલે જ કોઈ મરવાનો હોય, તે આજથી પાપકર્મ કરતો અટકે (पापात् कर्मणो जुगुप्सेत), તેમ મરતા સુધી રોજ પાપકર્મથી બચતા રહેવું જોઈએ (अहरहः पापात् कर्मणो जुगुप्सेत आकालात्). અર્થાત્ તપમય અને યજ્ઞમય એવું નિષ્પાપ જીવન જ બ્રહ્મવિદ્યાને માટે આવશ્યક છે; એવા જીવનમાંથી જ આ વિદ્યા પ્રગટે અને જામે. માત્ર પાંડિત્ય કે માત્ર તપ કે માત્ર સંન્યાસને વધારેપડતું મહત્ત્વ આપ્યા વિના, વેદોક્ત યજ્ઞકર્મ કરી જેણે જીવનનો અનુભવ લીધો છે, જિજ્ઞાસુ હોઈ જે વેદજ્ઞાનનો અભ્યાસી છે, તથા દમયુક્ત તપસ્વી જીવન જીવીને જે સત્યમાં નિષ્ઠાવાળો છે, તે જ આ અંતિમ રહસ્યરૂપ બ્રહ્મવિદ્યા પ્રાપ્ત કરે છે.

૪

આ કેનોપનિષદ સામવેદનું ઉપનિષદ છે, એ આપણે પહેલાં જોઈ આવ્યા. પરંતુ અથર્વવેદમાં કેનોપનિષદના વસ્તુને મળતું સૂક્ત (૧૦-૨) છે[૧]. તેમાં કેનોપનિષદના ૩૪ મંત્રની સરખામણીમાં એક મંત્ર ઓછો છે, અર્થાત્ ૩૩ મંત્ર છે. પરંતુ કેનોપનિષદમાં ચાર કે પાંચ પ્રશ્ન પૂછીને જવાબ તરીકે બાકીનું ઉપનિષદ રોકયું છે; ત્યારે અથર્વવેદના સૂક્તમાં ૭૦ થી વધુ પ્રશ્ન પૂછ્યા છે. કેન ઉપનિષદમાં મન, પ્રાણ, વાણી, ચક્ષુ અને શ્રોત્રને કોણ પ્રેરે છે એટલો જ ઇંદ્રિય-વાચક પ્રશ્ન છે; ત્યારે અથર્વવેદના સૂક્તમાં કેવળ આધ્યાત્મિક – પિંડગત પ્રશ્ન પૂછીને સંતોષ માનવાને બદલે, આધિભૌતિક અને આધિદૈવિક બાબતો અંગે પણ પ્રશ્નો ઉપાડ્યા છે. જેમ કે —

"પુરુષની પાની કોણે બનાવી છે? કોણે તેમાં માંસ ભર્યું છે? કોણે બે ઘૂંટણ જોડ્યા? કોણે કુશળ આંગળીઓ બનાવી? કોણે ઇંદ્રિયોનાં છિદ્રો બનાવ્યાં? કોણે વચ્ચે કેડને ટેકવી છે? બે ઢીંચણ

---

૧. ઉતારા માટે જુઓ પુસ્તકને અંતે પુરવણી-૪.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર ચોખંડું ઘડ કોણે ગોઠવ્યું છે? આ બે કાન, બે નાસિકા, બે આંખ અને મુખ એમ સાત છિદ્રો શિરમાં કોણે ખોદ્યાં છે? જીભને બે જડબાંમાં મૂકીને, તેને મોટી વાણી જોડી આપી છે. આ પુરુષનું મસ્તિષ્ક, લલાટ, માથાનો પાછલો ભાગ, ખોપરી અને જડબાંનો જોડ – એ બધું પ્રથમ જોડીને પછી જે દ્યુલોકમાં ચડી ગયો, અર્થાત્ મસ્તકમાં આવેલા હિરણ્મય કોશમાં સ્થિત થયો, તે દેવ કોણ?

"બહુ પ્રિય અને અપ્રિય, નિદ્રા, પીડા અને થાક, આનંદ અને નંદ, વળી પીડા, પાયમાલી, અધોગતિ, દુઃખ તથા સિદ્ધિ, સમૃદ્ધિ, મતિ, ઉદય – એ બધું ક્યાંથી આવે છે?

"આ પુરુષમાં સર્વત્ર નદીની પેઠે વહેતા પ્રવાહો કોણે બનાવ્યા છે? આ પુરુષમાં રૂપ, કદ, નામ, ગતિ, જ્ઞાન, ચરિત્ર – એ કોણે મૂક્યાં છે? એમાં પ્રાણ, અપાન, વ્યાન, સમાન એ વાયુ કોણે વણ્યા છે?

"ક્યા એક દેવે આ પુરુષમાં યજ્ઞ સ્થાપ્યો છે? ક્યાએ એનામાં સત્યને સ્થાપ્યું છે? કોણે અસત્યને? ક્યાંથી મૃત્યુ? ક્યાંથી આફત? પ્રજાતંતુ વિસ્તરતો રહે તે માટે એનામાં વીર્ય કોણે મૂક્યું? મેધા, સંગીત અને નૃત્ય કોણે મૂક્યાં?

"શાના વડે મહિમામાં પુરુષ પર્વતોની બરોબરી કરે છે? શાના વડે તે વરસાદને પ્રાપ્ત કરે છે? શાના વડે સોમને, યજ્ઞને અને શ્રદ્ધાને? કોણે એનામાં મન મૂક્યું છે? કોના વડે તે શ્રોત્રિય – ગુરુને પ્રાપ્ત કરે છે? કોના વડે પરમેષ્ઠીને, અગ્નિને?

"બ્રહ્મ વડે શ્રોત્રિયને પ્રાપ્ત કરે છે, બ્રહ્મ વડે પરમેષ્ઠીને, અગ્નિને.

"કોના વડે પૃથ્વી સ્થપાઈ છે? કોના વડે આકાશ ઉપર તોળાયું છે?

"બ્રહ્મ વડે પૃથ્વી સ્થપાઈ છે; બ્રહ્મ વડે આકાશ ઉપર તોળાયું છે.

"આ પુરુષનું શિર સુરક્ષિત દેવકોશ છે. પ્રાણ, અન્ન અને મન તેનું રક્ષણ કરે છે. એ પુરને કારણે પુરુષ કહેવાય છે. બ્રહ્મના પુરને જે જાણે છે, તે સર્વરૂપ બની રહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"અમૃતથી ઢંકાયેલા બ્રહ્મના તે પુરને જે જાણે છે, તેને બ્રહ્મ તેમ જ બ્રહ્મના (અગ્નિ, વાયુ, ઇંદ્ર, વરુણ આદિ) દેવો ચક્ષુ, પ્રાણ અને પ્રજા આપે છે.

"આઠ ચક્ર અને નવ દ્વાર વાળી દેવોની આ અજેય (અયોધ્યા) કિલ્લાવાળી નગરી છે. તેમાં પ્રકાશથી વીંટાયેલો, સ્વર્ગ, સુવર્ણકોશ (હિરણ્યય કોશ) છે. તે કોશમાં જે આત્મન્વત્ યક્ષ છે, તેને બ્રહ્મજ્ઞાનીઓ જાણે છે.

"તેજસ્વી, સુવર્ણ જેવા રંગની અને યશથી વીંટળાયેલી અપરાજિતા હિરણ્મયી નગરીમાં બ્રહ્મે પ્રવેશ કર્યો છે."

અથર્વવેદના આ સૂક્તમાં પરબ્રહ્મ માટે વપરાયેલો 'યક્ષ' શબ્દ અને તેના પરમધામ માટે વપરાયેલો 'સ્વર્ગ' શબ્દ કેનોપનિષદની આખ્યાયિકામાં આવતા તે શબ્દો સમજવામાં મદદગાર થાય તેવા છે.

અર્થાત્ પિંડ અને બ્રહ્માંડ સરજી, 'આત્મન્વત્ યક્ષ' અર્થાત્ આત્મારૂપે પરબ્રહ્મ મસ્તિષ્કમાં આવેલ બ્રહ્મપુરમાં સ્થિત્ થયેલ છે. તેનો બ્રહ્મજ્ઞાની સાક્ષાત્કાર કરે છે. અથર્વવેદના આ સૂક્તમાં પણ કેનોપનિષદનો જ પદાર્થ કહ્યો છે – પણ પોતાની વેદગંભીર શૈલીમાં. અથર્વવેદના સૂક્તમાં તેમ જ કેનોપનિષદમાં માત્ર બ્રહ્મનું અસ્તિત્વ જ નિશ્ચયપૂર્વક સ્થાપિત કર્યું છે; તેને માટે બીજી દલીલ કરવાની જરૂર નથી માની. તેના સાક્ષાત્કાર માટે પણ કશો સાધનામાર્ગ દર્શાવવાની વિગતમાં બેમાંથી કોઈ ઊતર્યું નથી. એ કદાચ ગુરુ અને શિષ્ય વચ્ચેની વાત છે. એનો જાહેર ઉપદેશ ન હોય. જ્ઞાની ગુરુ જ અધિકારી શિષ્યને તે બતાવી શકે. અને તેમાં પણ વ્યક્તિ દીઠ અમુક કોટી-ક્રમ હોય. એ જીવનમાંથી જીવન વડે મેળવવાની વસ્તુ કહેવાય. તેનો માત્ર શ્રવણ-સિદ્ધ જ્ઞાન-માર્ગ ન હોઈ શકે.

છતાં બ્રહ્મ વસ્તુનું સ્થાપન એ જ એક અગત્યની બાબત નથી? જીવનના મૂળ તરીકે – સત્ય તરીકે તમે શું સ્વીકારો છો અથવા નથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વીકારતા, એના ઉપર જ સઘળો આધાર છે. ઉપનિષદ – વેદ આપણને એ સત્ય દર્શાવી આપે છે — કોઈ તર્કને જોરે નહિ, પણ પોતાના 'શ્રુતિ'-પણાને જોરે. જોકે શ્રુતિનો અર્થ કરવામાં પણ અનેક તરંગો સંભવે છે. પરંતુ તે બધાનું નિરાકરણ તો જીવનની શોધમાંથી જ શક્ય છે. શ્રુતિ તો માત્ર અપૂર્ણ મનુષ્યબુદ્ધિને પડકાર આપીને જ કૃતાર્થ થાય છે.

કેનોપનિષદ એ બાબતમાં વળી વિશેષે કરીને પડકાર આપે છે. અને એમાં એનું મહત્ત્વ પણ છે. જે જે ઉપાસનાઓ બ્રહ્મને નામે ચાલતી હોય છે, અથવા બ્રહ્મનાં જે જ્ઞાનો પ્રચલિત થયાં હોય છે, તે બધાંને નામ દીધા વિના કે તેમનું વર્ણન પણ કર્યા વિના — એકસામટાં તેણે ફગાવી દીધાં છે. એ બાબતમાં પોતાની બુદ્ધિ કે સમજથી કોઈ ને કોઈ જડ ચોકઠું ઊભું કરી દેવું, એ જ કદાચ તેના જ્ઞાનમાં મોટામાં મોટી આડ છે.

૫

કેનોપનિષદમાં પછીનો અર્ધો ભાગ (ત્રીજો અને ચોથો ખંડ કુલ ૩૪ કડીમાંથી પંદર કડી) ગદ્યરૂપ છે. અને તેમાં યક્ષની આખ્યાયિકા છે. ઉપનિષદનો શરૂઆતનો અર્ધો ભાગ પદ્યમાં છે, અને તેમાં બ્રહ્મને શરીર-ઇંદ્રિયની ક્રિયાઓના પ્રેરક બળ તરીકે મુખ્યત્વે રજૂ કરેલ છે; ત્યારે પછીના ગદ્ય ભાગમાં બ્રહ્મને મુખ્યત્વે બાહ્ય અર્થાત્ વિવિધ વિશ્વશક્તિઓ — દેવોના ચાલક બળ તરીકે રજૂ કરેલ છે. ભાષા અને રૂપની દૃષ્ટિએ ગદ્ય ભાગને પદ્ય ભાગ કરતાં વધુ પ્રાચીન ગણવામાં આવે છે. જોકે ઉમા હૈમવતીનો ઉલ્લેખ એ માન્યતાને બાધારૂપ છે. એ ઉલ્લેખ કંઈક વિશેષ વિગતે સમજવાની જરૂર છે.

પછીના પુરાણકાળમાં તો હિમવતની પુત્રી તપ કરીને શિવને પતિ તરીકે મેળવે છે, અને તેનું દારુણ તપ જોઈ તેની માતા મેનકા તેને ઉ – મા — અરે, નહિ (આટલું બધું કઠોર તપ ન આચર) એમ કહ્યા કરતી, તેથી તેનું નામ ઉમા પડ્યું — એવી વાત પ્રસિદ્ધ છે. જો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે, તૈત્તિરીય આરણ્યક (૧૦–૧૮) જેટલા જૂના સમયમાં પણ રુદ્રને માટે 'ઉમાપતિ' એ નામ વપરાયેલું જોવા મળે છે. અને તેમાં જ (૧૦–૧૬) રુદ્રને પરમ દેવ, પરમ તત્ત્વ રૂપે જ સંબોધ્યા છે— "વિશ્વમાં જે કાંઈ છે, તે રુદ્રરૂપ છે. તે જ પુરુષ છે. . . . જે વિવિધ વિશ્વ થયું છે, થાય છે, અને થવાનું છે, તે બધું રુદ્રરૂપ જ છે." ઋગ્વેદમાં રુદ્રનો વીજળીરૂપી હથિયાર ધારણ કરનાર (યા તે વિદ્યુદવ-સૃષ્ટા ૭–૪૬–૩), શર્મ, કલ્યાણસુખ આપનાર (શર્મ નઃ યચ્છ ૧–૧૧૪–૧૦), બળવાન, જટાધારી અને વીરોના અધિપતિ તરીકે ઉલ્લેખ છે (તવસે કપર્દિને ક્ષયદ્વીરાય ૧–૧૧૪–૧). કૃષ્ણયજુર્વેદમાં (૪–૫–૧૦) તેમની સ્તુતિ કરતાં જણાવ્યું છે, 'હે રુદ્ર, તમારું જે કલ્યાણકારી રૂપ છે, જે દુઃખમાત્રને માટે ઔષધરૂપ તથા મુક્તિનું સાધન હોઈ કલ્યાણકારી છે, તે રૂપ વડે તમે અમને આનંદ આપો.'

ઋગ્વેદમાં દશમા મંડળમાં (૧૦–૨૫) જે દેવીસૂક્ત છે, તેમાં જગતની આદ્યા ચિત્શક્તિનું સ્તવન કરેલું મનાય છે. તેમાં તે દેવી કહે છે કે, "હું બધા દેવો સાથે સંચાર કરું છું અને ઇન્દ્ર, વરુણ, અગ્નિ વગેરે દેવોનું ધારણ–પોષણ કરું છું (વિભર્મિ ૧૦–૧૨૫–૧૦). હું સર્વત્ર અવસ્થિત (મૂરિસ્થાત્રા ૧૦–૧૨૫–૩) તથા અનેક પ્રકારે આવેશ પૂરનારી છું (આવેશયન્તીમ્ ૧૦–૧૨૫–૩). મને ન માનીને ચાલનાર ક્ષય પામે છે. જેના ઉપર હું પ્રસન્ન થાઉં છું, તેને સુમેધાવાન બનાવું છું. બ્રહ્મનો દ્વેષ કરનારને હણવા રુદ્રનું ધનુષ્ય હું જ ખેંચી આપું છું. સર્વત્ર હું પવનની પેઠે વાઉં છું અને પ્રારંભકાળમાં સકળ વિશ્વોને જન્મ આપું છું (૧૦–૧૨૫–૮)".

અર્થાત્ આ બધા ઉલ્લેખો લક્ષમાં રાખી આપણે ઉમાને બ્રહ્મની ચિત્શક્તિ કે આદ્યા શક્તિરૂપે જ સમજવી જોઈએ. જગજ્જનની જેવી તે જ માતાની પેઠે સંભાળ રાખી, પોષણ આપતી, બ્રહ્મના સાક્ષાત્કારને માર્ગે લઈ જઈ શકે. પછીના સમયમાં જનની સ્વરૂપે જ પરમતત્ત્વને પૂજવાનો શક્તિસંપ્રદાય પ્રચારમાં આવ્યો, તે આપણે જાણીએ છીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવી ભાગવતમાં દશમસ્કંધમાં આઠમા અધ્યાયમાં યક્ષની આખી આખ્યાયિકા ૯૩ શ્લોકોમાં વિગતે આપી છે. તેમાં કેનોપનિષદની આખ્યાયિકાને પુરાણની શૈલીમાં વણી લીધી છે.*

જેમ કે, મહાગર્વિષ્ટ દૈત્યોએ દેવો સાથે યુદ્ધ કર્યું. જગતનો ક્ષય કરનાર એ યુદ્ધમાં પરાશક્તિની કૃપાથી દેવો જીત્યા. પણ પછી એ વિજય પોતાના જ મહિમાને કારણે થયો, એમ દેવો ઘમંડવાળા બનીને કહેવા લાગ્યા. ત્યારે પરાશક્તિનો પ્રભાવ જાણ્યા વિના તેમને આમ મોહવશ બનેલા જોઈને, તેમના ઉપર અનુગ્રહ કરવા જગત્જનની યક્ષ-રૂપે પ્રગટ થઈ. પહેલાં કદી ન દેખેલું એ પરમ સુંદર તેજ જોઈને, વિસ્મયમાં પડી ગયેલા દેવો 'આ શું, આ શું?' એમ પૂછવા લાગ્યા. આ તે દૈત્યોનું કંઈ કરતૂક તો નથી?

પછી દેવોના રાજા ઇંદ્રે અગ્નિને બોલાવીને કહ્યું, તું અમારા સૌનું ઉત્તમ મુખ છે. માટે તું જઈને જાણી લાવ કે આ યક્ષ કોણ છે. જેથી એકબીજાનું બળ જાણ્યા બાદ, તેનો કંઈ પ્રતિકાર વિચારી શકાય!

અગ્નિ યક્ષ સમીપ ગયો. યક્ષે તેનું નામ પૂછ્યું તથા તેની સર્વને બાળનારી તાકાત તેને મોંએ સાંભળી. પણ પછી યક્ષે બાળવા નાખેલા તણખલાને અગ્નિ બાળી ન શક્યો, ત્યારે તે છોભીલો બની પાછો આવ્યો — વગેરે વાત કેનોપનિષદ પ્રમાણે જ આગળ ચાલે છે. પછી વાયુ પણ એ પ્રમાણે છોભીલો પડી પાછો આવ્યો, ત્યારે બધા દેવોએ ઇંદ્રને કહ્યું કે, તું દેવોનો રાજા છે, માટે તું યક્ષનું સાચું સ્વરૂપ જાણી લાવ.

ઇંદ્ર મહાગર્વથી યક્ષ સમીપ દોડી ગયો. પણ તે યક્ષ તો તેની આગળથી અંતર્ધાન જ થઈ ગયું! ઇંદ્રને તો યક્ષ સાથે વાત કરવાની પણ ન મળી. તેથી તે અતિશય લજ્જિત થઈ ગયો. પોતાનું આવું

---

* જુઓ પુસ્તકને અંતે પુરવણી - ૫.

पुस्तकालय
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોં લઈ દેવો સમક્ષ જવા કરતાં પ્રાણત્યાગ કરવો શો ખોટો – એમ તે વિચારવા લાગ્યો.

તે જ ક્ષણે અંતરિક્ષમાં આકાશવાણી થઈ કે, 'હે ઇંદ્ર, તું તપપૂર્વક જપ કર; આમ દુઃખી થવાની જરૂર નથી.' એ સૂચના મુજબ ઇંદ્ર ધ્યાનસ્થ બેઠો. તેવામાં અકસ્માત એ જ સ્થળે એ જ તેજ પ્રગટ થયું. એ તેજોમંડળની વચમાં એક તરુણ કુમારી તેણે જોઈ. સર્વ કારણોના કારણરૂપ કલ્યાણમયી, ઉમા નામની હૈમવતી દેવીને પોતાની સમક્ષ જોતાં જ ઇંદ્રની આંખો પ્રેમાશ્રુથી ભરાઈ આવી અને તેની સ્તુતિ કરીને તેણે પૂછ્યું, "એ યક્ષ કોણ હતું અને ક્યાંથી પ્રગટ થયું હતું, તે મને તમે કહો." તેનું વચન સાંભળી કરુણાની સાગર ઉમાદેવીએ જવાબ આપ્યો, "સર્વ કારણોના કારણરૂપ એ બ્રહ્મ હતું. માયાનું અધિષ્ઠાનભૂત, સર્વસાક્ષી, ઉપદ્રવ રહિત એવા તે પદનું વેદો વર્ણન કરે છે; બધાં તપો એને માટે જ કરવામાં આવે છે. રૂપવર્જિત એવું એ બ્રહ્મ મારું જ રૂપ છે. હું જ સર્વ જગતને સર્જીને તેની અંદર પ્રવેશીને જીવને યથાકર્મ, યથાશ્રુત હંમેશાં પ્રેરું છું. મારા જ ભયથી સૌ પોતપોતાનાં કાર્યો કરે છે. કદાચિત દેવોનો વિજય થાય છે, કદાચિત દૈત્યોનો. વિવિધ જીવોનાં કર્મો અનુસાર એ બધું હું કરું છું. પણ સર્વાત્મિકા એવી મને ભૂલીને તમે સૌ અહંકારથી આવૃત થઈ, મોહને પામ્યા હતા. તેથી તમારા ઉપર અનુગ્રહ કરવા, તમારા દેહોમાંથી મારું અપૂર્વ તેજ યક્ષ રૂપે બહાર પ્રગટ થયું હતું. માટે હવેથી દેહને કારણે ઊભા થયેલા ગર્વને સર્વભાવે તજીને સચ્ચિદાનંદરૂપ મારે શરણે જ આવો."

દેવીનું ભાગવત હોવાથી એમાં પરમતત્ત્વ – તરીકે સચ્ચિદાનંદ-લક્ષણા ચિન્મયી ભગવતીનું નામ છે; પરંતુ વાર્તાનું તાત્પર્ય કેનોપનિષદના જેવું જ છે કે, આ જગતમાં દૃષ્ટિગોચર થતી આધિ-દૈવિક કે આધ્યાત્મિક શક્તિઓની પાછળ એક પરમ શક્તિ ગૂઢ રહેલી છે. જગતની દૃષ્ટ સર્વ શક્તિઓનું શક્તિપણું એ પરમશક્તિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

— પરમ તત્ત્વનું છે, એ વસ્તુ રોજિંદા વ્યવહારમાં લક્ષમાં નથી આવતી અને પોતાના વિજયમાં મસ્ત બનીને સર્વશક્તિઓ — સર્વ જીવો — વિલસે છે. પણ એ અસત્ય.— એ મિથ્યાત્વ સર્વ કાળ ટકી શકતું નથી; મોડા યા વહેલા વિજયી બનેલી આ દૃષ્ટ શક્તિઓએ પોતાનું મિથ્યાભિમાન છોડયે જ છૂટકો છે. કેનોપનિષદ તો કહે છે કે, એ પરમ શક્તિ — પરમ સત્યને ન જાણવું એ તો મહતી વિનષ્ટિ — સત્યાનાશ — છે. અલ્પ દેવ-માનવ જીવનમાં સૌ કોઈને એ અનુભવ મેળવવાનું સૌભાગ્ય નયે પ્રાપ્ત થાય; — યુદ્ધના ઉન્માદમાં, વિજયના ઉન્માદમાં — સમય વીતી જાય; પણ તેથી તે સ્થિતિ અમર રહેતી નથી — એ સ્વર્ગ નથી.

કેનોપનિષદ પોતાની અર્થગંભીર વાણીમાં એ ચેતવણી આપે આપે છે. એથી વિશેષ એ કંઈ દલીલ કરતું નથી કે ઉપદેશ આપતું નથી. સત્યનિષ્ઠા, અને તપ – ધર્મ – કર્મ યુક્ત જીવનથી જ દરેકે એ ખોજ — મહાપ્રશ્ન જીવનમાં હાંસલ કરવાં જોઈએ; બીજાના કહ્યાથી કે બીજાની દેખાદેખી એ વસ્તુ ઊભી કરવા જતાં 'બાવાનાં બેઉ બગડે' એવો ઘાટ થાય. અને એવી જ કોઈ બાબતના અનુસંધાનમાં કેનોપનિષદ વિવિધ ઉપાસનાઓમાં રત કે પોતાને જ્ઞાતા — વિજ્ઞાતા માનનારાઓને સીધી ભાષામાં સંભળાવી દે છે કે — તું ઉપાસે છે એ તે નથી; કે તું પોતાને જાણકાર માનતો હોય તો તે ખોટી વાત છે! એ વસ્તુ નોંધપાત્ર છે કે, કેનોપનિષદ તેના બદલામાં કોઈ 'સાચી' ઉપાસના કે 'સાચું' જ્ઞાન રજૂ કરવાનો દાવો નથી કરતું. કદાચ તેનું કારણ એ જ હોય કે, આ બધા અતિપ્રશ્ન જીવનમાંથી — જીવનના અનુભવના સારરૂપે ઉદ્ભવવા જોઈએ. બીજાઓની વાત સાંભળીને એ પ્રશ્નો પોતામાં ઊભા થયેલા માનીને પ્રયત્ન કરવા જનારા કદાચ પેલા કરતાં પણ મોટી વિનષ્ટિ વહોરી બેસે!

અને છતાં કેનોપનિષદ સૌ પ્રત્યેની કેવળ મહાકરુણાથી યક્ષપ્રશ્ન તો સૌ સમક્ષ રજૂ કરતું જ જાય છે! વિજયના ઉન્માદમાં પડયા ન રહો! આ અમૃતત્વ નથી! આ સ્વર્ગ નથી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને એ જ આ ઉપનિષદની મહત્તા છે. તેના વિદ્વાન અનુવાદક-વિવેચકે મુણ્ડકોપનિષદની પેઠે જ તેને પદ – અર્થ, અન્વય, ભાષાંતર અને ઉચિત વિવરણથી શોભાવ્યું છે; અને પ્રાચીન ભાષ્યાદિકને અંધપણે વળગી રહેવાને બદલે ઉચિત લાગે ત્યાં મૂળને વફાદાર રહી જુદો અન્વય અને અર્થ નિરૂપ્યો છે. આવા જીવનગંભીર પ્રાચીન ગ્રંથો વિદ્વત્તા કે પાંડિત્યનો વિષય નથી. શબ્દો સમજાય પણ કદાચ અંદરનો મર્મ છતો નયે થાય. એટલે આવા પ્રાચીન ગહન ગ્રંથો યોગ્ય પુરુષને મુખે જ સાંભળવાનો વ્યવહાર પ્રાચીન કાળથી સ્વીકારાતો આવ્યો છે, એ અર્થયુક્ત છે.

વિદ્વાન સંપાદક પોતાની આવી સુભગ શૈલીમાં બીજા પણ ઉપનિષદગ્રંથો ગુજરાતી જિજ્ઞાસુ વર્ગને સુલભ કરી આપશે, એવી આશા રાખીએ.

ગોપાળદાસ પટેલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેનોપનિષદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હરિઃ ૐ

દરેક ગ્રંથની શરૂઆત પ્રાર્થના કે મંગળવાક્ય અથવા શાંતિપાઠથી કરવાના આપણા પ્રાચીન રિવાજ મુજબ, કેન ઉપનિષદ નીચેના મંગળવાક્ય કે શાંતિપાઠથી શરૂ થાય છે :

શાંતિપાઠ

ૐ आप्यायन्तु ममाङ्गानि वाक् प्राणश्चक्षुः श्रोत्रमथो बलमिन्द्रियाणि च सर्वाणि; सर्वं ब्रह्मौपनिषदं; माहं ब्रह्म निराकुर्याम्, मा मा ब्रह्म निराकरोद् अनिराकरणमस्त्वनिराकरणं मेऽस्तु; तदात्मनि निरते य उपनिषत्सु धर्मास्ते मयि सन्तु, ते मयि सन्तु ।।

।। ૐ शांतिः शांतिः शांतिः ।।

પદાર્થ

आप्यायन्तु = પરિપુષ્ટ અને પૂર્ણ થાઓ, પૂર્ણ વિકાસ પામો मम = મારાં अंगानि = શરીરનાં અંગો, અવયવો वाक् = વાચા, વાણી, જિહ્વેન્દ્રિય प्राणः = પ્રાણશક્તિ, શ્વાસોચ્છ્વાસની પ્રક્રિયા, શરીરનું પ્રાણાભિસરણ चक्षुः = ચક્ષુ, આંખ श्रोत्रम् = શ્રવણેન્દ્રિય, કાન अथ = અને, તથા बलम् = બળ, શક્તિ इन्द्रियाणि = ઇન્દ્રિયો च = અને सर्वाणि = (બીજી) બધી.

सर्वं = સર્વ, બધું, જે કાંઈ છે તે બધું — કુલ દૃશ્ય, અથવા અંગો, ઇન્દ્રિયો, બલ ઇ૦ બધું ब्रह्म = બ્રહ્મ औपनिषदम् = ઉપનિષદોમાં આવતું, ઉપનિષદોમાં કહેલું – વર્ણવેલું – બતાવેલું – ઉપદેશેલું. मा = મા, ના, નહિ अहं = હું ब्रह्म = બ્રહ્મને निराकुर्याम् = તરછોડું, ઇન્કારું, ન માનું, ઉવેખું કે અવગણું, ધુત્કારી કાઢું; मा = ના, નહિ मा = મને ब्रह्म = બ્રહ્મ निराकरोत् = તરછોડે, ધુત્કારી કાઢે; अनिराकरणम् = (બ્રહ્મનો)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇન્કાર, ઉપેક્ષા, અવગણના કે અવમાન્યતાનો અભાવ; સ્વીકાર, માન્યતા, સંબંધ अस्तु = હો, થાઓ अनिराकरणम् = (ઉપર જુઓ) मे = મારું अस्तु = હો, થાઓ. तद् = તેથી, એમ आत्मनि = આત્મામાં, ઇન્દ્રિયાદિથી પર એવા ચિદંશમાં निरते = નિમગ્ન થયે ये = જે બધા उपनिषत्सु = ઉપનિષદોમાં (કહેલા) धर्माः = ધર્મો, લક્ષણો, ગુણો ते = તે બધા मयि = મારામાં सन्तु = હો; તે मयि सन्तु ॥

ॐ शांतिः शांतिः शांतिः ॥

અન્વય

ॐ मम अंगानि, वाक्, प्राणः, चक्षुः, श्रोत्रम्, अथ बलम्, सर्वाणि च इंद्रियाणि आप्यायन्तु । सर्वं औपनिषदम् ब्रह्म (अस्ति) । ब्रह्म अहं मा निराकुर्याम्, मा ब्रह्म मा निराकरोत् । (एवम्) अनिराकरणम् अस्तु, मे अनिराकरणम् अस्तु । तद् ये धर्माः उपनिषत्सु (सन्ति), ते आत्मनि निरते मयि सन्तु, ते मयि सन्तु ॥

ॐ शांतिः शांतिः शांतिः ॥

અર્થ

મારાં (બધાં) અંગ, વાણી, પ્રાણ, આંખ, કાન તથા બળ, અને (તે ઉપરાંત) બધી ઇંદ્રિયો પરિપુષ્ટ થઈને પૂર્ણ વિકાસ પામો. (આ બધાં સાધનો દ્વારા પ્રતીત થતું) આ બધું (દૃશ્ય માત્ર) ઉપનિષદો જેને બ્રહ્મ કહે છે તે છે. એ બ્રહ્મનો હું ઇનકાર ન કરું; તે બ્રહ્મને હું ન ભૂલું. (સામેથી) બ્રહ્મ મને ન ભૂલે–ન તરછોડે. એ પ્રમાણે (મારા તરફથી) બ્રહ્મનો ઇનકાર ન હો; એ બ્રહ્મ મારો ઇનકાર ન કરે. (સર્વમાં રહેલો હું અને સર્વરૂપ એવું એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રહ્મ વિખૂટાં ન લાગીએ; એના તાદાત્મ્યનો મને વિસારો ન પડો.) અને એમ, ઉપનિષદોમાં જે ગુણો (સાધક કે જિજ્ઞાસુને માટે જરૂરના) કહેલા છે, તે ગુણો (બ્રહ્મરૂપ) આત્મામાં નિરત એવા મારામાં હો; તે બધાં લક્ષણો મારામાં હો.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

[આ શાંતિપાઠના મંત્ર ઉપરાંત કેટલીક જગાએ વધારેનો બીજો શાંતિપાઠ પણ હોય છે તે ૐ સહનાવવતુ . . . . ૪૦.

પરંતુ આ ઉપનિષદમાં જે વસ્તુ આવે છે તે વસ્તુની પરિભાષામાં પ્રાર્થના કરતો શાંતિપાઠ તો ૐ આપ્યાયન્તુ મમાંગાનિ . . . છે. કેન ઉપનિષદ બ્રહ્મ પદાર્થનું સ્થાપન કરે છે. તે એમ કહે છે કે વિશ્વની જે કાંઈ મૂળ શક્તિ કે ચેતન-બળ છે, તે મન, વાણી કે કોઈ ઇંદ્રિય નથી, પણ બ્રહ્મ છે.

આ સત્ય સમજવાને માટે તે ઉપનિષદ જાણવા માગનાર શિષ્ય પ્રાર્થના કરે છે કે, તેને માટે મારી બધી શક્તિ અને બળ પરિપૂર્ણ ખીલો; કેમ કે, તે વિના જીવન સમજી જ ન શકાય. પરંતુ ઉપરાંતમાં એટલું પણ વાંછે છે કે, 'એની અંદર જ બધું આવી ગયું, તે ઉપરાંત પછી કાંઈ છે જ નહીં, એવું મારું ન થાઓ. એ તો બ્રહ્મનો ઇનકાર થાય. એમ બ્રહ્મનો હું ઇનકાર ન કરું; મારા જીવનમાં એવી અંધતા ન હો કે જેથી તેના ચાલકબળ એવા બ્રહ્મને હું નીરખી ન શકું.'

આવી ઇચ્છાવાળો મનુષ્ય આત્મરત થવા માંડે, આત્મામાં નિરત બને. તેવો તે બને, એટલે જે ગુણો બ્રહ્મને પામવાને જોઈએ તે એનામાં હોય, એ સ્વાભાવિક છે. તેથી છેવટે પ્રાર્થના કરે છે કે, 'હું એ બ્રહ્મને પામવાને લાયક ગુણોવાળો થાઉં: ઉપનિષદોમાં કહેલા ધર્મો મારામાં આવો.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પ્રાર્થનામાં ધ્યાનપાત્ર એક મુદ્દો એ છે કે, એક તરફથી માગવામાં આવે છે કે, મારાં અંગો – ઇંદ્રિયો, બળ, પ્રાણશક્તિ – એ બધું પરિપુષ્ટ બનો. તો પછી વધુ જોઈએ શું? પછી કઈ તરફની અતૃપ્તિ, ઊણપ કે ઓછપ રહે? સામાન્ય ઇંદ્રિયારામી જીવનમાં રાચનારાને તે ન રહે, એ ખરું. પણ અહીં એવાની વાત નથી. અહીં એવો માણસ છે કે જે શ્રદ્ધાથી એમ માને છે કે,

सर्वम् ब्रह्म औपनिषदम् ।

આ બધું પેલું પરિપુષ્ટ કે પર્યાપ્ત ઇંદ્રિય-જીવન નથી; આ તો બ્રહ્મ છે એમ ઉપનિષદ કહે છે; ને તેમાં એને શ્રદ્ધા છે.

અને તેથી એ પ્રાર્થના કરે છે કે, હું આ તત્ત્વજ્ઞાનનો ઘાતક ન બનું; હું એને રદબાતલ ગણીને ચાલનાર ક્ષુદ્ર ન બનું. અને તેથી તે એને માટેના લાયક ગુણો માટે માગણી કરે છે.

અને આ ઉપનિષદ જીવન અંગેના આ મુખ્ય મુદ્દાનો જ નિકાલ મુખ્યત્વે આપે છે. તે કહે છે કે, જીવનનો આખરી અંત તેનાં અંગો, ઇંદ્રિયો, મન, પ્રાણ કે બળ છે એવું નથી, પણ બ્રહ્મ છે. તેનું 'અ-નિરાકરણ' આપણે કરીએ; તેને ભૂલીને ન ચાલીએ; તે આપણી નજરથી દૂર ન હો. હાજરાહજૂર રહેલું તે જ છે, છતાં ન સમજીએ તે કેવું! એ તો 'મહતી વિનષ્ટિ' કહેવાય. તેથી માનવ જીવ પ્રાર્થના કરે છે કે, એમ ન થાઓ; સંપૂર્ણ જીવનનું દર્શન કરવાને માટે જે ગુણો જોઈએ તે હું પામું. ઇતિ શમ્]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રથમ ખંડ

૧

ગ્રંથબીજક પ્રશ્ન

સામાન્ય રીતે ઉપનિષદોની શૈલી પ્રશ્નોત્તરીની હોય છે. પૂર્વે થયેલો અમુક ગુરુ-શિષ્ય-સંવાદ કાનોકાન ચાલતો આવ્યો હોય, તેને તેમાં ઉતારવામાં આવ્યો હોય, એવું જોવા મળે છે.

એટલે કાનોકાન આવેલી આવી શ્રુતિપરંપરા પણ, તેના ઇતિહાસની નોંધ રૂપે, શરૂમાં ઉપનિષદોમાં કહેવાય છે. જેમ કે, જુઓ મુંડકોપનિષદ. પણ કેન ઉપનિષદમાં એવી કશી પરંપરા કે કાંઈ નોંધ મળતાં નથી. ગ્રંથની આદિ પ્રાર્થનાની ચર્ચા કરતાં જોયો તે મૂળ વિચાર લાગલો જ પહેલા મંત્રમાં સીધા પ્રશ્ન રૂપે શરૂ થાય છે.

અને એ પ્રશ્ન કોણ કરે છે તે પણ તેમાં નથી કહ્યું. કોણ ઉત્તર આપે છે તેનું નામ પણ મળતું નથી. બનવા જોગ છે કે, આવું બધું પૂર્વે હોય અને કાળાન્તરે તેનો પાઠ ખોવાઈ જઈ, જે રૂપે અત્યારે મળે છે, તેવું ને તેટલું ઉપનિષદ લોકો પાસે રહ્યું હોય. છતાં જે છે તે કોઈ રીતે ખંડિત છે કે તેથી સમજવામાં અડચણ આવે છે, એવું નથી. આ એક સરળમાં સરળ ને સીધી વાત કરતું ઉપનિષદ છે. અને તેવી જ તેની મર્મગ્રાહી છતાં સરળ ભાષા છે. પહેલો જ મંત્ર સીધો ઉપનિષદની અને જ્ઞાનમાત્રની મૂળ વસ્તુ અંગે પ્રશ્ન કરે છે.

જિજ્ઞાસુ માણસ કોઈ જ્ઞાનીની પાસે જઈને જાણે પૂછે છે —

केनेषितं पतति प्रेषितं मनः
केन प्राणः प्रथमः प्रैति युक्तः ।
केनेषितां वाचमिमां वदन्ति
चक्षुः श्रोत्रं क उ देवो युनक्ति ।। १–१ ।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પદાર્થ

केन = કોના વડે, કોણે इषितं = ઇચ્છેલું, ઇચ્છાયેલું पतति = પડે છે, જાય છે प्रेषितम् = મોકલાયેલું, પ્રેરાયેલું मनः = મન, ચિત્ત;

केन = કોના વડે, કોણે प्राणः = પ્રાણ प्रथमः = પ્રથમ, પહેલો प्रैति = જાય છે युक्तः = યોજાયેલો, મુકાયેલો, લગાડાયેલો;

केन = કોના વડે, કોણે इषितां = ઇચ્છેલી, ઇચ્છાયેલી वाचम् = વાચાને, વાણીને इमाम् = આ वदन्ति = વદે છે, બોલે છે;

चक्षुः = ચક્ષુ, આંખ श्रोत्रम् = શ્રવણ, કાન कः = કયો, કોણ उ = ખરે! (પાદપૂર્તિ માટે) देवः = દેવ, તેજસ્વી, બલવાન પુરુષસત્ત્વ, ચેતન युनक्ति = યોજે છે, મૂકે છે, લગાડે છે.

અન્વય

केन इषितं प्रेषितं मनः पतति? केन युक्तः प्रथमः प्राणः प्रैति? केन इषिताम् इमाम् वाचम् वदन्ति? कः उ देवः चक्षुः श्रोत्रं युनक्ति?

અર્થ

કોણે ઇચ્છા કરીને મોકલ્યાથી મન (તેના વિષયો પર જઈને) પડે છે? કોણે (તેના જીવનધારણના કામમાં) યોજવાથી પહેલો પ્રાણ (તેમાં) જાય છે? કોણે ઇચ્છયાથી આ વાણી (લોકો) બોલે છે? ખરે! કયો દેવ આંખ કાનને (તેમનાં કામોમાં) યોજે છે? [૧-૧]

[ટૂંકામાં સવાલ એ છે કે, મનુષ્ય તેનો બધો વહેવાર ઇંદ્રિયો અને મન દ્વારા કરે છે, એ ચોખ્ખું છે; પણ તેનાં એ મન ઇંદ્રિયોને કોણ પ્રેરે છે? એમનું પ્રેરક બળ કયું છે? કોની ઇચ્છા પ્રમાણે એ બધાં વર્તે છે? ટૂંકમાં — આપણા વ્યાપારનું પ્રેરક અથવા ચેતન બળ શું છે? આપણને કોણ — કયો દેવ ચલાવે છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રશ્નમાં મનને કોણ પ્રેરે છે, આંખને કોણ પ્રેરે છે, કાનને કોણ પ્રેરે છે, વાણીને કોણ પ્રેરે છે, પ્રાણને કોણ પ્રેરે છે, એમ જુદું જુદું પૂછ્યું છે. પણ તેથી એમ નથી માન્યું કે પૂછ્યું કે, દરેકનાં પ્રેરક અલગ અલગ છે અને તે ક્યાં છે. આ બધાનો પ્રેરક દેવ કોણ છે? એક એવું જે તે દિવ્ય ચેતન બળ, તે શું છે? — એમ સવાલ કરે છે.

અતિપ્રશ્ન

સવાલનું સ્વરૂપ સમજાય તો અર્ધો તેનો ઉત્તર સમજાય. આ વસ્તુ અધ્યાત્મક્ષેત્રમાં તો ઘણી સાચી છે. શિષ્ય કે જિજ્ઞાસુ પુરુષ અહીંયાં શું પૂછે છે? એના પ્રશ્નનું ઊગમ-સ્થાન શું છે? આવો પ્રશ્ન એને ઊઠે છે શું કામ? જીવનનો અનુભવ લેતાં લેતાં શી વાત આગળ આવીને તે ઊભો છે, કે જ્યાં એને આ જાણવા સમજવાનું જરૂરી લાગે છે? જ્ઞાનમાત્રની પૂર્વ-ભૂમિકા આવી જિજ્ઞાસામૂલક અનુભૂતિ ન હોય તો જ્ઞાન ન નીપજે, એ સનાતન કાયદો છે.

ઉપનિષદોમાં આવતા સંવાદોમાં મોટે ભાગે આ પ્રકારની અંતિમ વાતો વિષેના પ્રશ્નો હોય છે. તેવા પ્રશ્નોને અતિપ્રશ્ન – વસ્તુના આત્યંતિક સ્વરૂપને સમજવાની જરૂરમાંથી નીપજતા પ્રશ્ન – કહે છે.* કેન ઉપનિષદનો આ પ્રશ્ન એ પ્રકારનો અતિપ્રશ્ન છે.

મનુષ્ય એટલે?

મનુષ્યની વ્યાખ્યાઓ અનેક અપાઈ છે. તેવી એક એ પણ છે કે, મનુષ્ય = જિજ્ઞાસુ પ્રાણી. તે બોલતું પ્રાણી છે; વિચારતું પ્રાણી છે; બુદ્ધિધારી પ્રાણી છે; બે પગે ચાલતું હાથવાળું કારીગર પ્રાણી છે; — આમ તેની વિશેષતા વર્ણવાય છે. આ બધી વિશેષતાઓનું કારણ એ છે કે, તે જિજ્ઞાસુ પ્રાણી છે. તે બોલે છે, વિચારે છે, બુદ્ધિ હાથ પગ વગેરે વાપરે છે; કારણ કે અંતે જોતાં તે એ બધા દ્વારા જાણવા

---

* જુઓ પ્રશ્નોપનિષદ – તૃતીય પ્રશ્ન – ૨ :—

. . . अतिप्रश्नान् पृच्छसि ब्रह्मिष्ठोऽसि इति . . .

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાહતું — જાણીને ધીર શાંત થવા ચાહતું પ્રાણી છે. તેના વ્યાપાર-માત્રની ઇતિ કે ફલશ્રુતિ, તે પોતે એમાંથી જે અનુભવ કે સમજ રૂપે જ્ઞાન ગાંઠે છે, તેમાં છે. ગીતાકાર કહે છે તેમ,

सर्वं कर्माखिलं पार्थ
ज्ञाने परिसमाप्यते । ४ – ३३ ।

— મન, વચન, કર્મ, બુદ્ધિથી જે બધું કરીએ છીએ તેનું શાશ્વત અંગ – તેનો સારભાગ તેમાંથી નીતરીને જે સમજણ કે જ્ઞાન યા અનુભવ કે સાક્ષાત્કાર મનુષ્યને મળે છે તે છે. કારણ કે, અંતે જોતાં, જીવનમાં એ જ રહે છે; કેમ કે મનુષ્યની ખાસિયત તેની જિજ્ઞાસા છે.

આ જિજ્ઞાસામાંથી બધી માનવ જ્ઞાન-વિજ્ઞાન-શાખાઓ જન્મે છે; એને તૃપ્ત કરવાના પ્રયત્ન રૂપે એ બધો બુદ્ધિ અને પ્રજ્ઞાનો તેનો વ્યાપાર હોય છે. એટલે મનુષ્યની એક મોટી વ્યાખ્યા એ છે કે, તે જિજ્ઞાસુ પ્રાણી છે; તેનો બધો વ્યાપાર આ લક્ષણને આભારી છે.

જિજ્ઞાસાનું સ્વરૂપ

આ જિજ્ઞાસાનો વિસ્તાર બ્રહ્માંડ જેટલો મોટો છે. માણસે માણસે જિજ્ઞાસાનો આવો વિસ્તાર નાનો મોટો હોય છે એ ખરું; પરંતુ માનવ ચિત્તને લક્ષમાં લઈને કહીએ તો, તે બ્રહ્માંડ જેટલો વિશાળ અને વ્યાપક છે. આને જ યોગસૂત્રકાર પાદ ૧, સૂત્ર ૪૦ માં નીચે પ્રમાણે કહે છે :

परमाणुपरममहत्त्वान्तः अस्य वशीकारः ।

'નાનામાં નાનું દ્રવ્ય જે પરમાણુ ત્યાંથી માંડીને પરમ મોટું એવું જે અખિલ વિશ્વ કે જે હોય તે – ત્યાં સુધીનું બધું જ માનવ ચિત્તના કાબૂનો વિષય બની શકે છે.' દરેક વાતની અંદર ચિત્તની જિજ્ઞાસા રહે છે. કેવળ કૌતુક કે કુતૂહલની વૃત્તિથી માંડીને, એવી ઉત્કટ જિજ્ઞાસા કે જે ન સંતોષાય તો જીવનરસ સુકાઈ જાય એટલે સુધીની, — એવા પ્રકારની આ જિજ્ઞાસા હોય છે. જેમ કે, જુઓ આજનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છાપાં જે વૃત્તિથી ખબરો આપે છે તે. કેટલું બધું કેવળ કૌતુક કુતૂહલ ને કૂથલી તેમાં હોય છે! અને બીજો છેડો જોવો હોય તો જુઓ અર્જુન. કુરુક્ષેત્રમાં એનો આખો જીવનરસ સુકાઈ જાય છે. જિજ્ઞાસા તેના જીવનના પુરુષાર્થ સાથે એવી તો જીવંત રૂપે જડાયેલી છે કે, તેના ઉકેલ વગર તે પોતાના જીવનની પરમમાં પરમ ઘડીએ સ્થગિત થઈ જાય છે! આખું એનું વ્યક્તિત્વ, તેને પક્ષાઘાત થયો હોય તેની પેઠે, ઝલાઈ જાય છે. માનવ જીવનમાં જિજ્ઞાસા આવું પરમ તત્ત્વ છે. મનુષ્ય બુદ્ધિધારી પ્રાણી છે એનો અર્થ એ છે કે, તે પોતાનું જીવન ચલાવવામાં બુદ્ધિ વાપર્યા વગર રહી શકતો નથી; તેથી તે પૂછ્યા વગર, તપાસ્યા વગર, વિચાર્યા વગર, જાણ્યા વગર – ટૂંકમાં જ્ઞાન વગર સંતોષ નથી પામતો. તેનાં કર્મમાત્રનો હેતુ અને પરિપાક જ્ઞાન છે. તે રીતે મળતા જતા જ્ઞાનને પાછો તે આગળ પોતાનાં કર્મો કરવા અર્થે ખપમાં લે છે; તે વડે વળી તેનું જ્ઞાન વધે છે, ખીલે છે, ભર્યું ભાદર્યું બનતું જાય છે. અને એમ જીવનનાં કામકાજ કે બધાં કર્મો અને જીવન તથા સૃષ્ટિ વિષેની માણસની સમજ કે બુદ્ધિ પરસ્પરં ભાવયન્તઃ શ્રેયઃ પરમવાપ્સ્યથ' — પરસ્પર મદદ કરીને પરમ શ્રેયને પ્રાપ્ત થાય છે: બંને સાથે સાથે ખીલે છે અને પરિપુષ્ટ થતાં જાય છે.

મનુષ્ય જીવનનો આ સીધો સાદો નકશો છે, તેના આંતર જીવનનો વિકાસક્રમ છે. મનુષ્યો એ નિયમે ધીમે કે જલદી, આગળ કે પાછળ, સીધા કે ઊલટા ચાલ્યા કરે છે. બધાને અતિપ્રશ્ન નયે થાય, જેવી જેની તીવ્રતા તેવી તેની જિજ્ઞાસા ને તેની ઉત્કટતા. ઉત્કટતા વધે તો જિજ્ઞાસા સૂક્ષ્મ અને મૂલગામી બને; તેવાને સવાલ ઊઠે ને તેને યોગ્ય જવાબ દેનાર ગુરુ – અંતરયામી ગુરુ પણ – મળે.

'કેન'ના પ્રથમ શ્લોકના પ્રશ્નનો વિચાર કરતી વખતે આપણે ખાસ યાદ રાખવાનું છે તે એ કે, આ પ્રકારે જિજ્ઞાસાભેર જીવન વ્યતીત કરનાર મનુષ્યનો – જિજ્ઞાસુનો આ સવાલ છે. મુંડક ઉપનિષદમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શૌનક* આવા જિજ્ઞાસુ મનુષ્યના પ્રતિનિધિરૂપ છે. તે પણ જીવનના અનુભવોના તારણ રૂપે એક અતિપ્રશ્ન જ જ્ઞાની ગુરુ પાસે જઈને પૂછે છે —

कस्मिन्नु भगवो विज्ञाते सर्वमिदं विज्ञातं भवति ?

'હે ભગવન્, ખરેખર એવું શું છે કે જે જાણ્યે આ બધુંય જણાઈ જાય છે — આ બધાનો પાર પામી જવાય છે?' કેનોપનિષદનો શિષ્ય બીજી રીતે છતાં એ જ મૌલિક વાત પૂછે છે. તે કહે છે કે, મન, પ્રાણ, વાણી, આંખ, કાન — એ બધી શરીરની ઇંદ્રિયો ચાલે છે એટલે આપણું કામ ચાલે છે, એ તો સૌ કોઈ જાણે છે. પણ મન, વાણી ઇ૦ એમની મેળે ચાલતાં નથી લાગતાં; તે સરખાં નથી ચાલતાં હોતાં; નથે ચાલે એવું પણ જોવા મળે છે. આપણી ઇચ્છા ન હોય છતાંય તે કોઈ વાર ચાલે છે; આપણે અવશ પણ હોઈએ છીએ; મતલબ કે, તે બધાં સ્વયં-ચેતન નથી, પણ કોક અન્ય ચેતનની શક્તિથી ચાલતાં સાધનો લાગે છે. આ શક્તિ શું છે? મનમાં ઇચ્છા જાગે છે અને તે મુજબ મન તે વિષયો ભણી જાય છે, એ તો સૌ જુએ છે. પ્રશ્ન એ છે કે એ ઇચ્છા કોણ જગવે છે? એ મનને કોણ એમ કરીને મોકલે છે?

આમ ઇચ્છા જાગે ને મન જાય એટલે બધી ઇંદ્રિયોમાં પ્રથમ હાલનાર જે પ્રાણશક્તિ છે તેને કોણે ચલાવી? વાણી, આંખ, કાનને કોણે ચલાવ્યાં? મતલબ કે, આપણું ચેતન બળ શું છે? આપણને કોણ ચલાવે છે? મન, પ્રાણ, આંખ, કાન વગેરે 'દેવો'નો પણ દેવ હોય તો એ દેવ કયો?

જિજ્ઞાસાના પ્રકાર

એટલે આ પ્રશ્ન આપણા સામાન્ય પ્રશ્નોથી જુદી જાતનો છે. કોઈ પણ બાબત વિષે આપણા પ્રશ્નો ત્રણ પ્રકારના હોય છે —

* જુઓ મુંડકોપનિષદ — સં૦ મગનભાઈ દેસાઈ, પા. ૧૨-૮.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. તે શી રીતે થાય છે?

૨. તે શું કામ શા માટે, શાથી થાય છે?

૩. તે કોણ કરે છે? કોનાથી થાય છે?

પહેલો પ્રશ્ન, થવાની રીત પરત્વે છે; બીજો, તેના પ્રયોજન કે હેતુ પરત્વે છે; ત્રીજો, તેના કર્તા પરત્વે છે. પહેલા તથા બીજા પ્રશ્નને કથં-પ્રશ્ન કહીએ; ('कथं'ના બે અર્થ થાય છે—૧. કેમ? શું કામ? શા સારુ? ૨. કેવી રીતે? અને એ બે અર્થો ઓતપ્રોત રહેલા છે.) અને ત્રીજો પ્રશ્ન કેન-પ્રશ્ન કહેવાય. પહેલા પ્રશ્નના જવાબમાં કથં-જ્ઞાન રૂપે અમુક ઘટનાની પ્રક્રિયા જાણવા મળે. (અંગ્રેજીમાં જેને માટે 'નો-હાઉ' શબ્દ પ્રચલિત થયો છે તે બરોબર કથં-પ્રશ્નનો અનુવાદી શબ્દ જ ગણાય.) બીજા પ્રશ્નના જવાબમાં તે ઘટનાનું પ્રયોજન જાણવા મળે. (અંગ્રેજીમાં 'વ્હાય'નો જવાબ મળે.) આ બે પ્રશ્નો સામાન્ય રીતે વિજ્ઞાનના મૂળપ્રશ્નો ગણાય છે. વિજ્ઞાનમાત્રનો વિસ્તાર એ બે પ્રકારની જિજ્ઞાસાને લઈને થયેલો છે. એ જિજ્ઞાસાના સાંત્વનને માટે મનુષ્યે સંસારમાં ઘટનાઓ શી રીતે ને શાથી બને છે એ ખોળ્યા કર્યું છે. ઘટનાના વૈજ્ઞાનિક કાયદા માણસે આ કારણે ખોળ્યા ને જગતને વિજ્ઞાનની શોધો રૂપે આપ્યા. તેને આધારે માણસજાતે પોતાની જીવનયાત્રા ચલાવવાની યુક્તિ ('નો-હાઉ') મેળવી, કુદરતમાંથી બળ મેળવ્યું, અને પોતાનો સુધારો રચ્યો. (અહીં સુધારો એટલે જીવન ચલાવવા માટે જાત જાતની વ્યવસ્થા કરવાની હોય છે તે બધું—'સિવિલિઝેશન'.) ત્રીજો પ્રશ્ન તે બેથી નિરાળો છે; તે કર્તાવાચક છે.

એક સાદો દાખલો લઈને આ ત્રણે પ્રશ્નો ટૂંકમાં જોઈએ—

સામે પાટલો પડ્યો છે. કોઈ પૂછે, પેલું શું છે? જવાબ—પાટલો. પાટલો કોણે બનાવ્યો? જવાબ—સુથારે. તેણે કેવી રીતે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બનાવ્યો ? જવાબમાં સુથારીનું પ્રક્રિયાજ્ઞાન મળે. તે શું કામ બન્યો ? જવાબ – તેનો આપણને અમુક આ તે ખપ છે.

આ ઢબે આપણે જગતમાં વસ્તુમાત્ર પરત્વે ચાલીએ છીએ; તેમના વાચક દ્વારા, તેમના ખપ દ્વારા, તેમને રચવા કે મેળવવાની રીત દ્વારા, — ટૂંકમાં આપણી ઇંદ્રિયો ને મન દ્વારા વસ્તુઓને આમ ઓળખીએ છીએ. એટલે કે, આપણે તેનો ખપ જોઈએ છીએ; તેને રચવા મેળવવાની રીત યોજીએ છીએ; તે રચનારા મેળવનારા બનીએ છીએ.

આમ કરવામાં આપણું પરમ સાધન દેહ છે. શરીર વડે એ બધું બની શકે છે. શરીરમાં પણ મુખ્ય સાધન જોઈએ તો મન, પ્રાણશક્તિ, તથા વાચા, કાન ને આંખ એ મુખ્ય ઇંદ્રિયો ગણાય. એટલે સંસારની આપણી યાત્રાને માટે આ સાધનોથી જરૂરી વિજ્ઞાન મેળવીએ છીએ; તે વડે શરીરયાત્રા નભે છે.

અને આ બધું બને છે તેના કર્તા તરીકે આપણે છીએ એમ માનીએ છીએ. અને એમ 'હું,' 'હું' કરીને ચાલીએ છીએ. અને આ મૂળ સાધન જે શરીર અથવા તેનાં મુખ્ય અંગો — મન, વાણી, વગેરે — તેને પણ આપણાં માનીએ છીએ અને તેના કામને તપાસવા પણ વિજ્ઞાનવિદ્યાઓ યોજી છે. જેમ કે, માનસશાસ્ત્ર, શરીરશાસ્ત્ર, વૈદક વગેરે.

પરંતુ આ બધી વિદ્યાઓ કથં-પ્રશ્નના જવાબ રૂપે છે. અને એથી આગળ જઈને ઉદ્ભવતો બીજો એક પ્રશ્ન છે, જેનો જવાબ તે વિદ્યાઓ ન આપી શકે. તે પ્રશ્ન એ કે, આ બધું જાણે છે, કરે છે કોણ? મન, ઇંદ્રિયો પોતે કોના કહ્યામાં રહીને વર્તે છે? તે બધાંને કોણ ચલાવે છે? આ બધું જે મન, વાણી ઇ૦ થી જાણીએ કે પામીએ છીએ, તે કોણ જાણે છે કે પામે છે? તે કોના બળ વડે બને છે? તેવા બળવાળો દેવ કયો ? એ દેવ અને હું જુદા કે એક ? આ પ્રશ્નનો જવાબ કેન ઉપનિષદ આ પછીના બે શ્લોક દ્વારા આપે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨

બીજક પ્રશ્નોના ઉત્તર

જ્ઞાની પુરુષને જિજ્ઞાસુએ પૂછેલા પ્રશ્નોનો ઉત્તર તે આપે છે:—

श्रोत्रस्य श्रोत्रं मनसो मनो यद् ।
वाचो ह वाचं स उ प्राणस्य प्राणः ।
चक्षुषश्च चक्षुरतिमुच्य धीराः
प्रेत्यास्माल्लोकाद् अमृता भवन्ति ।। २ ।।

પદાર્થ

श्रोत्रस्य = કાનનો श्रोत्रं = કાન मनसः = મનનું मन = મન यद् = જે; (तथा) वाचः = વાચાની ह = ખરેખર (પાદપૂર્તિ રૂપે નિરર્થક પણ ગણાય.) वाचं = વાચા (वाचं વ્યાકરણથી બીજી વિભક્તિનું રૂપ છે, પણ અન્વયે તેને આર્ષ પ્રયોગ માની પહેલી ગણવી જોઈએ.) सः = તે (देवः — શ્લોક ૧ ના क उ देवः એ પ્રશ્નના અન્વયમાં આ છે.) उ = ખરેખર, જ (પાદપૂર્તિ રૂપે નિરર્થક પણ ગણાય.) प्राणस्य = પ્રાણનો प्राण = પ્રાણ चक्षुषः च = અને ચક્ષુનું चक्षुः = ચક્ષુ.

अतिमुच्य = ત્યજીને, છોડી દઈને धीराः = ધીર–બુદ્ધિમાન, ડાહ્યા અને સમજુ પુરુષો प्रेत्य = પ્રયાણ કરીને, જઈને अस्मात् = આ लोकात् = લોકમાંથી अमृताः = અમર भवन्ति = બને છે, થાય છે.

અન્વય

यद् श्रोत्रस्य श्रोत्रं, मनसः मनः, वाचः ह वाचं, प्राणस्य प्राणः, चक्षुषः च चक्षुः स उ (देवः)।

धीराः अतिमुच्य, अस्मात् लोकात् प्रेत्य अमृताः भवन्ति ।।

અર્થ

જે (તત્ત્વ) કાનનો કાન છે, મનનું મન છે, વાણીનીય વાણી છે, પ્રાણનો પ્રાણ છે, અને આંખની આંખ છે, તે જ ખરેખર (એ દેવ છે). [કાનનું કાનપણું, મનનું મન-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણું, વાચાનું વાચાપણું, પ્રાણનું પ્રાણપણું, અને આંખનું આંખપણું એ તત્ત્વને આભારી છે.]

ધીર પુરુષો (આ સમજથી તે બધાંને, એટલે કે, તેમને કે તેમના વિષયોને કે તેમાં પોતાપણાને) ત્યજી દઈને (વર્તે છે અને તેથી કરીને) આ લોકમાંથી જઈને (એટલે કે, મરણ પામી) અમર બને છે (મુક્ત થાય છે).

[એ દેવ કે જે આપણને ચલાવે છે, તે કોણ છે? તેની ઓળખ શી?–એ સવાલ પૂછવામાં આવ્યો હતો. શિષ્ય (અથવા કહો કે જિજ્ઞાસુ માણસ) પોતાના જીવનના અનુભવોમાંથી એટલું સમજ્યો છે કે, મન, વાણી અને પ્રાણ તથા કાન આંખ વગેરે કામ કરે છે છતાં તે સ્વયંચાલક નથી, પણ તેમનાથી પર એવો કોઈ દેવ કે દિવ્ય સત્ત્વ છે, જે એમને ચલાવતો લાગે છે. તે શું છે, તે કોણ છે, એ ન જાણતો હોઈ શિષ્ય પ્રશ્ન પૂછે છે.

સામાન્ય રીતે આવા પ્રશ્નનો જવાબ કેવો હોય? દા૦ ત૦ ગાડી છે તે કોણ ચલાવે છે એમ પૂછીએ, તો તરત કહેવાય કે તેનો ડ્રાઇવર. ડ્રાઇવર ગાડીથી જુદો ને પ્રત્યક્ષ દેખાય છે; તેમ જ આપણને શિષ્યના સવાલનો જવાબ મળશે, એમ સામાન્યતઃ માનીએ, અને તેનો પરિચય મળે એમ આશા બાંધીએ. ઉપર આપેલો જવાબ એવો નથી. અને તેથી કદાચ એમ લાગે કે, આ તો ઉડાઉ જવાબ છે. પરંતુ એમ નથી. આ પ્રશ્ન ગાડી ઇ૦ પદાર્થો જેવો સાદો નથી, પણ એક અતિપ્રશ્ન છે. તેથી કરીને, ગાડી-ડ્રાઇવર જેવો સામાન્ય જવાબ અહીં શક્ય નથી. ગાડી અને ડ્રાઇવર બે જુદાં છે. બેઉને આપણે અલગ જોઈએ છીએ. બેઉ ગોચર છે. તેવી રીતનો કાન ઇ૦ થી બહાર અને અલગ તેમનો ચાલક દેવ નથી, એમ જવાબ કહે છે. તેથી તેમાં કહ્યું છે કે, એ દેવ તો કાનનોય કાન ને આંખનીય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંખ ને પ્રાણનોય પ્રાણ ને વાચાનીય વાચા છે : એ બધી ઇંદ્રિયો કે સાધનોનો આત્મા જે ચેતનબળ છે, તે જ એ દેવ છે; તે વડે આપણા જ્ઞાનનાં એ બધાં કરણો કે સાધનો પોતપોતાનું કામ કરી શકે છે.

અને તેથી જ આપણે એમ પણ નથી પૂછી શકતા કે, એ કાનના કાનનો કાન કોણ? આંખની આંખની આંખ કોણ? ઇ૦. એમ તો પૂછ્યા કરતાં અંત ન આવે — અનવસ્થા-દોષ આવે. આમ પૂછીએ તો એનો ઉત્તર પણ આ શ્લોકમાં આવી જાય છે કે, આ બધાં આપણા વ્યવહારનાં સાધનોનું સાધનપણું* હોવું તે જ એ દેવનું લક્ષણ છે — એમાં જ તેની ઓળખાણ છે : વસ્તુમાત્રની સત્તા કે વસ્તુતા એ છે. એનાથી જુદી રીતે કે બીજા શબ્દોથી એની ઓળખાણ નથી આપી શકાતી; કેમ કે, એ બધાંને છોડીને અથવા એમની બહાર કયો એમના જેવો કોઈ અલગ પદાર્થ છે કે જે એ દેવ હોઈ શકે છે? ગાડીના ડ્રાઇવર જેવો એ અલગ દૃશ્ય પદાર્થ નથી. તેથી જવાબના શ્લોકમાં કહ્યું છે કે, હરેક જ્ઞાત કે અનુભૂત પદાર્થનું પદાર્થપણું — તેનું અધિષ્ઠાન કે તેની હયાતી કે સત્તાનું કારણ કે મૂળ પાયો જે છે, તે એ દેવ છે; એ એમને ચલાવે છે.

અને એ દેવની વિશેષ ઓળખ એ આપી કે, એ દેવને જો પામી જવાય તો મોક્ષ થાય. એને પામવા ધીર બનવું જોઈએ; એટલે કે, ઇંદ્રિયોને — તેમના વિષયોને કે તેમાં પ્રતીત થતા અહંભાવને છોડવાનાં છે, એ સમજ આવવી જોઈએ. ('ધીર' એટલે આવી બુદ્ધિ કે સમજવાળો માણસ.)

---

* કોઈ પૂછે, એ સાધનપણાનું સાધનપણું શું? જવાબ એ છે કે, જેમ પ્રકાશનો પ્રકાશક ન હોય, તેમ સાધનપણાનું પાછું સાધનપણું ન ઘટી શકે. નહિ તો એનો પણ અંત ન આવે. તેથી જ આ દેવ સ્વયંભૂ, સ્વયંપ્રકાશ, સ્વયંશક્તિમાન છે, એમ પણ અહીંયાં ગર્ભિત રીતે કહેવાયું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ ટૂંકમાં શ્લોકની અંદર પરમ સત્ય તથા તેને પામવાનો ધીર પુરુષોએ લીધેલો માર્ગ કહ્યાં છે. એમાં કેન-પ્રશ્નનો પૂરો ઉત્તર સૂત્ર રૂપે મૂક્યો છે.

છતાં, આપણને એમ થાય છે કે, જેમ બીજું બધું અમે બુદ્ધિ, મન કે ઇંદ્રિયથી જોઈ જાણી કે કલ્પી શકીએ છીએ, તેમ આ દેવ વિષે કેમ ન બની શકે? એવું કાંઈક તેનું લક્ષણ અમને કહો, જેથી અમે તેને બીજી ચીજોને જેમ પામી કે કલ્પી શકીએ છીએ, તેમ આને પણ કોઈ રસ્તે પામી કે કલ્પી શકીએ. ખરું જોતાં, શિષ્ય જે પૂછે છે તે આવું કાંઈક જવાબમાં મળે એ આશાએ કે સમજથી પૂછે છે. પણ એવો જવાબ તો અહીં સંભવતો નથી; અતિપ્રશ્નનો ઉત્તર એવો જ અતિરૂપ હોય. તેથી ઉપરનો ટૂંકો જવાબ આપી દીધા પછી, તેનું કાંઈક વધારે વિવરણ કરતાં ઋષિ આગળ કહે છે કે, તે દેવ અવ્યક્ત, અગોચર છે; બીજા જ્ઞાતાજ્ઞાત પદાર્થો જેવો નથી, કે જેથી તેમની પેઠે અમે તેનો જવાબ આપી શકીએ.]

શ્લોક

न तत्र चक्षुर्गच्छति, न वाग् गच्छति, नो मनो,
न विद्मो न विजानीमो यथैतदनुशिष्याद् ।
अन्यदेव तद् विदितादथो अविदिताद् अधि,
इति शुश्रुम पूर्वेषां ये नस्तद् व्याचचक्षिरे ।।३।।

પદાર્થ

न = નહિ तत्र = ત્યાં, તે દેવે, તે તત્ત્વે चक्षुः = આંખ गच्छति = જાય છે – પહોંચે છે; न = નહિ वाग् = વાણી गच्छति = જાય છે, પહોંચે છે; नो = નહિ मनः = મન (गच्छति); (તેથી) न विद्मः = (અમે તેને) જાણતા નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

न विजानीमः = (અમે) વિશેષે કરીને જાણતા નથી यथा = જેમ, જે રીતે एतद् = તે (तत्त्व) अनुशिष्यात् = ઉપદેશી શકાય, શીખવાય.

अन्यद् = બીજું, જુદું, અલગ एव = જ तद् = તે (तत्त्व) विदिताद् = જાણેલાથી (ઇંદ્રિય મન ઇત્યાદિથી), જણાતાના કરતાં अथो = અને अविदिताद् = અજાણ્યું, નહિ જાણેલું તેનાથી अधि = વધુ, પર.

इति = એ પ્રમાણે शुश्रुम = (અમે) સાંભળ્યું છે पूर्वेषाम् = પૂર્વજો પાસેથી ये = જેઓ नः = અમને तद् = તે (तत्त्व વિષે) व्याचचक्षिरे = કહ્યું, સમજાવ્યું હતું.

અન્વય

तत्र चक्षुः न गच्छति, वाग् न गच्छति, नो मनः (अपि); अतः (तद्) न विद्मः । (तेन) यथा एतद् अनुशिष्यात् न विजानीमः । तद् विदितात् अन्यत् एव, अथो अविदितात् अधि, इति (वयं) तेषां पूर्वेषां शुश्रुम, ये तद् नः व्याचचक्षिरे ।

અર્થ

ત્યાં – તે તત્ત્વે કે તે દેવે આંખ નથી પહોંચતી, વાણી નથી પહોંચતી, મન નથી પહોંચતું (ત્યાં આંખ, વાણી કે મનની ગતિ નથી); (આથી કરીને) (તેને) અમે જાણતા નથી.

(એટલે) તે (તને) કેવી રીતે ઉપદેશી શકીએ — શીખવીએ, તે અમને ખબર નથી — આવડતું નથી.

અમને તે વિષે જેઓએ કહ્યું છે, તે પૂર્વજો પાસેથી અમે એમ સાંભળ્યું છે કે, તે (દેવ કે તત્ત્વ) જાણેલાથી જુદું છે, અને નહિ જાણેલાથી પણ પર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[મન, વાણી, આંખ ઇ૦ નો પ્રેરક દેવ તે છે. એટલે તેને કાંઈ તે ઇંદ્રિયો તથા અંતઃકરણ વડે તો ન જ પામી શકાય, એ ઉઘાડું છે. એ ઉઘાડી વસ્તુ કહીને ઋષિ આગળ દલીલ ચલાવે છે, જે સમજવા જેવી મહત્ત્વની વાત છે. તે કહે છે —

'અમને એની જાણ નથી' જેમ અનેક પદાર્થ (સૂક્ષ્મ કે સ્થૂલ) આપણે જાણીએ છીએ, તેવી રીતે અમે તે તત્ત્વને જાણતા નથી અને જાણી શકીએ પણ નહિ; એટલે અમને તેની એ પ્રકારે જાણ નથી.

એથી કરીને, ઋષિ આગળ જણાવે છે કે, આ કારણે અમે તને શી રીતે તે તત્ત્વનો બોધ કરાવીએ, તે અમને ખબર પડતી નથી. દા૦ ત૦, કોઈ માણસ પોતે ન જાણતો હોય એવી 'અવિદિત' વસ્તુ વિષે પૂછે, અને આપણે તે વિષે જો જાણતા હોઈએ, તો તેને તે વિષે બોધ કરાવી શકીએ. પરંતુ ઋષિ કહે છે કે, આ તત્ત્વ મનુષ્યના એવા વિદિત કે અવિદિતના ક્ષેત્રની બાબત નથી, તેથી તને અમે કેવી રીતે બતાવી શકીએ? કેમ કે તે ઇંદ્રિય તથા મનથી અતીત કે પર છે. આ વસ્તુ જરા વિશેષ સમજવાની જરૂર છે.

માનવજ્ઞાનની દૃષ્ટિએ, આ જગતના કે દૃશ્યમાત્રના બે ભાગ ઉપનિષદે આ મંત્રમાં પાડ્યા છે: વિદિત અને અવિદિત. એવા બે ભાગ સનાતન — હમેશના છે. ગમે તેટલું આપણું જ્ઞાનવિજ્ઞાન અને શોધખોળ કે સંશોધન ચાલે ને વધે, — અનંત કાળ સુધી ભલે તે ચાલે, — છતાં માનવ પ્રાણીને અવિદિત એવું ક્ષેત્ર રહેવાનું જ. મનુષ્યને મળેલા જ્ઞાન પેઠે તેને અજ્ઞાન પણ રહેવાનું જ. તેના અજ્ઞાનને માટે પણ પેલો આર્ષ શ્લોક સાચો છે કે, અજ્ઞાન કે અવિદિત પણ માનવને માટે એવું પૂર્ણ છે કે, તેમાંથી ગમે તેટલું ઉલેચો તોય તે તો પૂર્ણનું પૂર્ણ જ રહેવાનું. (પૂર્ણમિદં પૂર્ણમદઃ પૂર્ણાત્ . . .). ઉપનિષદ અહીં આ બે વિદિત–અવિદિતનાં મનુષ્યને માટે અનંત એવાં ક્ષેત્રોને અંગે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક સમાનધર્મી બાબત કહે છે કે, તે મનવાણી ઇ૦ વડે પહોંચી કે પામી શકાય એવાં છે. તેમાંનાં જે આપણે પામીએ તે વિદિતમાં આવે, ન પામીએ તે અવિદિતમાં રહે. અહીં એક વસ્તુ નોંધવી ઘટે કે, વિશિષ્ટ વ્યક્તિ પરત્વે તથા વિશિષ્ટ સમાજ કે સમૂહ પરત્વે આ બે ભાગ જુદા જુદા હોઈ શકે. મારું વિદિત-અવિદિત સામાનું ન હોય; ને મારા સમાજનું તે બીજા કોઈ સમાજનું ન હોય. પરંતુ એ બધામાં મૌલિક ફરક નથી : એ બધું ઇંદ્રિયગમ્ય છે. આજે અવિદિત હોય તે કાલે વિદિત થાય, અને કદાચ ઇતિહાસકાળમાં તેથી ઊલટું પણ બને — એટલે કે, એક યુગને વિદિત હોય તે પછીના કોઈ યુગમાં અવિદિત થઈ જાય. છતાં સારાંશે દૃશ્ય જગત મનુષ્યને વિદિત-અવિદિત રહેવાનું.

તો પછી સવાલ થાય કે, ત્યારે તમે શા પરથી કહ્યું કે, ઇંદ્રિયાદિનું અધિષ્ઠાન એવું તે તત્ત્વ છે — તે પ્રેરક દેવ છે? તેનો ઉત્તર પણ ઋષિ આપે છે કે, પૂર્વેથી ચાલતી આવેલી જ્ઞાનની વાત — શ્રુતિ એ છે; તે અમે સાંભળી છે અને તે અમે તને કહીએ છીએ. તું જે સવાલ પૂછે છે કે, મન, વાણી, પ્રાણ, આંખ કાનનો પ્રેરક દેવ કયો? — તેનો ઉત્તર અમને શ્રુતિથી મળેલો એ છે કે, આપણે જે બધું જાણેલું છે તે, કે જે જણાઈ શકે એમ છે પણ હજી નથી જાણ્યું — જાણવું બાકી હોય (અવિદિત) તે, ટૂંકમાં ઇંદ્રિય-મન-વાણી-આંખ-કાન ઇ૦થી જાણી કે પામી શકાય તેવા સમગ્ર દૃશ્યથી તે તત્ત્વ — તેમનો પ્રેરક દેવ જુદો છે. તે તત્ત્વ આ સકળ દૃશ્યમાંનું કોઈ અમુક એક વસ્તુ નથી. એટલું જ નહિ, દૃશ્યને જે વડે તું પામે છે તે અંતઃકરણ કે ઇંદ્રિયો પણ તે નથી, પણ તેમનુંયે અધિષ્ઠાન એ તો છે.*

---

* સામાન્યપણે થતા જ્ઞાનના કરતાં જ્ઞાનની આ નવી જ બાબત થઈ. સમગ્ર જ્ઞાનવિજ્ઞાન પામવાની રીત જ અહીં નકામી પડે છે. મીરાંબાઈ કહે છે એમ, ત્યાં આગળ 'ઊલટ ભઈ મેરે નયનનકી.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ શું હોઈ શકે? એને કેમ કરીને જાણવું? – જોવું? હવે પછી ઋષિ તે કહે છે; અને તેમ કરતી વેળા ઉપરના ભાવને દરેક ઇંદ્રિય ને મનનું અલગ નામ લઈને ફરીથી ફોડ પાડીને ઋષિ કહે છે. અને તે પ્રેરક દેવને માટે જે સર્વનામ આ શ્લોકમાં વાપર્યું, તે છોડી, બ્રહ્મ એવો શબ્દ તેને માટે વાપરે છે. એમ પોતાના ટૂંકા ઉત્તરને તે વધારે સ્પષ્ટ કરે છે.

૩

तदेव ब्रह्म त्वं विद्धि

[આપણે केनेषितम्...એ બીજક પ્રશ્નના ઉત્તરનો પૂર્વાર્ધ જોયો; તેમાં એમ કહ્યું કે, તે મનનું પણ મન છે; આપણા જ્ઞાત અને અજ્ઞાત એવા સમગ્ર વિષયોથી પર એવું એ તત્ત્વ છે. હવે ઉપનિષદ આગળ કહે છે કે, પરાપૂર્વથી 'બ્રહ્મ' એમ જે કહેવાય છે, તે પદનો અર્થ – તે પદાર્થ એ જ તત્ત્વ છે:]

શિષ્ય જાણે પૂછે છે કે, મનનો, ઇંદ્રિયોનો, પ્રાણનો પ્રેરક એવો જે દેવાધિદેવ તે મનનું પણ મન, ઇંદ્રિયની પણ ઇંદ્રિય, પ્રાણનો પણ પ્રાણ છે – સ્વયંચેતન એવું તત્ત્વ છે, એમ આપ કહો છો, એ સમજ્યો. તો જેને આપણા લોકો 'બ્રહ્મ' કહેતા આવ્યા છે, એ શું છે? એ અને આ સર્વસંચાલક મૂળતત્ત્વ જે જણાવો છો તે – એ બે જુદાં? તેમનો બેનો એકમેકમાં સંબંધ હોય, તો શો છે?

આવા કાંઈક પ્રશ્નની ચર્ચામાં ઉપનિષદ આગળ વધે છે અને ખંડના બાકીના પાંચ શ્લોક દ્વારા તેનો જવાબ આપે છે કે —

બેઉ એક જ છે. અગાઉના બયાનમાં જે તત્ત્વ કહ્યું, તે જ બ્રહ્મ પદાર્થ છે એમ જાણ. અને ખાસ જે સમજવાનું છે તે એ કે, नेदम् यदिदम् उपासते – આ બધું જગત કે જેની ખટપટમાં, જેના સંસર્ગમાં, જેની ઉપાસના – સેવામાં આપણો બધો કાળ જાય છે, જે બધાને આપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મન ઇંદ્રિયાદિ વડે જોઈએ – મૂકીએ છીએ, જ્યાં બધે આપણાં તે મન-ઇંદ્રિયાદિ 'દેવ' દોડતાં રહે છે, – એવું જે આ 'ઇદમ્', તે એ તત્ બ્રહ્મ ન હોય. આપણે આ બધા ઇદમ્ ની ઉપાસના કર્યા કરીએ છીએ ખરા, પણ એ આપણું ખરું ઉપાસ્ય નથી. એ બધાની પાછળ અને એમાં અને એ બધાને આવરીને રહેલું એવું જે સચરાચર પદાર્થમાત્રનું ચેતનબળ, તે આપણું ખરું ઉપાસ્ય છે. પદાર્થમાત્રનો બોધ આપણને થયા કરે છે, પણ તેનો ખરો સાચો બોધ-પદાર્થ તો એ બ્રહ્મ ઉપાસ્ય છે, न इदम् । આ વાતને વાચા, મન, ઇત્યાદિ એકે એકે લઈને ઋષિ કહે છે:

(તે વાણી-ગોચર નથી)

यद् वाचानभ्युदितं येन वागभ्युद्यते ।
तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ॥ ४ ॥

પદાર્થ

यद् = જે (तत्त्व) वाचा = વાણીથી, વાચા વડે, જીભને લઈને अनभ्युदितम् = અભ્યુદય નથી પામેલું, પ્રગટ નથી થયેલું; येन = જે વડે, જેને લઈને वाग् = વાચા, વાણી अभ्युद्यते = અભ્યુદય પામે છે, પ્રગટ થાય છે; तद् एव = તે જ ब्रह्म = બ્રહ્મ त्वं = તું विद्धि = જાણ; न = નહિ इदं = આ यद् = કે જે इदम् = આ उपासते = ઉપાસે છે, ભજે છે.

અન્વય

वाचा यद् अनभ्युदितं, (परंतु) येन वाग् अभ्युद्यते, तदेव त्वं ब्रह्म विद्धि, न इदं यद् इदम् उपासते ।

અર્થ

વાણી વડે જે પ્રગટ નથી થયેલું, (પરંતુ) જેને લઈને વાણી પ્રગટે છે, તેને જ તું બ્રહ્મ જાણ; નહિ કે આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(બધું વાણીગમ્ય દૃશ્ય) કે જેને આ (બધું લોક) ઉપાસે છે.

[વાણીનું વાણીપણું તે છે — તે વાચાથી પર છે, એ જ કથનને વધારે સ્પષ્ટ કરીને અહીં કહે છે. એવું એ જે છે તે જ બ્રહ્મ નામથી કહેવાય છે. આ જે વિશાળ દેખાતું વાણીગોચર બધું છે, કે જેનો બધા વાણીથી આશરો લે છે — જ્યાં વાણીની ગતિ છે, તે જે વિશાળ દૃશ્ય કે વિશ્વ છે, એ બ્રહ્મ ન હોય.

'इदम्' એ સ્થાને વપરાયું છે. બંને જગાએ અર્થ 'આ દૃશ્ય કે જગત અથવા લોક' એવો છે. એથી છેલ્લા વાક્યનો એવો અર્થ થાય કે, 'આ (દૃશ્ય) કે જેને આ (દૃશ્ય એવું જગત કે લોક) ઉપાસે છે.' એટલે કે, આ સંસાર જેમાં રમમાણ છે, તે આ બધું જે ગોચર છે, તે એ બ્રહ્મ નથી. એ બ્રહ્મ તો એવું છે કે જેને લઈને સંસારની આ રમત–આ લીલા ચાલે છે. એ લીલાની એક વિગત બ્રહ્મ નથી; મોટામાં મોટી વિગત પણ એ નથી; અરે, લીલા પોતે પણ એ નથી. – नेदं यद् इदं उपासते ।]

વાણી વિષે કહ્યું તેમ જ પછીના શ્લોકોમાં અનુક્રમે મન, ચક્ષુ, શ્રોત્ર અને પ્રાણ વિષે કહે છે; અને દરેકની ધ્રુવકડી એ જ છે કે —

तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ।

(તે મન-ગોચર નથી)

यन्मनसा न मनुते येनाहुर्मनो मतम् ।
तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ॥ ५ ॥

પદાર્થ

यद् = જે (तत्त्व) मनसा = મન વડે, મનથી, મનને લઈને, અંતઃકરણને લઈને न = નહિ मनुते = વિચારે છે, મનન કરે છે; येन = જેના વડે, જેને લઈને, જેણે आहुः = ઋષિઓ કહે છે, કહેવાતું આવ્યું છે मनः = મન मतम् = વિચારાય છે, મનનનો વિષય બને છે;

(तदेव . . . ૪૦ જુઓ ઉપરનો ૪ થો શ્લોક, તે મુજબ.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અન્વય

मनसा यद् न मनुते,* (परंतु) येन मनः मतम् (इति) आहुः, तदेव त्वं ब्रह्म विद्धि, न इदं यद् उपासते ।

અર્થ

મન વડે જે વિચારતું નથી,* (પરંતુ) જેને લઈને મનથી મનન થાય છે, મન વિચાર કરે છે એમ કહેવાતું આવ્યું છે, તેને જ તું બ્રહ્મ જાણ; નહિ કે આ (બધું મનોગમ્ય દૃશ્ય) કે જેને આ (બધું લોક) ઉપાસે છે.

[એટલે કે, આપણી પેઠે બ્રહ્મને મન નથી; તે તો મનનું મન છે. તેથી મન વડે જે સૃષ્ટિ કે સંસાર તું જુએ જાણે કે પામે છે, તે બ્રહ્મ નથી. બ્રહ્મ તો એ છે કે જેને લઈને મન પોતે આ બધાનું મનન કરી શકે છે. બ્રહ્મ મનથી ગોચર નથી. તે તો મનનું પણ મન છે.]

તેવી જ રીતે —

---

*શાંકર ભાષ્ય અન્વયમાં लोकः એ પદ અધ્યાહાર રહેલું કલ્પીને એવો અન્વય કરે છે કે — लोकः मनसा यद् न मनुते' = લોક મન વડે જેને વિચારતા – વિષય કરતા નથી; જે મનથી વિચારાતું નથી, તેનાથી પર છે. એટલે 'લોક' પદ લેતાં કે ન લેતાં, એમ બે અર્થ થાય. બે અર્થથી મુદ્દામાં ખાસ ફરક પડતો નથી. એક અર્થ એમ કહે છે કે, આપણ વ્યક્તિઓ પેઠે મનથી જે નથી વિચારતું, કેમ કે જેને લઈને ઊલટું મન વિચારી શકે છે, એવું જે છે, તે બ્રહ્મ છે. બીજો અર્થ એ થાય છે કે, જે મનથી પર છે, કેમ કે જેને લઈને મન વિચારી શકે છે એવું જે છે, તે બ્રહ્મ છે.

પહેલા અર્થમાં બ્રહ્મ મન-ઇંદ્રિયાદિથી રહિત – અવ્યક્ત છે, એ ભાવ આવે; બીજા અર્થમાં બ્રહ્મ ઇંદ્રિયથી પર છે એ ભાવ આવે. સારાંશે બંને ભાવ એક જ વાત કહે છે કે, બ્રહ્મ કોઈ વ્યક્ત રૂપ નથી કે જેને ઇંદ્રિયોથી પામી શકાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(તે ચક્ષુ-ગોચર પણ નથી)

यच्चक्षुषा न पश्यति येन चक्षूँषि पश्यति ।
तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ॥ ६ ॥

પદાર્થ

यद् = જે चक्षुषा = ચક્ષુ – આંખ વડે, આંખથી, આંખને લઈને न = નહિ पश्यति = જુએ છે; येन = જેના વડે, જેને લઈને चक्षूँषि = ચક્ષુઓ, આંખો पश्यति = જુએ છે;

(तद् एव ઇ૦ જુઓ ઉપર શ્લોક ૪ મુજબ.)

અન્વય

चक्षुषा यद् न पश्यति, (परंतु) येन चक्षूँषि पश्यति,[1] तदेव त्वं ब्रह्म विद्धि, न इदं यद् इदं उपासते ।

અર્થ

આંખ વડે જે જોતું નથી, (પરંતુ) જેને લઈને આંખો જુએ છે (આંખની આંખ જે છે), તેને જ તું બ્રહ્મ જાણ; નહિ કે આ (બધું ચક્ષુ-ગોચર દૃશ્ય) કે જેને આ (બધું લોક) ઉપાસે છે.

[એટલે કે, બ્રહ્મને આપણી પેઠે આંખ નથી, તે તો આંખનીય આંખ છે. તેથી આંખે જે આ દૃશ્ય જોવાય[2] છે, તે બ્રહ્મ નથી; બ્રહ્મ તો એ છે કે જેને લઈને આંખ જોઈ શકે છે; બ્રહ્મ ચક્ષુ-ગોચર નથી. તે તો આંખોની પણ આંખ છે.]

અને તે જ પ્રમાણે —

---

૧. વ્યાકરણથી અહીં 'पश्यन्ति' એવું બહુવચનનું રૂપ જોઈએ. આર્ષ પ્રયોગ ગણી લેવો જોઈએ.

૨. શાંકર ભાષ્ય અહીં પણ એવો અન્વય કરે છે કે, 'लोकः' 'पश्यति'ના કર્તા તરીકે અધ્યાહાર છે; અને તે મુજબ એમ અર્થ સમજાવે છે કે, 'લોક જેને આંખ વડે જોતું નથી, પરંતુ જેને લઈને લોક આંખોના વિષયને જુએ છે, તે બ્રહ્મ છે' . . . ઇ૦.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(તે કર્ણ-ગોચર પણ નથી)

यच्छ्रोत्रेण न शृणोति येन श्रोत्रमिदं श्रुतम् ।
तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ॥ ७ ॥

પદાર્થ

यद् = જે श्रोत्रेण = કાન વડે, કાનથી, કાનને લઈને न = નહિ शृणोति = સાંભળે છે; येन = જેનાથી, જે વડે, જેને લઈને श्रोत्रम् = શ્રોત્ર, કાન इदं = આ श्रुतं = સંભળાય છે;

(तदेव . . . ૪૦ જુઓ ઉપર શ્લોક ૪ મુજબ.)

અન્વય

श्रोत्रेण यद् न शृणोति, (परंतु) येन इदं श्रोत्रं श्रुतं, तदेव त्वं ब्रह्म विद्धि न इदं यद् इदं उपासते ।

અર્થ

કાન વડે જે સાંભળતું* નથી, (પરંતુ) જેને લઈને આ કાને સંભળાય છે – આ કાન સાંભળે છે, તેને જ તું બ્રહ્મ જાણ; નહિ કે આ (બધું કર્ણગોચર દૃશ્ય) કે જેને (બધું લોક) ઉપાસે છે.

[એટલે કે, આપણી પેઠે બ્રહ્મને કાન નથી, તે તો કાનનોય કાન છે. તેથી કાને જે સંભળાય છે તે બ્રહ્મ નથી : બ્રહ્મ કાનનો વિષય નથી; તે તો કાનનો પણ કાન છે. તેથી કાન ત્યાં ન પહોંચી શકે.]

અને તેમ જ —

(તે પ્રાણ-ગોચર પણ નથી)

यत् प्राणेन न प्राणिति येन प्राणः प्रणीयते ।
तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ॥८॥

---

* અહીં પણ શાંકર ભાષ્ય 'लोकः' 'शृणोति' ના કર્તા તરીકે અધ્યાહાર ગણીને અર્થ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પદાર્થ

यद् = જે प्राणेन = પ્રાણથી, પ્રાણ વડે, પ્રાણને લઈને न = નહિ प्राणिति = શ્વાસ લે છે, જીવે છે; येन = જેનાથી, જે વડે, જેને લઈને प्राणः = પ્રાણ प्रणीयते = શ્વાસ લેવાય છે, જિવાય છે;

(तदेव . . . ઇ૦ જુઓ ઉપર શ્લોક ૪ મુજબ.)

અન્વય

प्राणेन यद् न प्राणिति, (परंतु) येन प्राणः प्रणीयते, तदेव त्वं ब्रह्म विद्धि, न इदं यद् इदं उपासते ।

પ્રાણ (નાક) વડે જે શ્વાસ લેતો નથી, પણ જેને લઈને પ્રાણ ચાલે છે — શ્વાસ લેવાય છે, તેને જ તું બ્રહ્મ જાણ; નહિ કે આ (બધું પ્રાણ લેતું દૃશ્ય) કે જેને આ (બધું લોક) ઉપાસે છે.

[એટલે કે, નાક વાટે ચાલતો પ્રાણ પણ બ્રહ્મ નથી; બ્રહ્મ આપણી પેઠે પ્રાણ લેતું અને જીવતું કોઈ સત્ત્વ નથી. તેથી તેની ગતિ-રીતિને પ્રાણથી પણ પહોંચી ન શકાય.

આમ મુખ્ય ઇંદ્રિયો તથા મનને ગણાવીને જવાબ આપ્યો, તેમાં બીજી બાકીની આપણી ઇંદ્રિયો વગેરે પણ આવી ગયાં. મતલબ કે, મન-ઇંદ્રિયોથી કામ કરતા આપણે દેહધારી જીવો સંસારમાં વર્તીએ છીએ; તેની વિગતોનું વિજ્ઞાન તો અનેક વિદ્યાઓ મારફતે મળી શકે છે; પણ આપણને કોણ ચલાવે છે, એ અતિપ્રશ્ન શિષ્ય પૂછે છે, તેનો ઉત્તર આ ખંડમાં આપવામાં આવ્યો કે, પ્રાચીન કાળથી જેને બ્રહ્મ કહે છે તે એ છે. સહેજે આપણને થાય કે, પણ તે શું છે? તે શબ્દ તો જાણ્યો, પણ એનો અર્થ શો? આ ખંડમાં એનો ઉત્તર પણ જેટલો બની શકે એટલો શબ્દોમાં ઉતાર્યો છે. એ બ્રહ્મ પદાર્થ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાટલા પાટલા ઇ૦ પેઠે પામી શકાય એવો હોત, તો તો તેમ કહી દેવાત. પણ તો તો એ પદાર્થ, જે અનેક પદાર્થો જગતમાં આપણે જોઈએ જાણીએ કે કલ્પીએ છીએ, તેમાંનો એક બને. ઉપનિષદ કહે છે કે, મન, વાણી, આંખ, કાન, નાક, ઇ૦થી પામી ન શકાય એવું તે બ્રહ્મ છે; તે બ્રહ્મ એ બધાં આપણાં માનવી અંગોનું મૂળ બળ છે. —આમ ઉપનિષદ તે બ્રહ્મ પદાર્થની ઓળખ આપે છે. જાણવાનું કામ આપણે મન ઇંદ્રિયોથી કરીએ છીએ; તેવા આપણને બીજો શો ઉત્તર મળી પણ શકે? એ બધાં સાધનોથી બ્રહ્મ ન પમાય; કેમ કે એ સાધનોનું પણ દૈવત એ છે.

અહીં સવાલ થાય કે, એવું એ છે એમ શી રીતે જાણ્યું? જો આપણી કોઈ ઇંદ્રિયશક્તિ કે મનશક્તિથી પણ ન જણાય એવું તે હોય, તો તે કલ્પનામાં પણ કેમ આવે? તે આપણે માટે 'અજ્ઞેય' કર્યું. અરે, એની વાત પણ શા પરથી ઊપડી શકે? કેમ કે, જેને આપણાં જાણવાનાં કોઈ સાધનોથી જાણી જ શકતા નથી, તેની વાત કેમ કરીને થાય?

આ સવાલ સાચો છે; તર્કશુદ્ધ છે. એનો ઉત્તર એ છે કે, મનુષ્યને જીવનમાં અનુભવ થાય છે કે, આપણે આ બધાં મનવાણી ઇ૦ સાધનોથી કામ તો કરીએ છીએ, પણ તેમના સ્વામી-સંચાલક આપણે નથી. આ સંસાર બધો ચાલે છે, પણ તે આપણે જ ચલાવીએ છીએ તેથી ચાલે છે એવું નથી. આ બધાનાં નિમિત્તકારણ કે ઉપાદાન-કારણ શોધી શકાય છે; પણ તેનું આદિકારણ શું તેનો પત્તો નથી જડતો.*

---

* આ મૂળ કારણ કોણ છે? — આ સવાલ અનુભવમાંથી ઊઠે છે. અને એ ઊઠે છે એનો અર્થ એ છે કે, એનો ઉત્તર હોવો જોઈએ. એટલે મનુષ્યહૃદય-માંથી અનુભવે ઊઠનારો આ સવાલ છે; મૂળ કે આદિ કારણ વિષે વાત ઊપડે છે તેનું કારણ આ અનુભવ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગળ વધીને એમ પણ અનુમાન કરીને કહી શકાય કે, આ કારણ પરમ સૂક્ષ્મ હોવું જોઈએ એમ લાગે છે; તથા બધાનું મૂળ કારણ હોઈ તે બધે વ્યાપેલું પણ હોવું જોઈએ; તે ઇંદ્રિયગમ્ય કે મનોગમ્ય એવા બધા સ્થૂલ સૂક્ષ્મ ભાવોથી જુદું હોવું જોઈએ. કેમ કે, જો આપણે તેને મન ઇંદ્રિયથી પામી શકીએ, – તે મન ઇંદ્રિયથી ઓળખાય, તો તો તે પણ તેવાં અનેકમાંનું એક ઠરે. અને તેવું તો એ નથી, એમ અનુભવમાંથી ઊઠતા સવાલને જોરે જ કહી શકાય છે.

આ પ્રમાણે આપણા અનુભવપ્રશ્નને જોરે, આટલે સુધી વિચારમાં આગળ જઈ શકીએ. અને એ કેવળ તર્ક નથી, પણ જીવનના અનુભવમાંથી ઊગતો પ્રશ્ન અને તેનો વિચાર છે. અને તે પ્રશ્ન જ આ ઉપનિષદનો બીજક પ્રશ્ન છે.

આથી કરીને હૃદયમાં સહજ પ્રતીતિ છે કે, એનો ઉત્તર હશે જ; એ વિષે 'અજ્ઞેય'વાદ સંભવી નથી શકતો. હા, જેને જીવનમાં પેલો મૂળ પ્રશ્ન અનુભવમાં આવ્યો નથી, તે એવો અજ્ઞેયવાદ કદાચ તર્ક દ્વારા ભલે કરે. પણ જેને એ સવાલ જીવનમાંથી લાધ્યો છે, તે તેનો જવાબ અજ્ઞેય છે એવા સિદ્ધાંત પર જઈ નહિ શકે: પરંતુ તે જિજ્ઞાસુ બની ગુરુ પાસે જશે, શાસ્ત્ર પાસે જશે, અને એમ કરીને પોતાના સવાલ વિષે ઊંડો ઊતરી ચિંતન મનન કરતો જ રહેશે. આ ઉપનિષદ તેવાને જવાબ આપે છે. તે જવાબ એ છે કે —

'તદેવ બ્રહ્મ ત્વં વિદ્ધિ,
નેદમ્ યદિદમુપાસતે ।'

આ બધું જેમાં તું રચ્યોપચ્યો રહે છે, તે એ નહોય; તે બધાનો ચાલક દેવ જે છે, તે બ્રહ્મ છે.

આ જવાબ એટલો સાદ છે કે, એક વાર તો આપણને થઈ જાય કે, સમજ્યા; બ્રહ્મ એટલે આ બધું નહિ તે. અને એમ કદાચ તેને જાણ્યાનો ભાવ મનમાં પેદા થાય. એટલે, એ તો પાછી એ ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ જ ભુલ થઈ કે, બ્રહ્મનો અર્થ મન જાણી શકયું ! જ્યારે તે તો મનનું પણ મન છે. તેને લઈને તો ઊલટું મન ચાલે છે, એટલે તે પોતાના જ ચાલકને કેવી રીતે જાણે ? છતાં જેમ કોઈ અપરિચિત પદાર્થનો શબ્દાર્થ શબ્દકોશમાંથી જોઈએ ને સંતોષ થાય, તેમ તેનો શબ્દાર્થ મેળવ્યા જેવું કદાચ આ કહેવાય.

અને બ્રહ્મ વિષેની આ જિજ્ઞાસા પરત્વે જો આ ઢબે માણસનું મન સમાધાન કરે, તો ? એથી બ્રહ્મ તો ન જ જાણ્યું; કેવળ તર્ક થયો. અને તર્કથી જો તે પમાય તો એ તો મનોગમ્ય થયું. આ ભુલ થાય, તે સામે ચેતવણીની જરૂર છે. બ્રહ્મજ્ઞાન એ જુદી જ વસ્તુ છે; જગતના જ્ઞાત અજ્ઞાત પદાર્થો પેઠે જાણવાની એક વસ્તુ તે નથી. આ ઠસાવવા માટે ઉપનિષદ હવે આગળ બીજા ખંડમાં તેની ચર્ચા ચલાવે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજો ખંડ

૧

બ્રહ્મ અનિર્વચનીય છે

[ગયા ખંડમાં આપણે એટલે આવીને અટકયા કે, બ્રહ્મ એ બધાનું સંચાલક બળ છે. ઉપર આપણે ટૂંકામાં જોયું છે કે, તે વિષે પણ ગેરસમજ થવાનો સંભવ છે; તેથી ઋષિ બીજા ખંડમાં એ દૂર કરવા માટે વિવેચન કરે છે.]

['કેન ઇષિતમ્' એ પ્રશ્નના જવાબ રૂપે પહેલા ખંડમાં ચર્ચા થઈ અને તેનો ઉત્તર તે ખંડમાં આપ્યો. એ પ્રકરણ હવે આગળ ચાલે છે કે, એ ચર્ચા સાંભળીને તેમાંથી શિષ્યને શી સમજ પડી? આપણે શું સમજ્યા? સંભવ છે કે, તેમાંથી આપણે એમ માન્યું કે, તે બ્રહ્મ આપણામાં — આપણી ઇંદ્રિયોમાં તેમના ઇંદ્રિયપણા રૂપે રહેલું છે. એટલે કે, ઇંદ્રિયોની અને આપણી સાપેક્ષતામાં વિચાર કરીને એવું સમજ્યા કે, તેમની સરખામણીમાં તે બ્રહ્મ કાંઈક નિરાળું સત્ત્વ છે. આવી સમજ સહેજે પેદા થાય. મતલબ કે, આપણો આપણા-પણાનો અનુભવ (જેને ચિત્તશાસ્ત્રમાં 'અહંકાર' કહે છે તે) અને ઇંદ્રિયાનુભવ — એ પ્રત્યક્ષ જે આપણી સમજ છે, તેને આધારે આપણે અનુમાન કર્યું કે, આપણી ઇંદ્રિયોની અંદર જે ઇંદ્રિયપણું છે તે બ્રહ્મ છે, અને તેમની સાથે આપણામાં તે સૂક્ષ્મ રૂપે રહેલું છે. એટલે આપણે તે બ્રહ્મને આ રીતે જાણ્યું અને તર્કથી કચાસ કર્યો કે, તે ઇંદ્રિયનું ઇંદ્રિયપણું છે. અને એમ કરીને મનમાં સમાધાન થયું કે, ઠીક, આ 'બ્રહ્મ' 'બ્રહ્મ' જે કહેવાય છે, તે સમજી ગયા!

અને આમ બનવા પૂરો સંભવ છે. તેથી ઋષિ કહે છે કે, તે ગેરસમજ છે; એ બ્રહ્મ નથી. અને ફરી તે સ્પષ્ટ કરે છે:—]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ જ વિચારીએ ને તે રીતે જો જોઈએ, તો તો બ્રહ્મ વિષે શબ્દોમાં કાંઈ કહી શકાય એમ જ નથી :]

यदि मन्यसे सुवेदेति दहरमेवापि* नूनं त्वं वेत्थ ब्रह्मणो रूपं ।
यदस्य त्वं यदस्य देवेष्वथ नु मीमांस्यमेव ते मन्ये विदितम् ।। १ ।।

પદાર્થ

यदि = જો मन्यसे = તું માને છે सुवेद = ઠીક રીતે જાણ્યું इति = એમ, એ મુજબ; दहरम् = જરા, થોડું, અલ્પ एव अपि = જ, માત્ર नूनं = ખરેખર त्वं = તું, તેં वेत्थ = જાણ્યું ब्रह्मणः = બ્રહ્મનું રૂપમ્ = સ્વરૂપ. यद् = જે अस्य = આનું त्वं = તું; यद् = જે अस्य = આનું देवेषु = દેવોમાં, ઇંદ્રિયોમાં; अथ नु = અથવા તો, ખરેખર मीमांस्यम् = વિચારવા — મનન કરવા જેવું છે एव = જ ते = તારું मन्ये = માનું છું विदितम् = જાણેલું તે.

અન્વય

यदि (त्वं) मन्यसे सुवेद इति, (तर्हि) त्वं ब्रह्मणः रूपम् दहरमेवापि नूनम् वेत्थ । यद् अस्य (ब्रह्मणः रूपं) त्वं, अथ नु यद् अस्य (ब्रह्मणः रूपं) देवेषु ते विदितम्, (तत्) मीमांस्यम् एव (इति) मन्ये ।

અર્થ

(ઉપર જે મેં કહ્યું તે પરથી) જો તું એમ માને કે, હું બરોબર જાણી ગયો, (તો) ખરેખર તેં બ્રહ્મનું રૂપ અલ્પ જ જાણ્યું છે. એ (બ્રહ્મનું રૂપ) તું છે, અથવા તો એ (બ્રહ્મનું રૂપ) દેવો કે ઇંદ્રિયોમાં છે, એમ તેં જે જાણ્યું, તે મનનને યોગ્ય જ છે, એમ હું માનું છું. (કેમ કે એ પૂરતું નથી; તેથી તું પામ્યો એમ ન કહેવાય.)

* दभ्रमेवापि પાઠાંતર મળે છે. અર્થ એક જ છે.

पुस्तकालय
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[આ શ્લોકનો અન્વય જુદી જુદી રીતે બેસાડાય છે; છતાં અર્થમાં સારાંશે ફેર પડતો નથી એમ કહેવાય. ઉપર લેવામાં આવેલો અન્વય મને સરળ લાગ્યો છે; તેમ કરવાથી અર્થ પણ સ્પષ્ટ નીકળી આવે છે.

એ બાબત આ શ્લોકમાં કહી છે — ૧. તને જો પૂરું જાણ્યાનો સંતોષ થયો હોય, તો તે બરોબર નથી; કેમ કે, પૂર્ણ બ્રહ્મ જાણી ન શકાય એવું છે.

૨. તેં જે જાણ્યું — અગાઉ પહેલા ખંડમાં જે જવાબ તને આપ્યો તે ઉપરથી — તે એટલું કે, તે બ્રહ્મનું રૂપ તું છે; અથવા તો તારી ઇંદ્રિયોમાં તેમના સત્ત્વ રૂપે (તેમના ઇંદ્રિયપણા રૂપે) રહેલું જે દેવત્વ છે, તે બ્રહ્મ છે. એ ઠીક છે; એમાં વસ્તુતાએ ભૂલ નથી. પણ એટલું બસ નથી. એ તારા અનુભવ પર તારે આગળ મનન નિદિધ્યાસન કરવું જોઈએ.

(બ્રહ્મ વિષે, અર્થાત્ ચેતન વિષે જે પ્રતીતિ થાય, તે તેનું 'જ્ઞાન' નથી; તે કેવળ 'મીમાંસ્ય' છે, — અર્થાત્ તે પ્રતીતિને વળી ઊંડી કરતા રહેવું ઘટે. — આવો અન્વયાર્થ પણ કરી શકાય.)

દેહધારી મનુષ્ય પૂર્ણબ્રહ્મનું જ્ઞાન અલ્પ જ પામી શકે; કેમ કે, પોતે પામ્યો એમ તેને લાગે, તો તે જે પામ્યો તે વાચ્ય કે વ્યાખ્યેય બને; અને તો તો તે પૂર્ણબ્રહ્મ નથી. દેહધારી જો તે પામ્યાનો સંકલ્પ કરી શકે, તો તેનો અર્થ એ થયો કે, તે વ્યાખ્યેય છે. એ 'મૂંગે સાકર ખાધી' જેવું નહિ હોય. એટલે બ્રહ્મનું સારી પેઠે જ્ઞાન મને થઈ ગયું એમ કહેવું, તેનો અર્થ એ કે, તેનું જ્ઞાન અલ્પ કે નહિવત જ થયું છે.

આ પહેલો સિદ્ધાંત થયો.

છતાં, કંઈક પામ્યાનો અનુભવ થાય તો તે બે રીતે બને – એક તો એમ લાગે કે, આ બધું જે ચાલે છે તેનું ચાલક બળ બ્રહ્મ છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ ઋષિ કહે છે; તો મનુષ્યને કાંઈક લાગે છે કે, પોતે કાંઈક ચેતનબળ છે, એટલે પોતે તે બ્રહ્મનું કાંઈક રૂપ તો ખરો જ. અથવા બીજું એમ લાગે કે, દેવશક્તિ ધરાવતી લાગતી આ ઇંદ્રિયો, તેમની એ દિવ્ય શક્તિમાં કાંઈક ચેતનબળ દેખાય છે, એટલે તેમાં તે બ્રહ્મ કોઈક રૂપે રહેલું છે. — આમ એ ભાવે ચેતનની પ્રતીતિ બની શકે. તે પરથી બીજો સિદ્ધાંત કહે છે કે, એ અનુભવ બ્રહ્મજ્ઞાન નથી, પણ તે વિષે વધુ ને વધુ મનન કરતા રહેવું જોઈએ. તો તેમાંથી બ્રહ્મને પામી શકાશે. પણ એ પરથી એવો સિદ્ધાંત ન કાઢી બેસવું કે, બ્રહ્મ શું છે તેનો પૂરો ઉત્તર મળી ગયો.

મતલબ એ થઈ કે, આ બ્રહ્મ પદાર્થ અજ્ઞેય તો નથી; મનુષ્ય તેને જાણી શકે છે; પરંતુ તે જાણ બીજી બધી જાણ કરતાં વિલક્ષણ અને અગાધ છે, એ ખ્યાલમાં રાખવું. નહિ તો કોઈક અલ્પ વસ્તુને જ અપાર એવું બ્રહ્મ માનીને આપણે ક્ષુદ્ર અહંભાવી બની શાંત-હૃદય થઈ બેસીશું. એવું બન્યાની કથા, જેમ કે છાંદોગ્ય ઉપનિષદમાં (અ૦ ૮, ખં૦ ૭-૧૨, ૧૫) આવે છે. વિરોચન અને ઇંદ્ર પાણીમાં પોતાનું પ્રતિબિંબ જોઈને માને છે કે, આપણું શરીર આત્મા કે બ્રહ્મ છે.

એટલે ઋષિ કહે છે કે, આપણાં મન બુદ્ધિ તથા ઇંદ્રિયો દ્વારા બ્રહ્મ પ્રતીત થાય છે, તેનો ચિંતન મનન દ્વારા ઊંડો ને ઊંડો અનુભવ કરતા જ રહેવું. એમ કરતાં કરતાં જીવનમાં જે કાંઈ સત્ય રૂપે પ્રતીત થતું જાય, તેટલું કે તે જ માત્ર બ્રહ્મ છે એમ નહિ માનતાં નેતિ નેતિ — હજી આગળ ને આગળ જવાનું છે એમ માનવું; કેમ કે અપાર બ્રહ્મનો પાર એ રીતે જ પામી શકાય. આપણી પ્રતીતિનો અંત નથી, તેમ જ બ્રહ્મનો અંત નથી. એટલે તે અંત પામ્યા, એમ જેજે માનતો.

આપણા સામાન્ય અનુભવની રીતે જોતાં આ તો વિચિત્ર લાગે એવી વાત થઈ. તો પછી બ્રહ્મ જાણ્યું કે ન જાણ્યું, એ વિશે કહેવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શું ? ન એ પૂર્ણજ્ઞાનનો વિષય બની શકે એમ કહો છો; ન એ અજ્ઞેય છે એમ પાછું કહો છો. આનો અર્થ શો ? એમાંથી સમજવું શું ?

આવા કાંઈક મુગ્ધ પ્રશ્નના ઉત્તર રૂપે ઋષિ આગળ બીજા શબ્દોમાં એ જ વાત ફરી કહે છે.]

૨

બ્રહ્મજ્ઞાનીની સમજ

[બ્રહ્મ શું છે, એ વિષે ઋષિએ ઈશારારૂપે કેટલુંક કહ્યું; અને શિષ્ય તેમાંથી શું સમજ્યો હશે તેની કલ્પના કરીને ચોખવટ રૂપે પાછું જણાવ્યું કે, બ્રહ્મ જ્ઞાત–અજ્ઞાત બધાથી પર છે; છતાં તે અજ્ઞેય નથી.

આ સાંભળીને સ્વાભાવિક રીતે શિષ્યને થાય કે, ત્યારે તમે તો તે જાણતા જ હશો; એટલે તમે એ બ્રહ્મ પદાર્થ વિષે જે જાણો છો તે કહો. જેમ ગીતામાં અર્જુન શ્રીકૃષ્ણની બીજા અધ્યાયની ચર્ચા સાંભળીને પૂછવા પ્રેરાય છે કે, આ જે તમે યોગસ્થ કે સ્થિતપ્રજ્ઞ માણસની વાત કરો છો, તે કેવો હોય, શું કરે, કેમ જીવનમાં વર્તે, તે કહો; તો તમારી વાત મારા મનમાં વધારે સાફ થાય. લગભગ એવા ભાવથી, કેનના ઋષિની આટલે સુધીની ચર્ચા પરથી પૂછવા મન થાય કે, તમે બ્રહ્મ વિષે જે જાણો છો તે કહો, તો તમારી વાત વધારે સમજાય; બ્રહ્મજ્ઞાન વિષે તમારી શી સમજ છે તે જો જણાવો, તો મને પ્રત્યક્ષ દાખલા રૂપે તે વિષે જાણતાં ફાવે.

શિષ્યના આવા પ્રકારના પ્રશ્નના જવાબ તરીકે ઋષિ કહે છે :—]

नाहं* मन्ये सुवेदेति
नो न वेदेति वेद च ।
यो नस्तद्वेद तद्वेद
नो न वेदेति वेद च ॥२॥

---

* પાઠાંતર એવું છે કે નાહ (નથી જ).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પદાર્થ

न = ના अहं = હું मन्ये = માનું છું सुवेद = સારી પેઠે જાણ્યું છે इति = એમ; नो = ના, न = નહિ वेद = જાણ્યું છે इति = એમ वेद = જાણ્યું च = અને;

यः = જે नः = અમારામાંનો तद् = તેને वेद = જાણ્યું तद् = તે वेद = જાણ્યું नो = ના, न = નહિ वेद = જાણ્યું इति = એમ वेद = જાણ્યું च = અને.

અન્વય

सुवेद इति अहं न मन्ये; न वेद, वेद च इति (अपि)नो (मन्ये) । नः यः तद् वेद (सः) तद् वेद — न वेद वेद च, इति नो ।

અર્થ

(તે બ્રહ્મને) હું બરોબર જાણું છું એમ હું નથી માનતો; (તેને) નથી જાણતો અથવા તો (તેને) જાણું છું એમેય નથી માનતો. અમારામાંનો જે તેને જાણે છે, (તે) એ જાણે છે કે, પોતે તેને નથી જાણતો એમ નથી અને જાણે છે એમ પણ નથી.

[બ્રહ્મને પરિપૂર્ણ જાણવાનું અથવા તો ઇંદ્રિયગમ્ય પદાર્થો જેવી રીતે જાણી શકાય છે તે રીતે બ્રહ્મને જાણવાનું તો દેહધારીથી શક્ય નથી જ; એટલે તેને હું જાણું છું કે સારી પેઠે હું જાણું છું એમ કહેવું, એ તો સંભવે જ નહીં.

તો શું તમે નથી જાણતા એમ કહો છો ? તેના જવાબમાં ઋષિ કહે છે, એમ પણ કેમ કહેવાય ? કેમ કે, હું જાણું છું; બ્રહ્મ અજ્ઞેય નથી.

એટલે, વિચિત્ર લાગે એવો ઉત્તર જ આપવો પડે છે કે, જાણું છું કહું તો તેમાં દોષ એ છે કે, તે બીજા પદાર્થો પેઠે અથવા તો પૂર્ણપણે જાણી નથી શકાય એવું. છતાં, તેનો જેવો શક્ય હોય તેવો અનુભવ તો મળે છે, એટલે તેને નથી જાણતો એમ પણ કેવી રીતે કહું ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલે આ મંત્રમાં ઋષિ કહે છે, હું જાણું છું તો ખરો, કેમ કે બ્રહ્મ છે જ. પણ તેનું અગાધ રૂપ બીજા ઇંદ્રિયગમ્ય પદાર્થોની રીતે જાણી નથી શકતો; એટલે કહેવું પડે છે કે, તેને નથી જાણતો.

આમ કહીને બ્રહ્મ કેવું છે તેનો ખ્યાલ આપવા ઋષિ પ્રયત્ન કરે છે. તે જાણી શકાય, પણ અનિર્વચનીય અનુભવ છે — ભાષામાં તે ઊતરી નથી શકતો. એટલે તે રીતે જોતાં, તેને નથી જાણતો એમેય કહેવાય. તેથી બ્રહ્મને જે જાણનારા છે, તે પોતાના જ્ઞાનને આવી વિચિત્ર ભાષામાં વર્ણવે છે કે, હું જાણું છું એમ નથી અને નથી જાણતો એમ પણ નથી.

મતલબ કે, બ્રહ્મપદાર્થ વિષે વાત કરવી પડે તો આથી બીજી ભાષા તેને માટે સાચી નથી લાગતી; આવી અવળવાણી જેવી ઊલટ-સૂલટ ભાષા દ્વારા જ બ્રહ્મનું નિરૂપણ કરી શકાય છે. કારણ કે, આ વિશ્વનું જે મહાચેતન છે, તે વસ્તુતાએ એવું છે.

તેથી ઋષિ એવી જ વિચિત્ર ભાષામાં વળી આગળ કહે છે :-]

यस्यामतं तस्य मतं
मतं यस्य न वेद सः ।
अविज्ञातं विजानतां
विज्ञातमविजानताम् ॥३॥

પદાર્થ

यस्य = જેનું, જેને अमतं = નહીં માનેલું, મનથી નહીં જાણેલું, નહીં સમજાયેલું तस्य = તેનું, તેને मतम् = માનેલું, મનથી જાણેલું; मतम् = માનેલું, મનથી જાણેલું, સમજાયેલું यस्य = જેનું, જેને न = નહીં वेद = જાણે છે, જાણ્યું છે सः = તે;

अविज्ञातम् = (વિશેષ રૂપે) નહીં જાણેલું विजानताम् = (વિશેષ રૂપે) જાણનારાઓનું; विज्ञातम् = (વિશેષ રૂપે) જાણેલું अविजानताम् = (વિશેષરૂપે) નહીં જાણતાઓનું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અન્વય

यस्य (तद् ब्रह्म) अमतं, तस्य (तद्) मतं (स्यात्); यस्य (तद् ब्रह्म) मतं, सः (तद्) न वेद। (एवम्) (तद् ब्रह्म) विजानताम् अविज्ञातम्, (तथा च) (तद्) अविजानताम् विज्ञातम् ॥३॥

અર્થ

જેને (તે બ્રહ્મ) 'અમત' છે — (જેણે તેને મનથી જાણ્યું નથી — જેને તે મનોગત લાગ્યું નથી,) તેને તે સમજાયું હશે; જેને (તે બ્રહ્મ) 'મત' છે (જેણે તેને મનથી જાણ્યું એમ માન્યું), તે તેને જાણતો નથી.

(આથી કરીને,) જેઓ (તે બ્રહ્મને વિશેષ રૂપે) જાણનાર છે (— અમે બ્રહ્મને એક વિશેષ પદાર્થ તરીકે જાણીએ છીએ, એમ માનનારા છે), તેમને તે અવિજ્ઞાત છે (—તેઓ તેને જાણતા નથી); અને જેઓ (તે બ્રહ્મને વિશેષ રૂપે) નહીં જાણનારા છે (— અમે બ્રહ્મને એક વિશેષ પદાર્થ તરીકે તો જાણતા નથી, એમ માનનારા છે), તેમને તે વિજ્ઞાત હશે (તેઓ તેને પામેલા હોય).

[આ શ્લોકમાં પહેલાં બે ચરણમાં મત પદથી અને બાકીનાં બે પદમાં વિજ્ઞાત પદથી કહેવાનું કહ્યું છે. બંને પદોનો અર્થ 'મનથી જાણેલું – વિશેષ રૂપે જાણેલું' એવો સરખો જ છે, એમ ગણી શકાય.

આ શ્લોકમાં બીજા શ્લોકનો જ ભાવ આગળ કહ્યો છે. બીજા શ્લોકમાં એમ કહ્યું કે, બ્રહ્મ એવો પદાર્થ છે કે તેને વિષે 'જાણું છું' કે 'નથી જાણતો' એમ કહી શકાતું નથી. જે જાણવા માટે મનુષ્યને અંતરમાંથી અવાજ ઊઠે જ ઊઠે છે (જેમ કે, આ ઉપનિષદનો પહેલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્લોક), જે ન જાણીએ તો જીવન નકામું ઠરે છે, તેવી મૂળ વસ્તુ જણાય એવી નથી, તે નથી જાણતો, એમ તો કેવી જ રીતે બને? એટલે તે જાણી તો શકાય જ. પરંતુ જાણી શકાય એટલે શું? જેમ જગતના અનેક સ્થૂલ સૂક્ષ્મ પદાર્થો આપણે જાણીએ – જોઈએ છીએ, તેમ આ બ્રહ્મપદાર્થ જણાય – જોવાય એમ? સામાન્ય ભાષામાં તો એમ જ સમજાય. એટલે તેનો ઇનકાર કરવા ઋષિ કહે છે કે, જાણું છું એમ પણ મારાથી કહેવાતું નથી. એટલે શ્લોકમાં અંતે કહ્યું કે, યો નસ્તદ્ વેદ તદ્ વેદ – નો ન વેદેતિ વેદ ચ । (અમારામાંનો જે તેને જાણે છે, તે એને વિષે એમ જાણે છે કે, પોતે તેને નથી જાણતો એમ નથી અને જાણે છે એમ પણ નથી. શ્લોક – ૨.) બ્રહ્મ પદાર્થને જાણનારો તેના જ્ઞાન વિષે પૂછો તો આમ કહે, આમ જ કહી શકે છે.

એટલે, હવે ત્રીજો શ્લોક વિવેચન આગળ એ ચલાવે છે કે — જે નથી જાણતો એમ કહે, તેને તે જ્ઞાત હોય; જે કહે કે મેં જાણ્યું છે, તે તો તેને નથી જાણતો.

બ્રહ્મ પદાર્થ બીજા પદાર્થ પેઠે વિશેષજ્ઞાનની વસ્તુ નથી. તેથી એને માટે 'જાણવું' શબ્દપ્રયોગ ભલે કરીએ, પરંતુ તેનો અર્થ જુદો જ છે — બીજા જાણવા જેવો અર્થ નથી. કારણ કે, બ્રહ્મ તો આપણા જાણવાના ઇંદ્રિય-સાધનનું — મનનું પણ મન છે; મનનું મનપણું જ એ છે. એટલે જેને લઈને મન પોતાનું કામ કરે છે, તેને જ તે કઈ રીતે જાણી શકે? વિજ્ઞાતારમ્ અરે કેન વિજાનીયાત્? (બૃહદારણ્યક૦ ૨-૪-૧૪; ૪-૫-૧૫) – જે ખરો જાણનારો કે જોનારો છે, તેને ભલા કઈ રીતે જાણી કે જોઈ શકાય? ન વિજ્ઞાતેર્વિજ્ઞાતારમ્ વિજાનીયાઃ (બૃહદ૦ ૩-૪-૨) – જે પોતે જ વિજ્ઞાનનો વિજ્ઞાતા છે, તેને પાછો શી રીતે જાણવો? એક સાદા તર્કથી જોતાં પણ દેખાય છે કે, તે તો ન બને એવી વાત ગણાય. છતાં જો કોઈ દાવો કરે કે, મેં તો તે જાણ્યું-જોયું, તો એનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્થ એ કે, જે તેણે જાણ્યું-જોયું, તે બ્રહ્મ તો ન હોઈ શકે; પણ તેને બદલે કોઈ બીજી વિભૂતિને તે બ્રહ્મ માની બેઠો લાગે છે. એટલે તેણે તે જાણ્યું નથી. અને જો કોઈ એવો હોય કે જેણે તે જાણ્યું હોય, તો તે તો એમ નહીં જ કહે કે મેં જાણ્યું-જોયું; કારણ કે, બ્રહ્મ એ રીતે જાણવા-જોવાનો ને પછી વર્ણવી બતાવાય એવો કોઈ નિરાળો કે ખાસ સાકાર એવો સૂક્ષ્મ કે સ્થૂલ પદાર્થ નથી. એટલે તે માણસ તો એમ કહેશે કે, ના, હું તેને એવી રીતે તો જાણતો નથી. ઋષિ કહે છે, આવું કહેનારો બ્રહ્મને પામ્યો હોય; પરંતુ બ્રહ્મને જાણું છું કહેનારો નહીં, કેમ કે તેણે તો ભૂલ જ ખાધી છે.

આમ એક શ્લોક દ્વારા બ્રહ્મ વિષે વળી વધારે સ્પષ્ટતા કરવાનો પ્રયત્ન થયો. પરંતુ તેથી સવાલ તો એ ઊઠ્યો કે, ત્યારે એ બ્રહ્મનો અનુભવ શી રીતે થાય તે કહો. તે અગાધ છે, વિભુ છે, વ્યાપક ને વિરાટ છે; તે નેદમ્ યદિદમુપાસતે — આ બધું જેનો આપણે સંસર્ગ સેવી રહ્યા છીએ, તેવું કોઈ દૃશ્ય એ નથી; એટલે એનું જ્ઞાન હોય તોય તે વિલક્ષણ છે. તે વિલક્ષણ જ્ઞાન કઈ રીતનું હોય તે સમજાવો. — આ પ્રશ્નની ચર્ચા આ ખંડના બાકીના બે શ્લોકમાં ઋષિ કરે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

બ્રહ્મ પ્રતિબોધવિદિત છે

[શિષ્યની ગૂંચ કેવા પ્રકારની છે તે આપણે જોઈ: " બ્રહ્મ જાણી શકાય છે, તો તેના જાણનાર તરીકે તમે સ્પષ્ટ કહો કે તે કેવું છે; તેને બદલે તમે તો પરસ્પર વિરોધી લાગતાં વાક્યોથી અત્યાર સુધી વાત કરો છો —

'यस्यामतं मतं तस्य; मतं यस्य न वेद सः ।'

'अविज्ञातं विजानताम् ।'

છતાં વળી કહો છો, 'विज्ञातं अविजानताम् ।' આનો અર્થ શો? આથી તો જાણ્યું કે ના જાણ્યું સરખું જ થઈ રહ્યું.* જો બ્રહ્મ જાણી શકાય છે, તો તેને જાણનારે કાંઈક એવું તો કહેવું જોઈએ કે જે ન જાણનારથી તેને જુદો પાડી બતાવે. એટલે મને કાંઈક સમજ પડે એવો જવાબ આપો. "

આ જ સવાલ લગભગ દરેક મુખ્ય ઉપનિષદનો પ્રધાન અને મૂળ સવાલ હોય છે; કોઈ ને કોઈ રીતે તેના બાહ્ય રૂપમાં તે તે ઉપનિષદના પૂર્વાપર સંબંધથી તેમાં ભેદ ભલે હોય, પરંતુ મૂળે પુછાતી શંકા કે સવાલ આ હોય છે. જેમ કે, કઠોપનિષદમાં (૧-૨-૧૪) છે —

अन्यत्र धर्मात् अन्यत्र अधर्मात्
अन्यत्र अस्मात् कृताकृतात् ।
अन्यत्र भूतात् च भव्यात् च
यत् तत् पश्यसि तद् वद ।।

---

* શંકરાચાર્ય એમના ભાષ્યમાં ટૂંકમાં કહે છે એમ —

'यदि ब्रह्म अत्यन्तम् एव अविज्ञातम्, लौकिकानां ब्रह्मविदां च अविशेषः प्राप्तः'। જો બ્રહ્મ પદાર્થ આત્યંતિક રીતે અજાણ કે અજ્ઞેય જ હોય, તો લૌકિક સામાન્ય પુરુષો અને બ્રહ્મવિદો વચ્ચે ફેર શો? બંને સરખા જ થઈ રહ્યા. બ્રહ્મ જાણ્યું શું ને ન જાણ્યું પણ શું?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(વસ્તુ કે ઘટનાઓના ધર્મો કે લક્ષણોથી એ બ્રહ્મ જુદું છે; એટલે કે, તેને કોઈ વસ્તુ કે ઘટના સાથે તુલના નથી. આ કાર્ય કે તે કાર્ય, આ અકાર્ય કે તે અકાર્ય — અમુક કર્યું કે ન કર્યું, તેનાથીય એ બ્રહ્મ જુદું છે; એટલે કે, અમુક કરીએ ન કરીએ તેની સાથે બ્રહ્મને જાણવાની સાથે લેવાદેવા નથી — તે કશાને પરિણામે બ્રહ્મ જણાય કે સમજાય એમ પણ નથી. અમુક થયું કે ન થયું, અમુક થયેલું કે હવે પછી થશે, તેનેય બ્રહ્મ જોડે લેવાદેવા નથી; એટલે કે, આમ થાય કે થશે તો બ્રહ્મ સમજાશે એમ પણ નથી. હે ગુરુ, આપ કહો છો તે પરથી આવું મને સમજાયું. અને છતાં, તેને જોનારા-જાણનારા હોય છે; એ નથી જ જણાતું, એમ તો નથી કહેતા. તો પછી આપ તેને જેવું જોયું-જાણ્યું હોય, તેવું તે કહો. તે અનિર્વચનીય છે; છતાં એવું તો કાંઈ કહો કે જેથી અજ્ઞાન લોકો અને બ્રહ્મવિદો વચ્ચે ભેદ શાથી છે તે તો ખ્યાલમાં આવે.)

'કેન'ની ચર્ચામાં આટલે આવ્યા પછી, આવો સવાલ 'કેન'-ના ઋષિ સામે પણ મૂકવા જેવો લાગે છે. તેવા સવાલના જવાબમાં હવે 'કેન'ના ઋષિ તેનો સમજાય એવો અને બને તેટલો હકારવાચક જવાબ આપે છે:—]

प्रतिबोधविदितं मतम्
अमृतत्वं हि विन्दते ।
आत्मना विन्दते वीर्यं
विद्यया विन्दतेऽमृतम् ॥४॥

પદાર્થ

प्रतिबोधविदितम् = પ્રત્યેક બોધ કે પ્રજ્ઞાનમાંથી પ્રતીત થતું — જણાતું मतम् = માનેલું, મનથી જાણેલું, સમજાયેલું; अमृतत्वं = અમરતા हि = જ विन्दते = મેળવે છે, પ્રાપ્ત કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

आत्मना = આત્મા વડે, આત્માના જ્ઞાનથી विन्दते = મેળવે છે, પ્રાપ્ત કરે છે वीर्यम् = વીરતા; विद्यया = વિદ્યા કે બ્રહ્મના જ્ઞાનથી विन्दते = મેળવે છે, પ્રાપ્ત કરે છે अमृतम् = અમૃત, અમરપણું.

અન્વય

(यस्य) प्रतिबोधविदितं (तस्य) मतम्; (सः) अमृतत्वं हि विन्दते ।(सः) आत्मना वीर्यं विन्दते, विद्यया अमृतम् (च) विन्दते ।

અર્થ

(ચિત્તમાં થતા) દરેક બોધ કે પ્રજ્ઞાનમાં (તેના સાક્ષી રૂપે રહેતું તે બ્રહ્મ જેને) જણાય છે, તેને તે સમજાયું છે; તે (તેના ફળ રૂપે) અમરતાને પામે છે.

(તેમાંથી તેને પોતાના આત્માનું — પોતે કોણ છે તેનું જ્ઞાન થાય છે; એટલે, તેવા આત્મજ્ઞાનથી —)

આત્મા વડે તે વીરતા પ્રાપ્ત કરે છે; (અને જીવનમાં એ દાખવીને ચાલતાં તેમાંથી મળતી) વિદ્યા કે સમજ યા જ્ઞાન વડે તે અમરતાને પામે છે.

[ઋષિ બ્રહ્મ વિષે એક ચોકસ લાગે એવું લક્ષણ કહે છે. જીવને હર વખત ચિત્તમાં કાંઈકનું કાંઈ ભાન થયા જ કરે છે, એ તો સૌ કબૂલ કરે છે ને માને છે. તેથી તો તે જીવતો રહે છે; તેને જીવન જેવું લાગે છે. એ સર્વમાન્ય હકીકતને આધારે બ્રહ્મની ઓળખ આપવાનો અહીં પ્રયત્ન છે.

ઋષિ કહે છે, ચિત્તના એ દરેક બોધ કે ભાન કે પ્રજ્ઞાન વડે બ્રહ્મને પામી કે કળી શકાય છે; તેથી બીજો રસ્તો જ નથી. બ્રહ્મ ન જ જાણી શકાય એવું નથી એ ખરી વાત; કેમ કે તે 'પ્રતિબોધ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદિત' છે — એકેએક બોધમાં* તેની પ્રતીતિ પડેલી છે; અને બોધ કે પ્રજ્ઞાન તો દરેકને થાય જ છે, જેમાંથી બ્રહ્મપ્રતીતિ થઈ શકે છે.

આપણને વૃત્તિઓ મારફત બોધ થાય છે. અને વૃત્તિઓ તો ચિત્તમાં ઊઠ્યા જ કરે છે. (ઊંઘ અને યાદદાસ્ત પણ વૃત્તિ જ છે, એ યાદ રાખવું.) એટલે, ચોવીસે કલાક — પ્રતિક્ષણ બોધ કે પ્રત્યયની પરંપરા તો આપણી ચાલુ જ હોય છે. આગળ હવે ઋષિ કહે છે કે, બ્રહ્મ તે દરેકમાંથી પ્રતીત થાય એવું એકસરખું સત્ય છે. જેને તેમ થાય તે બ્રહ્મવિદ્; ન થાય તેણે તે માટે મથવું જોઈએ. કેવી રીતે? બ્રહ્મને જાણવાનો રસ્તો આ પ્રત્યયો કે ચિત્તવૃત્તિઓની આડે સંતાયેલો છે. ઋષિ કહે છે, બોધે બોધે અમે તો તે બ્રહ્મને જોઈએ છીએ; દરેક બોધમાંથી અમે તો તેનું જ જ્ઞાન પામીએ છીએ.

એટલે શિષ્ય જે પૂછે છે કે, તમે બ્રહ્મ વિષે જે જાણો છો તે કહો, તેના સીધા જવાબરૂપે ઋષિ આ કહે છે: હર ઘડી હર ઘટનામાં — હરેક બોધનમાંથી અમે તે બ્રહ્મને પામીએ છીએ. તું જે પૂછે છે કે, તમે શું જાણો છો તે કહો, તેનો અમારો ઉત્તર એ છે કે, પ્રત્યેક બોધ વડે અમે તેને જાણી શકીએ છીએ; પ્રત્યેક બોધમાંથી એકમેવાદ્વિતીયમ્ જ્ઞાન જે અમારી સમજમાં નીતરી રહે છે, તે બ્રહ્મ છે; આ આખું વિશ્વ અમને એ જ બતાવ્યા કરે છે. ×

---

* પ્રતિબોધ એટલે શું, તે વિષે મતમતાંતર છે. સારાંશે અર્થમાં ખાસ ફરક નથી પડતો. બૌદ્ધ ક્ષાણકવાદ મુજબ અર્થ સમજો કે બીજી રીતે, કહેવાની મતલબ એ છે કે, બ્રહ્મને પામવાનો રસ્તો બુદ્ધિ કે ચિત્તને જે બોધ થાય છે તેની મારફત છે. આ બોધ ક્ષણે ક્ષણે થાય છે અને નાશ પામ્યા કરે છે એમ કહો તોય તે નાશ પામતાં બોધનોની પરંપરા કે માળામાં એક નાશ ન પામનાર સૂત્રરૂપ તે બોધનોને પામતો રહેનાર કે તેમની સ્મૃતિ તો છે જ.

× 'પ્રતિબોધ'નો બીજો અર્થ એવો પણ થઈ શકે કે, કોઈ પણ બોધ કે પ્રજ્ઞાન ચિત્તને થાય, તેના પ્રત્યાઘાત કે પરિણામ રૂપે માનવ ચિત્તમાંથી (એટલે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોધનું જ્ઞાન તો આપણુ દરેકને થાય છે. પરંતુ દરેકને તેમાં એક અદ્વિતીય બ્રહ્મ નથી જણાતું. બલ્કે, દુનિયાનો અનુભવ તો ઊલટો છે: એક જ બોધનમાંથી જુદા જુદા અનુભવો આપણને તો થાય છે. અરે, એક જ બનાવને જોનારા તેને જુદી જુદી રીતે વર્ણવે છે. નહીં કે, જાણી જોઈને; એમને એવી જ પ્રતીતિ થઈ હોય છે, કે જે અલગ અલગ હોય છે. એટલે તો આવી આવી કહેવતો બની છે — 'મુંડે મુંડે મતિ જુદી'; 'એકને મન મેવા તે બીજાને મન ઝેર' ઇ૦. મતલબ કે, પ્રત્યેક બોધે લોકોને જે પ્રતીતિ થાય છે, તે સૌની એક-સરખી નથી હોતી.

વળી, ક્ષણે ક્ષણે વૃત્તિઓ દ્વારા થયા કરતો આવો બોધ ક્ષણની સાથે ભૂતકાળમાં વિલીન થતો જાય છે. ક્ષણનાશની સાથે તે તે બોધનોય નાશ થયા કરે છે. અને તેમાંથી જે કાંઈ વિદિત રૂપે સંસ્કારો મળે છે, તે તો જાત જાતના જુદા પડે એવા હોય છે. તેમાંથી રાગદ્વેષના જે વિવિધ ભાવો પેદા થાય છે, એ તો વળી બીજી વાત થઈ.

આમ છતાં શિષ્યને ઋષિ તો કહે છે કે, અમને તો બધાં બોધનોમાંથી એકરસ એકમાત્ર પ્રતીતિ વિદિત થાય છે; અને તે બ્રહ્મ કહેવાય છે. તું જે સવાલ પૂછે છે કે, તમારી સમજ હોય તે કહો, તે અમે કહી કે, બ્રહ્મપદાર્થ 'प्रतिबोधविदितम् मतम्' છે.

કે તેનાં મન બુદ્ધિ અહંકારમાંથી) જે સામેથી ભાવ જાગે, તે 'પ્રતિબોધ'. એટલે અર્થ એવો થયો કે, ચિત્તમાં ઊઠતા બોધ કે પ્રજ્ઞાન કે સમાપત્તિને પરિણામે સામેથી મનુષ્યને જે તેના અનુભવરૂપે 'પ્રતિબોધ' જાગે, તે દરેક વાટે જાણી શકાય કે જણાવાતું એવું જે સ્થાયી એકતત્ત્વ, તે બ્રહ્મ છે. હરેક સંપ્રજ્ઞાન બ્રહ્મનું જ દ્યોતક છે, એમ આપણી બુદ્ધિ જોતી થવી જોઈએ. ઋષિ કહે છે, અમે બ્રહ્મને એ વાટે જાણીએ છીએ. મનુષ્ય પોતાની બુદ્ધિને કુશાગ્ર અને સૂક્ષ્મ કરીને ધીર બને અને ઘટનાઓનો બોધ કરે, તો તેને બ્રહ્મનો પ્રતિબોધ થાય. અને એ અનુભૂતિ એકરસ હશે. એટલે, આપણી બુદ્ધિના પ્રતિબોધનું સંશોધન કરતા રહેવું જોઈએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ જવાબ આગલા શ્લોકો જેવો વદતોવ્યાઘાતી કે નકારવાચક નથી. શિષ્યને વિચારમાં નાખે એવો છે. એટલે કે, એ જવાબમાં તેને માટે કાંઈક ઉત્તર રહેલો છે. અને એ ઉત્તરનું વિશેષ રહસ્ય પૂછવા પ્રેરે એવો છે. શ્લોકનાં આગળનાં ચરણો એ વધારે પ્રગટ કરે છે.

આ જવાબથી એ પણ સ્પષ્ટ થાય છે કે, દુનિયાદારીના લોકો અને બ્રહ્મવિદો વચ્ચે ફેર છે તે અહીંયાં કે, લૌકિક નજરે જ્યાં બોધે બોધે જુદાઈ અને અલગતા દેખાય છે, ત્યાં બ્રહ્મવિદને બ્રહ્મની એકતા દેખાય છે. બે વચ્ચે ફેર છે તે આ છે. જે ફેરને જ ભક્તો ને શાસ્ત્રકારોએ ટૂંકમાં ગાયો છે —

या निशा सर्वभूतानाम्
तस्यां जागर्ति संयमी,
यस्यां जाग्रति भूतानि
सा निशा पश्यतो मुनेः ॥

(ગીતા ૨-૬૯)

"ઊલટ ભઈ મોરે નયનનકી."
"તરણા-ઓથે ડુંગર રે,
ડુંગર કોઈ દેખે નહી."
"જ્યાં જ્યાં નજર મારી ઠરે,
યાદી ભરી ત્યાં આપની."

આ ફેર મરણ અને અમરતા જેવો જબરો છે. ક્ષણે ક્ષણે થતા પ્રતિબોધથી લૌકિકોને વિવિધતા અને નાશ દેખાય છે, એને પરિણામે સુખદુઃખ અને મરણ ઇ૦ સંતાપે છે; ત્યારે ત્યાં બ્રહ્મવિદને એકતાની નિર્ભયતા ને અમૃતત્વ જણાય છે. ઋષિ કહે છે — अमृतत्वं हि विन्दते — તે અમૃતત્વ પામે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ શી રીતે થાય છે ? આવું કેમ બને ? સૌને સરખી ઇંદ્રિય, મન ઇ૦ હોવા છતાં એકને આમ ને બીજાને તેમ કેમ બની શકે ? આનો ભેદ ઋષિ ત્રીજા ચરણમાં કહે છે.

લૌકિકોને એમ લાગે છે કે, આપણે ઇંદ્રિય, મન, બુદ્ધિ ઇ૦થી જોઈએ છીએ; પણ તેઓ પોતે શું છે એની તેમને કલ્પના નથી. પોતાને વિષેનો જે 'અહંભાવ', તેનો સાચો મર્મ તેમને નથી લાધ્યો. સંપ્રજ્ઞાન કે ભાનમાત્રની અંદર સાક્ષીરૂપે રહેલો પોતે છે, અને એ જ એકમાત્ર તેમાં સત્ય છે, બીજું બધું તો થયા કરનારું એવું 'ભૂત-ભવ્ય' જ છે, — એ તેને સ્પષ્ટ નથી. જગતમાં તે અનેક દૈવત્વ કે સત્તાઓ માને છે અને તેમને આશરે પોતાને માનીને વર્તે છે. એને એનું પોતાનું મૂળ સત્ત્વ કે બળ દેખાતું નથી. બ્રહ્મવિદ્‌માં અને તેનામાં ફરક અહીંયાં રહેલો છે. બ્રહ્મવિદ્ થનારો આત્માને પોતાના સાચા સ્વરૂપ તરીકે જુએ છે. સંપ્રજ્ઞાન કે બોધ તેને થાય છે, તેમને ચકાસી ચકાસીને તે આ વસ્તુ પર છેવટે પહોંચે છે. એ પામી ગયો છે કે—

'इंद्रियेभ्यः परा ह्यर्था
अर्थेभ्यश्च परं मनः ।
मनसस्तु परा बुद्धिः
बुद्धेरात्मा महान् परः ॥
(कठ-१-३-१०)

(ઇંદ્રિયો કરતાં તેમના વિષયો કે અર્થો મોટા છે; તેમના કરતાં મન મોટું છે; મન કરતાં બુદ્ધિ મોટી છે; બુદ્ધિથી મોટો મહાન પરમ એવો આત્મા છે.)

આવી સમજવાળો પુરુષ ખરેખર વીર છે, બલવાન છે. તે જગતના વિવિધ અર્થોથી વિવશ નથી થતો. બધાથી મોટા એવા તે આત્માને લઈને તે બળિયો બને છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઋષિ એ જ કહે છે,

'आत्मना विन्दते वीर्यम्'—

આત્મજ્ઞાન વડે માણસ જીવનમાં વીરતા પામે છે; તેણે જીવનનું સાચું બળ મેળવ્યું છે.

અનેક જાતનાં બાહ્ય બળ દુનિયાદારીમાં રહેતા લૌકિકોને દેખાય છે અને તેમને તે દૈવત માની પૂજે છે. આ પરાવલંબી બળથી આત્મા ન મળે; કદાચ તે તે દૈવત મળે. એમાંથી એકત્વની વિદ્યા ન મળે. અને એ વિના અમૃત ન મળે. બ્રહ્મવિદ્યા અને ઉપરની બીજી વિદ્યાઓમાં આ ફરક છે. બીજી વિદ્યાઓ વિદ્યા નથી, વિદ્યા તો તે જ કે જે— 'विद्यया विन्दतेऽमृतम्' — વિદ્યા વડે અમૃતત્વ મળે. બ્રહ્મવિદની વિદ્યા અને લૌકિકોની વિદ્યાઓમાં આ બીજો મોટો ફરક છે. જેણે પ્રતિબોધવિદિત એવું એક બ્રહ્મ જાણ્યું, તેણે જાણવાનું જાણ્યું. જે બોધે બોધે ભેદને જોયા કરે, તે અમૃતને નહીં પામે.

એટલે શિષ્યની શંકાનો ઋષિ બે ત્રણ કસોટી દ્વારા જવાબ આ પ્રમાણે આપે છે :—

૧. બ્રહ્મ એ કે જે પ્રત્યેક બોધમાંથી પમાતું એકત્વ છે;

૨. તે બ્રહ્મ જાણ્યે અમરતા મળે છે;

૩. આ માટે ચોક્કસ વિદ્યા છે કે જે વીર લોકો આત્માને જાણવા વાટે મેળવે છે;

૪. એવી વીરતાની પ્રાપ્તિ વિના બ્રહ્મ પદાર્થ સમજવો કઠણ છે.

એટલું જ નહીં, ઋષિ આગળ વધીને કહે છે, માનવ જીવન પામીને એ વીરતા જો ન મેળવી, તો બીજું શું સાધ્યું? એ વિનાનું જીવન ફોગટ છે. આમ જ્ઞાની પુરુષ પોતાના જીવનનો નિચોડ આપી દે છે, જે છેવટે આ ખંડનો આપણ માણસજાતને માટે આદેશરૂપ છેલ્લો શ્લોક છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઋષિ ખૂબ ભાવોદ્રેકમાં આવીને મહા ગંભીર વાણી કહે છે, હે શિષ્ય, સમજ કે,]

इह चेदवेदीदथ सत्यमस्ति

न चेदिहावेदीन् महती विनष्टिः ।

भूतेषु भूतेषु विचित्य धीराः

प्रेत्यास्माल्लोकादमृता भवन्ति ॥५॥

પદાર્થ

इह = અહીંયાં, આ દુનિયામાં, આ જન્મે चेद् = જો अवेदीत् = જાણ્યું, अथ = તો તો सत्यम् = ઠીક, સારું, સાચું अस्ति = છે; न = ના चेद् = જો इह = અહીંયાં, આ દુનિયામાં, આ જન્મે अवेदीत् = જાણ્યું महती = મોટી विनष्टिः = આફત, ખુવારી, હાનિ.

भूतेषु भूतेषु = બધા પદાર્થો કે વસ્તુઓમાં विचित्य = ચકાસીને, જોઈ કાઢીને धीराः = ધીર પુરુષો प्रेत्य = જઈને अस्मात् = આ लोकात् = લોકમાંથી अमृताः = અમર भवन्ति = થાય છે.

અન્વય

इह चेद् अवेदीत् अथ सत्यम् अस्ति, इह चेद् न अवेदीत् महती विनष्टिः । धीराः भूतेषु भूतेषु विचित्य, अस्मात् लोकात् प्रेत्य अमृताः भवन्ति ।

અર્થ

જો (એ પ્રતિબોધવિદિત બ્રહ્મને) અહીં આ જગમાં જન્મીને જાણ્યું, તો સાચી-સારી વાત છે; જો ન જાણ્યું, તો મહા હાનિ છે. જે ધીર પુરુષો છે તેઓ ભૂતમાત્રમાં (દરેક પદાર્થ કે દરેક ઘટનામાં, તેને) ચકાસીને જોઈ લઈને, આ લોકમાંથી ગયા બાદ અમર થાય છે.

[જીવનનું સાફલ્ય આ બ્રહ્મને જાણવામાં છે. ન જાણ્યું, તો ભારે આફત છે; અજ્ઞાનમાં કુટાઈ મરવાનું રહે છે. જાણવું હોય,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો ધીર બનવું જોઈશે. 'ધીર' શબ્દ ઉપનિષદોમાં ખૂબ આવે છે. તેનો અર્થ કેવળ ધીરજવાળો એ નથી, પણ ધીર એટલે મહા કરેલ બુદ્ધિ-વાળો – સ્થિતપ્રજ્ઞ એવો સમજવો જોઈએ. તે શ્રદ્ધા – વીર્ય – અને – અડગતા – પૂર્વક આ જગતનાં ભૂતોમાં વિચરતો રહેતો તેમને નિહાળે છે, અને તેમાંથી જે સત્ય અંશ રહે છે તેને સંધરે છે. એમ તે સત્યને પામે છે અને અમર બને છે.

'ભૂત' શબ્દનો અર્થ થયેલું – બનેલું, એટલે કે, પદાર્થ યા ઘટના કે બનાવ, એવો થાય છે. ભૂત (=અંગ્રેજીમાં 'બિકમિંગ') — આ સંસારમાં જે થયા કરે છે તે. આ શબ્દ સત્યથી જુદો ભાવ બતાવવા માટે છે. સત્ય (=અંગ્રેજીમાં 'બીઇંગ') — આ સંસારમાં જે અવિકારી રૂપે સદા છે તે. જગતમાં જન્મીને આપણે ભૂતો જોડે વહેવાર કરીએ છીએ; તે આપણા અનુભવનો સરસામાન કે સાહિત્ય-સામગ્રી છે; આપણો પ્રતિબોધ એની અંદર રહેલો છે. એમાંથી વિશેષ ચિંતન કરતાં કરતાં પામવાનું છે કે, એ બધું બ્રહ્મનો મહિમા છે; બ્રહ્મ છે, ને એ બધું તો કાંઈ નથી — છે તો બ્રહ્મ જ એ છે. — तदेव ब्रह्म त्वं विद्धि, नेदं यदिदमुपासते। જીવતા છીએ અને તે દરમિયાન એ જો પામ્યા, તો જગ જીત્યા; ન પામ્યા તો મહામારી છે; કેમ કે, ચિત્તના ચકડોળથી પ્રતિબોધ ચાકે ચડેલો જ રહે, અને તેથી અધીરપણું થઈ સતત અજંપો અને અસુખ રહ્યા જ કરે.

આમ છેવટે ઋષિ પોતાનો અનુભવ કહી દઈને વિરમે છે.

એક વસ્તુ એમાં કહેવાની બાકી રહે છે. 'ધીર કેવી રીતે થવાય?' એવો સવાલ સહેજે થાય. 'અમે શું કરીએ કે જેથી અમને પ્રતિબોધવિદિત બ્રહ્મ પ્રતીત થાય?' — એનો જવાબ બાકી રહે છે. ઋષિ એ પણ ટૂંકમાં હવે પછી કહેશે. તે અગાઉ ઉપરનો આખો સાર તે એક કથા રૂપે ફરીથી કહે છે, જેથી સમજવામાં સરળ પડે. ખંડ ૩, ૪માં એ કથા અને અંતે ઉપરના સવાલનો ઉત્તર આવે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખંડ ૩

૧

किमिदं यक्षम्‌ની આખ્યાયિકા

કેનોપનિષદના પહેલા બે ખંડના કુલ ૧૩ મંત્રો છે. તેમાં બ્રહ્મ વિષે સિદ્ધાંત-ચર્ચા કરી છે; અને એમ પ્રતિપાદન કર્યું કે—

બ્રહ્મ આ બધાનું ચાલક છે, તે અનિર્વચનીય છે, ઇંદ્રિયાતીત છે: મન, વાણી, આંખ, કાન, નાક ઇ૦ કોઈ તેને પહોંચી શકે એમ નથી—તેમાંના કોઈ વડે તે જોવાય સમજાય એવું નથી; કારણ કે, તે બધાં સાધનો કે કરણોની શક્તિ કે તેમનું કરણત્વ જ બ્રહ્મને આભારી છે.

છતાં બ્રહ્મને આપણે ઓળખી શકીએ છીએ: એ કેવી રીતે? તેનો ટૂંકો છતાં સૂચક અને જીવનગંભીર એવો ઉત્તર આપ્યો કે, બ્રહ્મ પ્રતિબોધ-વિદિત છે. બીજા એક ઉપનિષદમાં (કઠોપનિષદ, અ૦ ૧-૩-૧૨) કહ્યું છે તેમ, दृश्यते त्वग्र्यया बुद्ध्या सूक्ष्मया सूक्ष्मदर्शिभिः ॥ ("એકાગ્ર અને સૂક્ષ્મ બનેલી બુદ્ધિ વડે સૂક્ષ્મદર્શી લોકો તેને જોઈ શકે છે.") *

ટૂંકમાં, બ્રહ્મ પરત્વે ઉપનિષદોનો આ ઉપદેશ છે.

'મુંડક'માં (૩. ૧. ૮) 'કેન' ના આ જ કથનના સારરૂપ એક મંત્ર છે, તે અહીં યાદ કરવા જેવો છે:

न चक्षुषा गृह्यते नापि वाचा
नान्यैर्देवैस्तपसा कर्मणा वा ।
ज्ञानप्रसादेन विशुद्धसत्त्वस्
ततस्तु तं पश्यते निष्कलं ध्यायमानः ॥

* ગીતા (૬-૨૧) પણ કહે છે કે, તે बुद्धिग्राह्यम् अतींद्रियम् છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[તે પરમ સત્ય આંખ વડે કે વાચાથી કે બીજી કોઈ ઇંદ્રિયોથી ગ્રાહ્ય નથી થતું — ઇંદ્રિયમાત્રથી અતીત હોઈ તે એમને અગોચર છે. તપ અથવા તો કોઈ કર્મથી પણ તે નથી પકડી શકાતું. પરંતુ, વિવેકજ્ઞાન કે સમ્યગ્જ્ઞાનના પ્રસાદથી જેનું બુદ્ધિ-સત્ત્વ વિશુદ્ધ થયું છે, એવો (ક્ષીણદોષ યતિ) પુરુષ એ નિષ્કલ કે નિરવયવ એવા એક અખંડનું ધ્યાન ધરતો રહે, તો તેમાંથી (તેમ કર્યા કરવામાંથી) તે તેને જુએ છે.]

આ મંત્રમાં 'દેવ' એટલે ઇંદ્રિયશક્તિ એ અર્થ ધ્યાનમાં લેવાનો છે; ઉપનિષદ-સાહિત્યમાં એનો એવો અર્થ થાય છે. અને તે અર્થમાં હવે 'કેન'નો ઉજો ખંડ, ઉપરનો ઉપદેશ કહેવા, એક કથા માંડે છે. તે દ્વારા, એ જ ઉપર કહેલો સાર ઉદાહરણ રૂપે તેમાં આપ્યો છે, જેથી સિદ્ધાંતને અનુરૂપ દૃષ્ટાંત આપણને મળે.

૨

આ કોનો મહિમા છે ?

પહેલા મંત્રમાં કથાનું મંડાણ આમ કર્યું છે :—

ब्रह्म ह देवेभ्यो विजिग्ये । तस्य ह ब्रह्मणो विजये देवा अमहीयन्त । त ऐक्षन्तास्माकमेवायं विजयोऽस्माकमेवायं महिमेति ॥१॥

પદાર્થ

ब्रह्म = બ્રહ્મ ह = ખરેખર, ખરું જોતાં, જ (ભારદર્શક) देवेभ्यः = દેવોને માટે (ચોથી વિભક્તિ), દેવો પાસેથી, દેવોની આગળ, તેમની તુલનામાં (પાંચમી વિભક્તિ) विजिग्ये = જીત્યું, વિજય મેળવ્યો.

तस्य = તે ह = ખરેખર, ઇ૦ (જુઓ ઉપર) ब्रह्मणः = બ્રહ્મના विजये = વિજયમાં, જીતમાં देवाः = દેવો अमहीयन्त = મોટા થયા, મહિમા મેળવ્યો, માણવા લાગ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે = તેઓ (દેવો) ઐક્ષન્ત = જોયું, સમજ્યા, માન્યું અસ્માકમ્ = અમારો એવ = જ અયમ્ = આ વિજયઃ = વિજય, જીત; અસ્માકમ્ = અમારો એવ = જ અયમ્ = આ મહિમા = મહિમા, મોટાઈ ઇતિ = એમ, એ પ્રમાણે.

અન્વય

देवेभ्यः ब्रह्म ह विजिग्ये । (परंतु) तस्य ब्रह्मणः ह विजये देवाः अमहीयन्त । ते (देवाः) ऐक्षन्त, अयं विजयः अस्माकम् एव अयं (विजयः) अस्माकम् एव महिमा, इति ॥ १ ॥

અર્થ

દેવોની આગળ બ્રહ્મની જ જીત છે — બ્રહ્મનો જ જય છે. (પરંતુ) ખરું જોતાં તે બ્રહ્મના જ જયમાં દેવો પોતાનો મહિમા માણવા લાગ્યા. તેઓ એમ સમજ્યા કે, આ વિજય તો અમારો જ છે, આ તો અમારો જ મહિમા છે.*

[જગતભરના જીવોને આમ જ લાગે છે. દેહ, એટલે કે ઇંદ્રિયો અને મન બુદ્ધિ યા અંતઃકરણની શક્તિ તથા તેમનું બળ જોઈને જીવને એમ જ થાય છે કે, મારો કેવો પ્રભાવ છે! આ સર્વસામાન્ય અનુભવને ઉદ્દેશીને જ જ્ઞાનીઓ અને ભક્તો પોતાને કહેવાનું કહે છે

---

* ઉપરના મંત્રનો આવો અર્થ પણ કરી શકાય —

દેવો આગળ બ્રહ્મનો જ જય છે: દેવોનો જે મહિમા દેખાય છે તે ખરું જોતાં તે બ્રહ્મના જ જયમાં રહેલો છે — તેને જ આભારી છે: દેવોની મહત્તા કે મોટાઈનું અધિષ્ઠાન એ બ્રહ્મ જ છે.

પરંતુ, તે દેવો એમ માની બેઠા કે, આ તો અમારો જ જય, અમારો જ મહિમા છે.

આ પ્રકારે અર્થ કરવાથી પણ વસ્તુમાં ખાસ કશો ફેર પડતો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને ગાય છે. જ્ઞાનીઓ આ અનુભવને અવિદ્યા યા અજ્ઞાન અથવા અહંકાર કહે છે; અને ભક્તો તેને વિષે ગાય છે —

"હું કરું, હું કરું, એ જ અજ્ઞાનતા,
શકટનો ભાર જ્યમ શ્વાન તાણે;
સૃષ્ટિ-મંડાણ છે સર્વ એણી પેરે,
જોગી જોગેશ્વરા કોઈક જાણે."
(નરસિંહ મહેતા)

અથવા તો —

"અપ-બલ, તપ-બલ ઔર બાહુ-બલ
ચૌથા હૈ બલ દામ." (પરંતુ),
"સૂર કિશોર કૃપાસે સબ બલ
હારે કો હરિનામ."

પરંતુ જગતના આ અનુભવને ઓથે — અહંકારરૂપી તરણાને ઓથે ડુંગર છે, — એ સૌને દેખાતું નથી. જીવનમાં જે અંતર્મુખ થઈને અનુભવોને ચકાસી જુએ છે, તેને સૃષ્ટિમાં સામાન્ય અહંતાના અનુભવમાં શંકા ઊપજે છે — તે વિષે પ્રશ્ન જાગે છે. (કે જેવો 'કેન'નો પ્રથમ ખંડ નિરૂપે છે અને તેનો જવાબ ચર્ચે છે.) બાકી તો બધા એમ જ સમજે છે કે, આ વિશ્વમાં જે બધું ચાલે છે તે અમારો વિજય છે. ક્યાંક ક્યાંક એમાં ઠોકર કે ખત્તા ખાવાનો અનુભવ આવે છે; છતાં સરવાળે શ્રદ્ધા એક જ બની રહે છે કે, આપણે મનુષ્યો આપણી શક્તિ કે સાધન હોય, તે વડે જે કરીએ છીએ, તે મોટે ભાગે થાય છે; ભક્ત-જ્ઞાનીઓ કહે છે ને અનુભવે છે તેવો અનુભવ આપણને નથી થતો કે, જે કરે છે તે પ્રભુ જ કરે છે; જે છે તે બધું બ્રહ્મ જ છે.

આ સામાન્ય અવિદ્યાના અનુભવ વિષે શંકા થવામાંથી ઉપનિષદની ઉત્પત્તિ રહેલી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને આવી શંકાનો અનુભવ પણ, ઓછેવત્તે અંશે, દરેક મનુષ્યને હોય જ છે. પરંતુ એકંદરે જોતાં, તે એવો ઊંડો કે જીવનવ્યાપી નથી હોતો કે જેને જોરે તેનો અહંકાર ગળી જાય. જેમ કે, કોઈ માણસ પોતાને સર્વશક્તિમાન માની કે અનુભવી શકતો નથી. જોકે તેને તેવું થવા મન તો થાય છે,[૧] પણ તેવા થઈ શકાતું નથી. તેથી તે નસીબ કે દૈવ માની કે દેવની સકામ પૂજા કરી શ્રદ્ધાળુ બની જીવન ગુજારે છે. કોક એમાંથી આમૂલાગ્ર વિચારમાં ઊતરી જઈ સાચો જિજ્ઞાસુ[૨] બને છે; તે એવો માણસ કે જેને ઉપનિષદની ભૂખ જાગે છે; તેવો માણસ જ્ઞાની પાસે જઈને કહે છે, 'उपनिषदं ब्रूहि, भगवन्' — મને અંતેવાસીને જ્ઞાન શું છે તે કહો.

આવી પરમ શંકાને જ બ્રહ્મજિજ્ઞાસા કહે છે. અને એ થવામાં કારણ પણ બ્રહ્મ પોતે જ છે; કેમ કે જે જૂઠાને માન્યું હોય છે, તે ટકતું નથી; જે સાચું બ્રહ્મ છે તે જ આપોઆપ જોર કરે છે અને જિજ્ઞાસાનું કારણ આપે છે. જે છે જ તેને ભૂલીને બીજું માનીએ, કે જે નથી તે છે એમ માનીએ, તે અંતે જતાં નભી જ ન શકે, એ ઉઘાડું છે. એટલે ઉપનિષદો કહે છે કે, બ્રહ્મ પોતે અથવા સત્ય એવું જે છે તે જીવન જ પોતે પોતાનું સાચું સ્વરૂપ પ્રગટ કરે છે.[૩] માત્ર જીવે તીવ્રતા-પૂર્વક જીવન જીવવું જોઈએ અને તેના અનુભવો નિહાળતા રહેવું જોઈએ.

---

૧. અહીંયાં, રાવણ આદિ પાત્રો આપણા ઇતિહાસ તથા ધર્મશાસ્ત્રોમાં કલ્પેલાં જોવા મળે છે તે વિષે કહેવું જોઈએ કે, તે એવા લોક છે કે જે આવી શંકા પણ નથી સેવતા; પોતે જ પરમશક્તિધારી છે એમ માનીને, પોતે જ પ્રભુ છે, એવો પરમ અહંભાવ તેઓ કેળવે છે; અને એવા વિરોધભાવે ભક્ત બનીને, જગતનું એકમાત્ર ચાલક અને વિભુ એવું બ્રહ્મ-બળ કે રામ-બળ પોતામાં એક થતું જોયા પછી મુક્તિ મેળવે છે, એમ શાસ્ત્ર બતાવે છે. અને ભક્તો એને જ પોતાની નમ્રતા ને ભક્તિનું કારણ પણ બતાવે છે કે, રાજા રાવણનાંય માન રોળાયાં, માટે અહંભાવ છોડો.

૨. આ ભાવ મુંડક (૧-૨-૧૨) માં છે તે જુઓ.

૩. આ ભાવ કઠ (૧-૨-૨૩) માં છે તે જુઓ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપનિષદની આખ્યાયિકામાં બીજા મંત્રમાં આ જ વસ્તુ કહી છે :—]

तद्धैषां विजज्ञौ तेभ्यो ह प्रादुर्बभूव । तन्न व्यजानन्त किमिदं यक्षमिति ॥ २ ॥

પદાર્થ

तद्* = તે (બ્રહ્મ) (૨) તે વાત ह = જ एषाम् = એમનું (૨) એમની (એ વાત) विजज्ञौ = જાણ્યું. तेभ्यः = તેઓમાંથી ह = જ प्रादुर्बभूव = પ્રગટયું, બહાર આવ્યું. तद् = તેને न = નહીં व्यजानन्त = ઓળખ્યું, વિશેષે કરીને જાણ્યું किम् = શું, કયું, કેવું इदम् = આ यक्षम् = અજબ વસ્તુ, દૈવત કે બલા इति = કે.

અન્વય

एषाम् तद् ह विजज्ञौ । (तद्) तेभ्यः ह प्रादुर्बभूव । (ते) तद् न व्यजानन्त किम् इदम् यक्षम् इति ।

અર્થ

દેવોની આ વાત તેણે (બ્રહ્મે) જાણી. તે તેઓના (અંતર)માંથી પ્રગટ થયું. (પરંતુ) આ તે વળી કયું યક્ષ છે ? એમ (મનમાં તેમને થયું અને) તેઓએ તેને ન ઓળખ્યું — તે તેને ન પામી શકયા.

[બ્રહ્મે જ આ જાણ્યું; એટલે કે તેમનું અજ્ઞાન તેઓને છતું થતું ગયું; તેમાંથી જ તેમને પોતાના બળ કે મહિમા વિષે શંકા થઈ, અને તેની જ પ્રતિશંકા કે પ્રતિબોધરૂપે તેમને થયું કે, આપણે માનીએ છીએ કે, આ તો આપણું જ ચલણ છે, તે ખોટું છે.

---

*तद् = બ્રહ્મ 'विजज्ञौ'ના કર્તા તરીકે; અથવા एषाम् तद् = તેઓનું તે (આ તો અમારો મહિમા છે, એ અજ્ઞાન) એમ બે રીતે અન્વય બેસી શકે. જોકે તેથી અર્થમાં ફેર નથી થતો. तद् = બ્રહ્મ લેવું ઠીક લાગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવો અનુભવ થવો એ એક વિચિત્ર વસ્તુ લાગે; તે એક મોટા કોયડા જેવો જ અનુભવ કહેવાય. 'આ વળી આપણને શું જણાય છે,' किम् इदम् यक्षम् – એમ એમને આશ્ચર્ય થયું. ગીતાકાર નીચેના શ્લોકમાં (અ૦ ૨-૨૯) કહે છે એ જાતનો એ અનુભવ છે–

आश्चर्यवत् पश्यति कश्चिदेनम्
आश्चर्यवद्वदति तथैव चान्यः ।
आश्चर्यवच्चैनमन्यः शृणोति
श्रुत्वाऽप्येनं वेद न चैव कश्चित् ॥

(કોઈ આને આશ્ચર્ય સરખો જુએ છે, બીજા તેને આશ્ચર્ય સરખો વર્ણવે છે, વળી બીજા તેને આશ્ચર્ય સરખો વર્ણવાયેલો સાંભળે છે, અને સાંભળવા છતાં કોઈ તેને જાણતું નથી.)

किमिदं यक्षम् ના ભાષ્યરૂપ આ શ્લોક છે. આવું આશ્ચર્ય અને આવી પ્રતિશંકા કે જગતને વિષેનો પ્રતિબોધ દેવોને થયો કે, આપણો જય માનીએ છીએ ખરા, પરંતુ દાળમાં કાળું છે — ક્યાંક ભૂલ છે. આ એવી દશા છે કે જે જગાએ જવાથી સવાલ ઊઠે કે, ત્યારે પછી આ કોણ ચલાવે છે? 'केनेषितम्...इदम्' (જુઓ મંત્ર ૧-૧).

આ પછીના શ્લોકોમાં 'किमिदं यक्षम्'?ની આ શંકાને ઉપનિષદની આખ્યાયિકા આગળ લે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

અગ્નિ તપાસ કરે છે

દેવો એમ જ માનતા હતા કે, આ સચરાચર સૃષ્ટિ એ આપણો જ મહિમા છે, આપણો જ જય છે. પરંતુ તેઓને અંતરમાં કાંઈક એવું લાગતું કે જે તેમને જ સમજાતું નહીં: પોતાનો જ જય છે માનતાં છતાં, તેમાં સવાલ થયા કરતો. મતલબ કે, ઇંદ્રિયોનો અનુભવ માણસને સત્ય વિષેની જિજ્ઞાસા અંગે પૂરો સમાધાનકારક નથી બની શકતો. એટલે સત્યની ખોજ આગળ ચાલે જ. 'किमिदं यक्षम्'ની વાતમાં આગળ દેવો આ ખોજમાં પડતા વર્ણવ્યા છે.

પહેલો અગ્નિદેવ તપાસ કરવા જાય છે; દેવો તેને એ કામ સોંપે છે:

तेऽग्निमब्रुवन् जातवेद एतद् विजानीहि किमेतद् यक्षमिति । तथेति ॥ ३ ॥

પદાર્થ

ते = તેઓ, તે દેવો अग्निम् = અગ્નિને, અગ્નિ પ્રત્યે अब्रुवन् = બોલ્યા, કહ્યું: जातवेदः = હે જાતવેદ, હે અગ્નિ एतद् = એ, પેલું विजानीहि = વિશેષ કરીને જાણ, તપાસી કાઢ किम् = શું, કયું, કેવું एतद् = એ, પેલું यक्षम् = અજબ વસ્તુ, દૈવત કે બલા इति = કે. तथा = તેમ, તે પ્રમાણે, વારુ इति = કે.

અન્વય

ते अग्निम् अब्रुवन्, हे जातवेदः, एतद् किम् यक्षम् इति एतद् विजानीहि । (अग्निः उवाच) तथा इति ।

અર્થ

તેઓએ (દેવોએ) અગ્નિને કહ્યું, હે જાતવેદ, એ યક્ષ કોણ છે, (આ વળી શું છે,) તે તું જાણી આવ — તપાસ કર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(અગ્નિએ જવાબ આપ્યો,) ભલે, તેમ (કરું છું).

[અગ્નિ 'જાતવેદ' છે; એટલે કે તે જન્મથી જ જ્ઞાનમય છે. તે અગ્નિનાં અનેક નામોમાંનું એક મહાનામ છે. તેમાં અગ્નિની એક સ્તુતિ રહેલી છે; દેવો તેને પહેલું તપાસવા જવાનું કેમ કહે છે તેનું સૂચન છે. અગ્નિ દેવોનું મુખ કહેવાય છે. બધા દેવોને આહુતિ કે બલિ મળે તે અગ્નિ વાટે મળે છે.

અગ્નિ તૈયાર થઈને તપાસ કરવા નીકળે છે:]

तदभ्यद्रवत् तमभ्यवदत् कोऽसीत्यग्निर्वा अहमस्मीत्यब्रवीज्जातवेदा वा अहमस्मीति ॥ ४ ॥

પદાર્થ

तद् = તે (યક્ષ) ભણી अभ्यद्रवत् = દોડી ગયો, ઝટ પહોંચ્યો; तम् = તેને (અગ્નિને) अभ्यवदत् = (તે યક્ષે) કહ્યું : कः = કોણ असि = છે, છું इति = કે, એમ; अग्निः = અગ્નિ वा = અથવા अहम् = હું अस्मि = છું इति = કે, એમ अब्रवीत् = બોલ્યો, કહ્યું जातवेदाः = જાતવેદ वा = અથવા अहम् = હું अस्मि = છું इति = કે, એમ.

અન્વય

(सः) तद् अभ्यद्रवत् । (तद्) तम् अभ्यवदत् – (त्वम्) कः असि इति । (सः) अब्रवीत् – अहम् अग्निः अस्मि इति वा अहम् जातवेदाः अस्मि इति वा ॥

અર્થ

તે (યક્ષ) તરફ (અગ્નિ) દોડી ગયો. તેને (તે યક્ષે) કહ્યું — પૂછ્યું, 'તું કોણ છે?' અગ્નિએ કહ્યું — જવાબ આપ્યો, 'હું અગ્નિ છું અથવા તો હું જાતવેદ છું.'

[બે વચ્ચે સંવાદ આગળ ચાલે છે:—]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तस्मिंस्त्वयि किं वीर्यमित्यपीदं सर्वं दहेयं यदिदं पृथिव्यामिति ॥ ५ ॥

પદાર્થ

तस्मिन् = તેમાં, તેવી જાતનામાં त्वयि = તુંમાં, તારામાં किम् = શું वीर्यम् = વીરતા, બહાદુરી, શક્તિ इति = કે, એમ; अपि = પણ इदम् = આ सर्वम् = બધું दहेयम् = બાળું (બાળી શકું, બાળીને ભસ્મ કરી દઉં) यद् = જે इदम् = આ पृथिव्याम् = પૃથ્વીમાં इति = કે, એમ.

અન્વય

तस्मिन् त्वयि किं वीर्यम् इति (तम् अभ्यवदत्) । (सः अब्रवीत्) – यद् इदम् पृथिव्याम् (अस्ति तद्) इदम् सर्वम् अपि दहेयम् इति ॥

અર્થ

એવા — એ પ્રકારના (જબરા) તારામાં કઈ શક્તિ રહેલી છે? (–એમ યક્ષે તેને પૂછ્યું.)

(તેણે જવાબ આપ્યો :) 'આ જે પૃથ્વીમાં છે તે આ બધાને હું બાળીને ભસ્મ કરી દઉં, એ (વીર્ય મારામાં છે).'

[એવા અભિમાનના જવાબ પરથી યક્ષ કસોટી કરવા માટે આગળ જાય છે —]

तस्मै तृणं निदधावेतद् दहेति । तदुपप्रेयाय सर्वजवेन । तन्न शशाक दग्धुम् । स तत एव निववृते नैतदशकं विज्ञातुं यदेतद् यक्षमिति ॥ ६ ॥

પદાર્થ

तस्मै = તેને, તેની આગળ तृणम् = તરણું, ઘાસનું તખણુલું निदधौ = મૂકયું : एतद् = એને दह = બાળી મૂક इति = કે, એમ. तद् = તેની પાસે उपप्रेयाय = ગયો, પ્રયાણ કર્યું सर्वजवेन = પૂરા વેગથી, પૂરા જોરભેર, ઝપાટાબંધ. तद् = તેને न = ના, નહીં शशाक = શક્તિમાન થયો, શકયો दग्धुम् = બાળવા માટે, બાળી મૂકવામાં. सः = તે (અગ્નિ) ततः = ત્યાંથી, તે (તરણા કે યક્ષ) આગળથી एव = જ निववृते =

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નિવૃત્ત થયો, ખસી ગયો, પાછો ગયો : न = ના, નહીં एतद् = એને अशकम् = હું શક્તિમાન થયો विज्ञातुम् = જાણવાને — પામવાને માટે यद् = જે एतद् = એ, પેલું यक्षम् = યક્ષ, દૈવત કે બલા इति = કે, એમ.

અન્વય

(तद् यक्षम्) तस्मै तृणं निदधौ, एतद् दह इति (तम् अभ्यवदत्)। (सः) तद् सर्वजवेन उपप्रेयाय । (सः) तद् दग्धुं न शशाक । सः ततः निववृते एव । यद् एतद् यक्षम् इति एतद् विज्ञातुम् न अशकम् ।।

અર્થ

(તે યક્ષે) એની સામે એક તણખલું મૂક્યું (અને તેને કહ્યું કે,) તું એને બાળી નાંખ જોઈએ.

(અગ્નિ) તે (તણખલા) તરફ પુરજોશથી પહોંચ્યો. (પરંતુ) તે તેને બાળી ના શક્યો. (એમ એ ભોંઠો પડ્યો:) એ યક્ષ જે કાંઈ હોય તે હું જાણી ન શક્યો, એમ (સમજીને) તે ત્યાંથી (તે યક્ષ આગળથી કે તેને જાણવાના કામમાંથી) નિવૃત્ત જ થઈ ગયો (અને ત્યાંથી પાછો ફર્યો).

[પહેલવહેલો અગ્નિને એક નવો જ અનુભવ થયો કે, પોતે માને છે તેવી શક્તિ પોતામાં નથી. એટલે હતવીર્ય બની તે પાછો ચાલ્યો ગયો. એની શક્તિ બ્રહ્મની શક્તિ છે; બ્રહ્મ છે તો બધું છે. અગ્નિનું અગ્નિપણું બ્રહ્મને લઈને છે. એ બ્રહ્મ જ્યારે તેમાંથી હઠીને અલગ ઊભું હોય, તો અગ્નિ જુદો કાંઈ ન કરી શકે. આમ, અગ્નિને આ શું છે, આનો ભેદ શો, એ કાંઈ સમજાયું નહીં. તે તો બની જઈને પાછો જ ચાલ્યો ગયો.

એટલે દેવોએ દેવોમાં એથી મહાન ગણાય એવા વાયુદેવને કહ્યું કે, તમે તપાસ કરો કે આ શું યક્ષ છે. એટલે અગ્નિ પેઠે વાયુ તેની પાસે જાય છે, અને એમ જ બનીને પાછા પડે છે. પછીના ચાર મંત્રમાં એ કહે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪

વાયુ તપાસ કરે છે

આ સૃષ્ટિ કોનો મહિમા છે, એ તપાસવા જતાં દેવોને 'આ વળી કયું યક્ષ છે' — એ શંકા જાગી. તેના નિવારણ માટે દેવોએ અગ્નિને જઈને તપાસ કરવા કહ્યું. તે પાછો પડ્યો એટલે તેમણે મહાન વાયુદેવને કહ્યું —

अथ वायुमब्रुवन् वायवेतद् विजानीहि किमेतद् यक्षमिति। तथेति ।। ७ ।।

પદાર્થ

अथ = એટલે, પછી वायुम् = વાયુને अब्रुवन् = (દેવો) બોલ્યા, કહ્યું : वायो = હે વાયુ! (एतद् . . . વગેરે પછીનાં બધાં પદોના અર્થો માટે જુઓ મંત્ર ૩ના પદાર્થમાં)

અન્વય

अथ (देवा) वायुम् अब्रुवन्, (हे) वायो, एतद् किम् यक्षम इति एतद् विजानीहि। (वायुः उवाच) तथा इति ।।

અર્થ

તેઓએ (દેવોએ) વાયુને કહ્યું, હે વાયુ, એ યક્ષ કોણ છે, (આ વળી શું છે?) તે તું જાણી આવ — તપાસ કર.

(વાયુએ જવાબ આપ્યો,) ભલે, તેમ (હું કરું છું.)

[અને તે તપાસ કરવા વાયુ જાય છે.]

तदभ्यद्रवत् तमभ्यवदत् कोऽसीति वायुर्वा अहमस्मीत्यबवीन् मातरिश्वा वा अहमस्मीति ।। ८ ।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પદાર્થ

तद्, अभ्यद्रवत्, तम्, अभ्यवदत्, कः, असि, इति આ પદો જુઓ મંત્ર ૪ માં.

वायुः = वायु, पवन, वा, अहम्, अस्मि, इति, अब्रवीत्, — આ પદો જુઓ મંત્ર ૪ ના પદાર્થમાં.

मातरिश्वा = અશ્વની પેઠે આકાશમાં વિહરવાની શક્તિવાળો દેવ — वायु, वा, अहम् . . . ઇ૦ જુઓ મંત્ર ૪ ના પદાર્થમાં.

અન્વય

(सः वायुः) तद् अभ्यद्रवत् । (तद्) तम् अभ्यवदत् – (त्वम्) कः असि इति ।

(सः) अब्रवीत् – अहम् वायुः अस्मि इति वा अहम् मातरिश्वा अस्मि इति वा ॥

અર્થ

તે (યક્ષ) તરફ વાયુ દોડી ગયો. તેને (તે યક્ષે) કહ્યું — પૂછ્યું, 'તું કોણ છે?'

વાયુએ કહ્યું — જવાબ આપ્યો, 'હું વાયુ છું અથવા તો હું માતરિશ્વા છું.'

[એટલે સામેથી યક્ષે આગળ કહ્યું —]

तस्मिंस्त्वयि किं वीर्यमित्यपीदं सर्वमाददीय यदिदं पृथिव्यामिति ॥ ९ ॥

પદાર્થ

तस्मिन्, त्वयि, किं, वीर्यम्, इति, अपि, इदम् सर्वम् પદોના અર્થો જુઓ મંત્ર ૫ ના પદાર્થમાં. आददीय = લાવું, પકડી આણું. (લાવી કે પકડી આણી શકું છું) यद्, इदम्, पृथिव्याम्, इति — જુઓ મંત્ર ૫ ના પદાર્થમાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અન્વય

तस्मिन् त्वयि किं वीर्यम् इति (तम् अभ्यवदत्)।

(सः अब्रवीत्) – यद् इदम् पृथिव्याम् (अस्ति), (तद्) इदम् सर्वम् अपि आददीय इति ।

અર્થ

એવા — એ પ્રકારના (જબરા) તારામાં કઈ શક્તિ રહેલી છે ? (— એમ યક્ષે તેને પૂછ્યું.)

(તેણે જવાબ આપ્યો :) "આ જે પૃથ્વીમાં છે તે આ બધાયને હું પકડી આણી શકું, એ (વીર્ય મારામાં છે)."

[આવા અભિમાનના જવાબમાં તે યક્ષે કસોટી કરવા આગળ કહ્યું—]

तस्मै तृणं निदधावेतदाददत्स्वेति । तदुपप्रेयाय सर्वजवेन । तन्न शशाकादातुं । स तत एव निववृते । नैतदशकं विज्ञातुं यदेतद्यक्षमिति ॥ १० ॥

પદાર્થ

आददत्स्व = લાવ, પકડી આણ; आदातुम् = લાવવાને, આણવાને.

આ બે સિવાયનાં બધાં પદોના અર્થ માટે જુઓ મંત્ર ૬ના પદાર્થમાં.

અન્વય

(तद् यक्षम्) तस्मै तृणं निदधौ, एतद् आददत्स्व इति (तम् अभ्यवदत्) ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(सः) तद् सर्वजवेन उपप्रेयाय । (सः) तद् आदातुम् न शशाक । सः ततः निववृते एव । यद् एतद् यक्षम् इति एतद् विज्ञातुम् न अशकम् ।

અર્થ

(તે યક્ષે) તેની સામે એક તરણું મૂક્યું (અને તેને કહ્યું કે,) તું એને લઈ આવ જોઈએ.

(વાયુ) તે (તરણા) તરફ પુરજોશથી પહોંચ્યો. (પરંતુ) તે તેને લાવી ન શક્યો. (એમ એ ભોંઠો પડ્યો.)

એ યક્ષ જે કાંઈ હોય તે હું જાણી ન શક્યો, એમ (સમજીને) તે ત્યાંથી (એટલે કે, તે યક્ષ આગળથી કે તેને જાણવાના કામમાંથી) નિવૃત્ત જ થઈ ગયો (અને ત્યાંથી પાછો ફર્યો).

[એમ વાયુદેવ કે જે માતરિશ્વા છે, તે પણ ન જાણી શક્યા કે, આ વળી કયું સત્ત્વ છે?

આ રીતે દેવોએ એકથી બીજી ને ચડિયાતી શક્તિથી તપાસ કરી, પણ ના ફાવ્યા. એમણે હવે પોતાનું છેવટનું બળ અજમાવવા ઠરાવ્યું અને તેઓએ પોતાના અધિદેવ એવા ઇંદ્રને જ વિનંતી કરી કે, આપ જાતે હવે જાઓ કે, આમ આપણ દેવ જેવા દેવને હંફાવે એવું તે આ વળી શું આ જગતમાં ટપકી પડ્યું છે!]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫

ઇંદ્ર તપાસ કરે છે

अथैन्द्रमब्रुवन् मघवन्नेतद् विजानीहि किमेतद् यक्षमिति । तथेति । तदभ्यद्रवत् । तस्मात् तिरोदधे ॥ ११ ॥

પદાર્થ

अथ = એટલે, પછી इन्द्रम् = ઇંદ્રને अब्रुवन् = બોલ્યા, કહ્યું : मघवन् = હે મઘવા, હે ઇંદ્ર एतद्, विजानीहि, किम्, एतद्, यक्षम्, इति, तथा इति, तद्, अभ्यद्रवत् — આ પદોના અર્થો માટે જુઓ ઉપર મંત્ર ૩, ૪ ના પદાર્થમાં.

तस्मात् = તેની પાસેથી, તેની આગળ, तिरोदधे = અદૃશ્ય – અલોપ થઈ ગયું, સંતાઈ ગયું.

અન્વય

अथ (देवाः) इन्द्रम् अब्रुवन्, (हे) मघवन्, एतद् किम् यक्षम् इति एतद् विजानीहि । (इन्द्रः उवाच) तथा इति ॥

(सः इन्द्रः) तद् अभ्यद्रवत् । तस्मात् (तद् यक्षम्) तिरोदधे ॥

અર્થ

એટલે પછી તેઓએ (દેવોએ) ઇંદ્રને કહ્યું, હે મઘવા, એ યક્ષ કોણ છે (આ વળી શું છે?), તે તમે જાણી આવો — તપાસ કરો.

(ઇંદ્રે જવાબ આપ્યો,) ભલે, તેમ (હું કરું છું).

તે (યક્ષ) તરફ ઇંદ્ર દોડી ગયો. (તે યક્ષ) તેની આગળ અલોપ થઈ ગયું.

पुस्तकालय
गुरुकुल काँगड़ी
CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[અને તેની જગ્યાએ તે યક્ષને બદલે બીજું જ રૂપ રજૂ થયું, તે એણે જોયું.]

स तस्मिन्नेवाकाशे स्त्रियमाजगाम बहुशोभमानामुमाम् हैमवतीं । तां होवाच किमेतद् यक्षमिति ॥ १२ ॥

પદાર્થ

सः = તે, तस्मिन् एव = તે જ आकाशे = આકાશમાં, સ્થાનમાં स्त्रियम् = સ્ત્રીને, સ્ત્રીની પાસે आजगाम = આવ્યો, પહોંચ્યો बहुशोभमानाम् = અતિ શોભીતી, અતિ સુંદર उमाम् = ઉમાને हैमवतीम् = સુવર્ણમયી, (અથવા) હિમાલયની પુત્રીને. ताम् = તેને ह = જ (અથવા નિરર્થક પાદપૂર્તિ) उवाच = બોલ્યો, કહ્યું: (किम् एतद्, यक्षम्, इति, આ પદોના અર્થ ઉપરના મંત્રોમાં આવી ગયા છે.)

અન્વય

स तस्मिन् एव आकाशे बहुशोभमानाम् हैमवतीम् उमाम् आजगाम । (स) ताम् ह उवाच, एतद् यक्षम् किम् इति ॥

અર્થ

તે જ સ્થાને (જ્યાં અગ્નિ વાયુએ પેલું યક્ષ જોયેલું ત્યાં, તેને બદલે) એક બહુ શોભીતી અને સુવર્ણમયી ઉમા સ્ત્રી હતી, તેની પાસે (ઇંદ્ર) આવ્યો. (ત્યાં તેને એવી સ્ત્રી જોવા મળી.)

તેણે તેને જ પૂછ્યું કે, પેલું યક્ષ (જે અહીં હતું તે) શું છે? (તે ક્યાં ગયું? તે શું હતું? એ તપાસવા હું આવ્યો છું.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[બીજા ફાલતુ દેવો આગળ ઊભું રહેતું પેલું વિચિત્ર સત્ત્વ ઇંદ્ર આગળ ન રહ્યું અને અલોપ થઈ ગયું. અને તેની જગાએ ઇંદ્રને બીજું જ સત્ત્વ — એક અતિ રૂપવાન અને સુવર્ણમયી સ્ત્રી — જોવામાં આવી. જે સ્થાને યક્ષની ખોળ કરવાની હતી ત્યાં જ ઇંદ્ર આવ્યો હતો; તેને બીજા દેવોથી નવો જ અનુભવ થયો; તેની કસોટી કરવા યક્ષે કાંઈ ન કર્યું અને બીજે જ રૂપે ઇંદ્રને તેણે દેખા દીધી. ઇંદ્રે ધૈર્ય રાખીને પોતાનું કામ આગળ ચલાવ્યું અને જે સ્ત્રી ત્યાં જોઈ તેને જ પૂછ્યું કે, ' આ સ્થાનમાં અજ્ઞાત એવું પેલું યક્ષ માલૂમ પડે છે તે ક્યાં? તે શું છે? તું તે મને કહી શકે તો કહે. '

આમ આ રૂપક-કથા આ ત્રીજા ખંડમાં અટકે છે. આગળના છેલ્લા ખંડમાં તે પૂરી થાય છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોથો ખંડ

૧

એ યક્ષ બ્રહ્મ છે

ત્રીજા ખંડમાં, તેના ૧૨ મંત્રોમાં किमिदं यक्षम्‌ની આખ્યાયિકા એટલે સુધી આવી કે, દેવો અભિમાનથી જે માનતા હતા કે, આ જગતમાં અમારું જ ચલણ છે, તે ખોટું છે, એમ બ્રહ્મે યક્ષરૂપે તેમની આગળ રજૂ થઈને બતાવ્યું. આ એમના અભિમાનને પાડનાર આ વળી શું છે, તેની ખોજ કરવા અગ્નિ, પછી વાયુ, અને છેલ્લે ઇંદ્રદેવ ગયા. અગ્નિ અને વાયુ તો હતવીર્ય થઈને પાછા પડ્યા; ઇંદ્ર ગયા ત્યારે યક્ષની જગાએ તેમને એક મૂર્ત એવું સ્ત્રીરૂપ જોવા મળ્યું, તે હૈમવતી ઉમા. ઇંદ્રે તેને પૂછ્યું, પેલું યક્ષ જે હતું તે શું છે?

કથાના રૂપકને દૂર કરીને જોઈએ તો, જીવાત્મા કે મનુષ્ય પોતાની ઇંદ્રિયો દ્વારા આ જગતના કોયડાને પામવા મથે છે. એ ઇંદ્રિયોમાં ચમત્કારી દેવશક્તિ રહેલી છે; એને કારણે જ મનુષ્યને સંજ્ઞાન–પ્રજ્ઞાન થઈ શકે છે. તેથી કરીને સ્વાભાવિક રીતે તેને લાગે છે કે, આ જગતમાં આ ઇંદ્રિયોની જ બલિહારી છે. પરંતુ એ વાત તો અસત્ય છે; સાચું જે છે તેનો અનુભવ તો ઢાંકયો રહેતો નથી; પણ તે સાચું શું છે તે પામી શકાતું નથી — किमिदं यक्षम्, એવો મહા કોયડો જ તે રહે છે. અનેક દેવોરૂપી ઇંદ્રિયો તેને ઉકેલવામાં પાછી પડે છે. તેમાંની જબરામાં જબરી જે શ્રોત્ર અને ચક્ષુ (તેમના દેવ વાયુ અને અગ્નિ) તે પણ ન ફાવી. છેવટે ઇંદ્રિયોનો રાજા જે મન (તેનો દેવ ઇંદ્ર કલ્પ્યો છે.) તે આ તપાસ કરી શકે છે. કેમ કે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ કામ મનનું છે. આમ સત્યની શોધ મન દ્વારા કરતાં કરતાં મનુષ્યને મહા તેજસ્વી અને સુવર્ણરૂપી એવી પ્રજ્ઞા કે બુદ્ધિશક્તિ દેખાય છે, જેને તે પૂછે છે કે, પેલા કોયડાનો ઉત્તર શો? અમૂર્ત એવા બ્રહ્મનો યક્ષ-કોયડો ઉકેલવા માટે પ્રજ્ઞારૂપી ઉમાદેવી મનુષ્યને છેવટે લાવે છે, અને મનુષ્ય પોતાની સૂક્ષ્મ અને અગ્ર બુદ્ધિ વડે છેવટે બ્રહ્મને પામે છે.

ચોથા ખંડમાં યક્ષની આખ્યાયિકાનો આ છેવટનો અંક હવે શરૂ થાય છે. ઇંદ્રે ઉમાને પૂછ્યું તેનો ઉત્તર તે દેવી આપે છે:—

सा ब्रह्मेति होवाच । ब्रह्मणो वा एतद् विजये महीयध्वमिति । ततो ह व विदांचकार ब्रह्मेति ॥१॥

પદાર્થ

सा = તે (સ્ત્રી, ઉમા) ब्रह्म = બ્રહ્મ इति = કે, એમ ह = ખરેખર, જ (અથવા નિરર્થક પાદપૂર્તિરૂપે) उवाच = બોલી. ब्रह्मणः = બ્રહ્મના वै = ખરેખર (અથવા નિરર્થક પાદપૂર્તિરૂપે) एतद् = એ विजये = વિજયમાં महीयध्वम् = મહિમા માણો, મોટાઈ જુઓ इति = કે. ततः = તે પરથી, તે (દેવી) પાસેથી ह एव = ખરેખર જ विदांचकार = જાણ્યું ब्रह्म = બ્રહ્મ છે इति = કે, એમ.

અન્વય

सा (हैमवती उमा) उवाच, (एतद् यक्षम्) ब्रह्म इति। ब्रह्मणः वै एतद् विजये (यूयम् सर्वे देवाः) महीयध्वम् इति। (इंद्रः) ततः ह एव विदांचकार (एतद् यक्षम्) ब्रह्म इति ॥

અર્થ

તે (ઉમાદેવી) બોલી કે, (તે યક્ષ તો) બ્રહ્મ (હતું). ખરેખર, બ્રહ્મના એ વિજયમાં (તમે) મોટાઈ માણો—(તેના વિજયનો આ મહિમા છે, તેમ સમજો).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે ઉપરથી જ — તે દેવી પાસેથી જ (ઇંદ્રે) જાણ્યું કે, (તે યક્ષ) બ્રહ્મ (છે).

[આમ આ કથા રૂપે બતાવ્યું કે, ઇંદ્રિયોની ઇંદ્રિય અને મનનું મન એવું જે છે તે બ્રહ્મ જ છે; જે બધું થાય છે કે ચાલે છે તે ખરેખર બ્રહ્મશક્તિ જ છે; પણ તે ન સમજાવાથી છૂટા છૂટા શક્તિના મૂર્ત અંશો — ઉર્ફે દેવો — અભિમાન કરે છે, જે છેવટે છૂટી પડે છે. પરંતુ દેવો અસુરો પેઠે મદાંધ અને જડ પ્રાપ્તિના પોતાના અભિમાનમાં ચકચૂર નથી રહેતા; તેથી એ બાબતમાં દેવો અસુરોને હરાવે છે અને અભિમાનરહિત બની સત્યોન્મુખ બને છે. તેમાં પણ ત્રણ દેવ મુખ્ય રહે છે — અગ્નિ, વાયુ અને ઇંદ્ર — ચક્ષુ, શ્રોત્ર અને મન. તેથી તેમની કિંમત વધારે છે, કેમ કે તે દ્વારા સત્ય બ્રહ્મની પ્રતીતિ થાય છે: તે બ્રહ્મની નજીકનાં સત્ત્વો છે; તેમની વાટે પરમ એવી હૈમવતી ઉમાદેવીનાં દર્શન થાય છે, કે જે બ્રહ્મનું દ્વાર છે. 'ઈશ' ઉપનિષદમાં કહ્યું છે એમ, આ દેવી એ જ હિરણ્યમય પાત્ર છે કે જે સત્યનું દ્વાર છે. એ સત્યદર્શી પરમ દૈવી શક્તિને જ મહામાયા, મૂળપ્રકૃતિ ઇ૦ સ્ત્રી રૂપે આલેખવામાં આવે છે. તે તેજસ્વી છે, શોભમાના છે, હૈમવતી છે; એટલે કે, આપણું ઉત્તમોત્તમ: વત છે. તેની જ વાટે અમૂર્ત એવું બ્રહ્મ ગ્રહણ થાય છે; નહીં કે કોઈ બીજા દેવ વાટે. તેથી જ ઉપર ભારપૂર્વક કહ્યું છે, ततः ह एव विदांचकार ब्रह्मेति — દેવો કે ઇંદ્રિયોના રાજા ઇંદ્રે તેની પાસેથી જ જાણ્યું કે એ બ્રહ્મ છે.

એટલે પ્રથમ જાણનાર ત્રણ દેવો પણ આ મહિમાના ભાગી થયા; દુનિયામાં એ ત્રણની બોલબાલા ખૂબ હોય એ ઉઘાડું છે. એમ આગળ બે મંત્રમાં આખ્યાયિકા ચાલે છે ને પછી તે પૂરી થાય છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨
બ્રહ્મજ્ઞાનનો મહિમા

['કિમિદં યક્ષમ્'ની આખ્યાયિકામાં છેવટે આપણે જોયું કે, ઇંદ્ર આગળ તે યક્ષ અથવા બ્રહ્મને બદલે 'બહુ શોભમાના હૈમવતી' ઉમાદેવી પ્રગટ થઈ, અને તે દેવીએ ઇંદ્રને કહ્યું કે, પેલું જે અજ્ઞાત એવું મહાસત્ત્વ કે 'યક્ષ' તમને દેવોને લાગેલું, તે બ્રહ્મ હતું. એટલે ઇંદ્રને સમજણ પડી. અને તે સમાધાનપૂર્વક દેવોને એ યક્ષ બાબત જવાબ આપી શક્યો.

આમ દેવોએ પણ ઇંદ્ર દ્વારા જાણ્યું કે, સાચું જોતાં આ જગતમાં મહિમા કોનો છે. આથી જ દેવો મિથ્યાભિમાની ન રહ્યા, પણ અસુરો તેવા રહ્યા. જેમ કે, રાવણ, હિરણ્યકશિપુ, ઇ૦ મહાદાનવોની કથાઓ જુઓ. જોકે તેઓ પણ છેવટે પોતાના મરણ દ્વારા સત્ય સમજીને સદ્‌ગતિને પામ્યા, એમ તેમની કથાઓ જણાવે છે. અગ્નિ વાયુનું પણ પ્રથમ એમ જ થયું — તેમણે ભારે મિથ્યાભિમાનની સાથે યક્ષ આગળ હામ ભીડી — બડાશ હાંકી, પણ તે નભી નહીં ને પાછા પડ્યા.

એક એવો સવાલ પૂછવામાં આવે છે કે, અગ્નિ વાયુ પેઠે ઇંદ્રની કસોટી કેમ ન લેવાઈ? યક્ષે તેને કેમ ન પૂછ્યું કે, તું કોણ છે અને તારું શું સામર્થ્ય છે? એમ પૂછવાને બદલે તે ત્યાંથી અલોપ થઈ ગયું ને ઉમાદેવી રૂપે કેમ તે સ્થાને રજૂ થયું?

આ સવાલ વિચારવા જેવો છે. જવાબ ઉઘાડો છે — બધા દેવોને ગેરસમજ હતી. પણ તે દેવો હોવાથી તેમને બ્રહ્મજિજ્ઞાસા થઈ શકી અને તે બાબતમાં તેમને પ્રશ્ન ઊઠ્યો. તેનું નિરાકરણ ઇંદ્ર વિના કોઈ કરી શકે નહીં, કેમ કે તે જ સર્વનો અધિદેવ હતો. અને તેને મિથ્યાભિમાનનો સવાલ નહોતો, કેમ કે યક્ષનો ઉકેલ મેળવવામાં અનેક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેવો ગૂંચવાયા ને પાછા પડેલા તેણે જોયા. તેને જો પેલું યક્ષ પૂછે કે, તું કોણ છે ને શું કરી શકે એમ છે? તો ઇંદ્ર શું કહે? તે એમ જ કહે કે, 'હું દેવોનો રાજા ઇંદ્ર છું અને તેઓ વતી અહીં એ જાણવા માટે આવ્યો છું કે તમે કોણ છો. તેઓ એમાં ન ફાવ્યા, એટલે તેમના વડા તરીકે મને તેમણે મોકલ્યો છે. માટે મને કહો કે, તમે કોણ છો?' એટલે અગ્નિ વાયુ જેવો ઉત્તર ઇંદ્ર આપે નહીં, તેથી તેને સવાલ હોય નહીં. માટે તે સવાલને ઉપનિષદના ટૂંકા કથનમાં શબ્દબદ્ધ નથી કર્યો, એમ માનવું જોઈએ.

બીજી રીતે પણ જોઈએ તો, ઇંદ્ર મનનો દેવ છે; તે ઇંદ્રિયોનો રાજા મન છે. આ જગતમાં રહેલા પરમ સત્યને પામવા જો કોઈ ઇંદ્રિય હોઈ શકે તો તે મન જ હોય. મનની શક્તિ જ અગ્નિ, વાયુ ઇ૦ દેવોરૂપી ઇંદ્રિયશક્તિનો મૂળ આધાર છે. તે મનઃશક્તિ પણ પોતે પરમ સત્ય નહીં, પણ પરમ સાધન છે, એટલું જ; કેમ કે તેની પણ મૂળશક્તિ તો પરમ સત્યની જ — તેને જ આભારી છે. છતાં, જો તે સત્ય વસ્તુ પણ કદી જાણી શકાતી હોય, તો તેનું સાધન મનુષ્ય પાસે તેનું મન જ છે. અને તે જ્યારે જાણવાને માટે અભિમુખ થાય, ત્યારે તેણે પાછા પડવાપણું હોય નહીં; જેવું કે, કાન, નાક, વાણી ઇ૦ ઇંદ્રિયશક્તિઓ માટે સંભવે છે. તેથી કરીને મનરૂપી ઇંદ્ર આગળ પોતાની જ અંદર રહેલી એવી પરમ તેજસ્વી અને સુશોભિત એવી પ્રજ્ઞાશક્તિ દેવી રૂપે પ્રગટ થઈ, એમ આખ્યાયિકા કહે છે. એનો અર્થ એટલો જ કે, કાન, નાક ઇ૦ દ્વારા જ્યારે મન ન પામી શક્યું કે તે યક્ષ કોણ છે, ત્યારે મન અંતર્મુખ થઈને ઊંડે ઊતર્યું અને બાહ્ય ઇંદ્રિયોને બાજુએ રાખી કે તેમને લીન કરીને પોતે એકાગ્રતાથી પોતાની સર્વોત્તમ સૂક્ષ્મ શક્તિ વડે કામે વળગ્યું. જ્ઞાન મેળવવા માટેની આ જે મનુષ્યચિત્તની પરમ રીત તેને કથામાં કહી છે. એટલે મન રૂપી ઇંદ્રને પાછા પડવાનું કે કશું પૂછવાનું સંભવતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નથી. કેમ કે, આપણા બંધનનું તેમ જ આપણા મોક્ષનું કારણ મન છે; આમ પણ તેથી જ કહેવાય છે. મન આગળ સત્યે પ્રગટ થવાપણું રહેલું જ છે; એટલે તેની કસોટી હોય નહીં.

એક બીજો સવાલ પણ વિચારવા જેવો છે—ઇંદ્ર શું જાણી આવ્યો? તે શું સમજ્યો? ગયા મંત્રમાં આપણે જોયું કે, તેને ઉમાદેવીએ કહ્યું કે, 'આ બ્રહ્મ છે; વિજય એનો છે; માટે તેનો મહિમા તું સમજ.' અને આ જ્ઞાન ઇંદ્રને તેની પાસેથી જ મળ્યું અને ત્યારે તેણે એ જાણ્યું કે, જગતમાં મહિમા તો બ્રહ્મનો છે, દેવોનો નહીં; કે જેવું ઉપર ઉપરથી જોતાં દેખાય છે. એટલે, જે મૂળ સવાલની મૂર્ખતામાં દેવો હતા કે—"આ વિજય તો અમારો છે; આ તો અમે બધું ચલાવીએ છીએ" (જુઓ ખંડ ૩-૧ શ્લોક) તે મૂર્ખતા દૂર થઈ, અને દેવો વતી તેમનો રાજા ઇંદ્ર સાચી વાત સમજ્યો કે, મહિમા ખરેખર કોનો છે.

આમ કિમિદં યક્ષમતી કથા પૂરી થાય છે, અને તે દ્વારા કેન-પ્રશ્નનો ઉત્તર તેના દૃષ્ટાંત રૂપે તેમાં આપણને જોવા મળે છે. હવે તે કથાના ઉપસંહાર રૂપે બે શ્લોક આવે છે—

દેવોમાં ત્રણને બ્રહ્મ પરત્વે કાંઈક સાક્ષાત્ અનુભવ થયો, તેથી તેઓ મોટા દેવ ગણાય છે; તેમાંય ઇંદ્રે તો તે જાણ્યું જ, એટલે તે સૌથી મોટો ગણાયો—એમ બ્રહ્મજ્ઞાનનો મહિમા આ બે મંત્ર ગાય છે:—

तस्माद्वा एते देवा अतितरामिवान्यान् देवान् यद् अग्निर्वायु-रिन्द्रस्ते ह्येनन्नेदिष्ठं पस्पर्शुस्ते ह्येनत् प्रथमो विदांचकार ब्रह्मेति ॥ २ ॥

પદાર્થ

तस्माद् = તેથી કરીને, એટલે वा = ખરેખર (નિશ્ચયસૂચક કે નિરર્થક ઉપસર્ગ છે) एते = એ देवाः = દેવો अतितराम् = ઉપર,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચડિયાતા (થયા) इव = જેવા, अन्यान् = બીજા देवान् = દેવો કરતાં यद् = જે, જેથી કરીને, કેમ કે अग्निः = અગ્નિદેવ वायुः = વાયુદેવ इंद्रः = ઇંદ્ર દેવ ते = તેઓ, તે ત્રણ જણ हि = જ एनत् = એ (બ્રહ્મ)ને नेदिष्ठम् = પાસેમાં પાસે, નજીકમાં નજીક જઈને पस्पर्शुः = સ્પર્શ્યા, પહોંચ્યા ते, हि, एनत् = ઉપર જુઓ. प्रथमः = પ્રથમ, પહેલું विदांचकार = જાણ્યું ब्रह्म = બ્રહ્મ (છે) इति = એમ, કે.

અન્વય

यद् अग्निः वायुः इन्द्रः ते हि एनत् नेदिष्ठं पस्पर्शुः (तेन) ते हि एनत् ब्रह्म इति प्रथमः विदांचकार । तस्माद् वा एते देवाः अन्यान् देवान् अतितराम् इव ॥

અર્થ

અગ્નિ, વાયુ, (અને) ઇંદ્ર એ ત્રણ જણ જ એ (બ્રહ્મ) પાસે નજીકમાં નજીક (પહોંચી જઈને) તેને સ્પર્શ્યા, (તે રીતે) તેઓએ જ એને, (તે) બ્રહ્મ છે એમ, પહેલું જાણ્યું; તેથી જ ખરેખર તે દેવો બીજા દેવો કરતાં ઉપર — ચડિયાતા જેવા થયા.

[ઉપરના મંત્રમાં એક બે પદોના વ્યાકરણની આર્ષતા તરફ ધ્યાન ખેંચવા જેવું છે : अतितराम् અવ્યય છે. તેની જોડે ક્રિયાપદ ખૂટે છે, તેથી તેનો અધ્યાહાર માનવો અથવા તો તેમાં 'થવું' કે 'હવું' એ ક્રિયાનો ભાવ માની લેવો. બીજું प्रथमः એકવચન છે, તે યા તો प्रथमाः સમજવું અથવા प्रथमम् એવું ક્રિયાવિશેષણ માનવું. તથા विदांचकार એ પણ ત્રીજો પુરુષ એકવચન છે, તેને પણ બહુવચન જેવું માનવું.

अतितराम् इव = 'ચડિયાતા જેવા' એમ કહેવાનું કશું સાભિપ્રાય હશે? ખરેખર તો કોઈ ચડિયાતો દેવ નથી — બધા જ દેવો યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇંદ્રિયોનું દેવપણું કે ઇંદ્રિયપણું તે બ્રહ્મ જ છે; પછી તેમાં ઉપર કોણ અને નીચે કોણ? છતાં અમુક દેવો — અમુક ઇંદ્રિયો બ્રહ્મસ્પર્શનાં નિકટતમ સાધનો બન્યાં, તેથી લૌકિક દૃષ્ટિએ તે મોટાં ચડિયાતાં ગણાય, એ બતાવવા માટે 'इव' પદ છે, એમ માની શકાય.

તે ત્રણમાં પણ ઇંદ્ર તો વિશેષ ગણાય, કેમ કે તેણે ખરેખર પ્રથમ જાણ્યું. પછીનો શ્લોક એ કહે છે:-]

तस्माद्वा इंद्रोऽतितरामिवान्यान् देवान् स ह्येनन्नेदिष्ठं पस्पर्श स ह्येनत् प्रथमः विदांचकार ब्रह्मेति ॥३॥

પદાર્થ

तस्माद् વા જુઓ ઉપર શ્લોક ૨ માં. इंद्रः = ઇંદ્ર अतितराम् इव अन्यान् देवान् જુઓ ઉપર શ્લોક ૨ માં. सः = તે. हि एनत् नेदिष्ठं જુઓ ઉપર શ્લોક ૨ માં. पस्पर्श = સ્પર્શ્યો, પહોંચ્યો; सः = તે. हि, एनत्, प्रथमः, विदांचकार, ब्रह्म, इति જુઓ ઉપર બીજા શ્લોકમાં.

અન્વય

सः (इन्द्रः) हि एतद् नेदिष्ठं पस्पर्श, सः हि एनत् ब्रह्म इति प्रथमः विदांचकार, तस्माद् वा इन्द्रः अन्यान् देवान् अतितराम् इव।

અર્થ

ઇંદ્ર એ (બ્રહ્મ) પાસે નજીકમાં નજીક (પહોંચી જઈને) તેને સ્પર્શ્યો — તેણે જ એને, (તે) બ્રહ્મ છે એમ, પહેલું જાણ્યું; તેથી જ ખરેખર ઇંદ્ર બીજા દેવો કરતાં ઉપર — ચડિયાતા જેવો થયો.

[આમ, કેનોપનિષદના ઋષિએ શરૂના બે ખંડમાં જે તત્ત્વ રજૂ કર્યું તે, ખંડ ૩ જા તથા ૪ થામાં, આખ્યાયિકા રૂપે, યક્ષ તથા દેવોના રૂપક દ્વારા, કહ્યું. યક્ષ તે બ્રહ્મ; અને દેવો તે મન, વાણી, ચક્ષુ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રોત્ર, પ્રાણ, આદિ, કે જે બધાં શરીરમાં દૈવત રૂપે — કામ દેતી શક્તિ રૂપે પ્રતીત થાય છે. પ્રત્યક્ષ દૈવત રૂપી આ ઇંદ્રિયોમાં મન સૌથી મોટું દૈવત દેખાય છે. પણ ખરી વાત એ નથી, એમ કથા દ્વારા, તેની રૂપક ભાષામાં કહ્યું.

આ રૂપકના ભાવની સ્પષ્ટતા ઋષિ હવે પછીના મંત્રોમાં કહે છે, અને તેમાં કહે છે કે, ખરું મનુષ્યનું દૈવત શું છે. કાન, નાક, વાણી ઇ૦ બાહ્ય-કરણ છે અને મન અંતઃકરણ છે. એઉનો ખરો અધિરાજ કે એઉનું સાચું રહસ્ય આ કથામાંથી સમજાતું બ્રહ્મ છે અને આંતર બાહ્ય બધાં કરણો તેને લઈને ચેતનવંતાં ને કામ કરંતાં છે, એમ ઋષિ આ કથાનો સારભાગ હવે તારવીને કહેશે.

૩

બ્રહ્મની વિવિધ ઓળખ

'किमिदं यक्षम्'ની રૂપક-કથાનો સાર હવે પછી ત્રણ મંત્રોમાં ઋષિ કહે છે.

કથા પૂરી જાણ્યા પછી આપણને મનમાં એક પ્રશ્ન ઊઠે છે કે, અગ્નિ વાયુ, ઇંદ્ર આદિ દેવો પાછા પડ્યા એ સમજાયું; પણ પછી ઉમાદેવીએ જે કહ્યું કે, એ યક્ષ તો બ્રહ્મ હતું, એટલે શું કહ્યું? કોઈએ તેને જોયું તો નહીં. જેમણે જોયું તે કોઈક યક્ષ તરીકે જ — એક મોટા પ્રશ્નચિહ્ન રૂપે કે, આ શું છે? ઇંદ્રે જે જોયું તે તો ઉમાદેવી; અને તેણે ઇંદ્રને કહ્યું તે પરથી ઇંદ્રને પ્રતીતિ થઈ. એટલે, આ બ્રહ્મની ઓળખ મળતી નથી; તેની ઓળખ શી?

રૂપકના અંતમાં ઋષિ બ્રહ્મની આ ઓળખ જે રીતે આપવી શક્ય છે તે રીતે આપે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ઓળખને માટે સંસ્કૃતમાં 'આદેશ' શબ્દ વપરાયો છે અને તે દ્વારા ઋષિ એ બ્રહ્મનો કાંઈ કે સમજાય એવો પરિચય આપે છે; તે ત્રણ રીતે —

૧. પ્રકૃતિમાં જે દૈવત પ્રગટ રૂપે દેખાય છે, જેની ઓળખ આપણને ઇંદ્રિયો વડે થાય છે, તે દૈવતની તુલનામાં બ્રહ્મ વિષે કહે છે. ઓળખીતી બાહ્ય સૃષ્ટિના સંબંધથી આ બ્રહ્મની વાત થઈ.

૨. આંતર સૃષ્ટિના સંબંધથી વાત કરવા માટે ઋષિ ચિત્તસૃષ્ટિનો દાખલો લે છે : જે દ્વારા આપણ જીવોને આપણાપણું લાગે છે, તે મનની પ્રવૃત્તિની તુલનામાં બ્રહ્મની ઓળખ આપે છે.

૩. અને આમ આંતર તથા બાહ્ય કરણો દ્વારા — ઇંદ્રિયો તથા મન વડે આપણે કાંઈક ને કાંઈક પ્રિય કે ઇષ્ટ મેળવવા મથ્યા જ કરીએ છીએ. આપણા આવા પુરુષાર્થની અંદર એક ગૂઢ અભીપ્સા કે વાંછા કે વાસના રહી છે; કશુંક મેળવવા આપણે મથ્યા જ કરીએ છીએ. આ જે આપણો અનુભવ છે, તેની તુલનામાં ત્રીજી રીતે બ્રહ્મની ઓળખ આપે છે.

આમ, બાહ્ય દૈવત દ્વારા, આંતર મનની ગતિ દ્વારા, અને જીવની વાસના દ્વારા, — કે જે ત્રણે આપણે ઓળખીએ છીએ, — તે ત્રણની પરિભાષામાં હવે ઋષિ બ્રહ્મનો જે આદેશ છે તે સમજાવે છે અને એ રીતે તેનો પરિચય આપે છે.

૧. અધિદૈવત

પહેલો આદેશ દૈવતની પરિભાષામાં આપે છે :—

तस्यैष आदेशो यदेतद् विद्युतो व्यद्युतदा ३ इतीन्न्यमीमिषदा ३ इत्यधिदैवतम् ॥ ४ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પદાર્થ

तस्य = તેનો, તે બ્રહ્મનો एषः = આ आदेशः = આદેશ, ઉપમા દ્વારા પરિચય, ઓળખ यद् = જે एतद् = એ, પેલું (બ્રહ્મ) विद्युतः = વિદ્યુત — વીજળીની (પેઠે) व्यद्युतद् = ચમકયું, ચમકારો માર્યો आ = પેઠે, જેમ ३ = તેની અગાઉના 'આ'નો ઉચ્ચાર લાંબો — પ્લુત કરો એમ સૂચવે છે. इति = કે; इत् = અને, તથા न्यमीमिषत् = (આંખ પેઠે) પલકારો માર્યો, (વીજળી પેઠે) ઝબકીને બંધ થયું आ = જેમ, પેઠે ३ = (જુઓ ઉપર.) इति = કે; अधिदैवतम् = દૈવત – દેવતાઓના સંબંધમાં કે તેમની ઉપમામાંથી જે પમાય તે, દૈવતોમાં આખરી અનુભવસ્થાન, પરમ દૈવત.

અન્વય

यद् एतद् विद्युतः आ व्यद्युतद् इति, इत् (यद् एतद् विद्युतः અથવા चक्षुषः) आ न्यमीमिषत् इति, तस्य एषः आदेशः अधिदैवतम् ।।

અર્થ

જે એ (બ્રહ્મ) વીજળીની પેઠે ચમકયું અને (પાછું તેની પેઠે ઝબકીને આંખના પલકારા પેઠે) મીંચાયું, તેવા એ (બ્રહ્મ)નો આદેશ જે અધિદૈવત છે તે છે : બધાં દૈવતમાં પરમ શ્રેષ્ઠ દૈવત એ છે.

[આ શ્લોકનાં પદોના અન્વયમાં તથા તેના વ્યાકરણ વગેરે બાબતમાં વાદવિવાદ છે; કેમ કે મંત્રની ભાષા બહુ ટૂંકી અને વ્યાકરણ વગેરે આર્ષ છે. તે બધામાં પડયા વગર, જે સરળ રીત લાગી છે તે ઢબે અન્વય તથા અર્થ આપ્યા છે. સારાંશે શ્લોકનો મર્મ બદલાતો નથી એટલે બસ, એમ માન્યું છે. તેનો મર્મ આ છે :—

ઇંદ્રિયો દ્વારા અનેક દૈવતોની પ્રતીતિ થાય છે — જળ, અગ્નિ, વાયુ ઇ૦. તે પ્રતીતિમાં સૌથી ગૂઢ અને વિસ્મયકારી હોય તો તે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વીજળીની પ્રતીતિ છે, કે જેને મનુષ્યો આદિકાળથી આશ્ચર્યવત્ જોતા હશે, તેની વાત કરતા હશે, તે વિષે સાંભળતા હશે, અને આમ બધું કરતાં છતાં તેનો મર્મ સમજતા નહીં હોય. એ દૈવત સૌથી ગૂઢ અને પ્રબળ તથા અગમ્ય લાગ્યું હશે. તેથી જ તેને માટે દેવોના રાજા ઇંદ્રના આયુધ તરીકે કે તેના પ્રતીક તરીકે કલ્પના થઈ છે. એટલે એની ઉપમા આપીને ઋષિ બ્રહ્મને વર્ણવે છે :

વીજળી જેવું મહા દૈવત જેમ ચમકારાથી જ દેખાય છે અને બાકી તો ગૂઢ જ રહે છે, છતાં તે છે જ છે, તેમ જ આ બ્રહ્મ તત્ત્વ વિષે પણ છે. તેથી બધા દેવોમાં તે પરમ છે. તે અધિદેવ છે-- અધિદૈવત છે.

દેવોની પ્રતીતિ ગૂઢ નથી. તેઓ જગતમાં કામ કરતી જણાતી નિરનિરાળી શક્તિઓના પરિચયના આધારે આપણને અવગત થાય છે. તે અનુભવને આધારે કલ્પના કરીને બ્રહ્મની ઓળખ માટે આગળ વધવા ઋષિ કહે છે કે, તે બધા દેવોનો પરમ દેવ તે બ્રહ્મની ઓળખ છે, એમ જાણ.

આ રીતે સૃષ્ટિના તત્ત્વવિચારમાં આગળ વધતાં, આ પરમદેવ તે કોણ, એ વિષે પણ કલ્પના થઈ છે. જેમ કે વિષ્ણુ, મહાદેવ એ દેવાધિદેવ છે એમ કહેવાયું. તે વાત દેવની પરિભાષામાં થઈ. તત્ત્વની પરિભાષામાં, તેને પુરુષ -- આત્મા કે ચિદંશ એવા શબ્દોથી પણ કહેવામાં આવે છે. અને તે દ્વારા પણ બ્રહ્મની ઓળખ અપાય છે કે, તે જ બ્રહ્મ છે.

અહીં આગળ ગીતામાં અ૦ ૭ ને અંતે જે ચર્ચા છે તે જોવા જેવી છે. ત્યાં 'અધિદૈવ' 'અધિદૈવત' શબ્દ આવે છે, તે આ ઉપનિષદના ઉપરના વિષય પરત્વે જ છે. અને તેની ચર્ચામાં અ૦ ૮ આગળ ચાલે છે. તેમાં (૮-૧) સવાલ છે કે, 'अधिदैवं किमुच्यते ?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

— અધિદૈવ કોને કહેવાય? અને તેનો ઉત્તર (૮-૪.) છે કે પુરુષશ્ચાધિદૈવતમ્ — અધિદૈવત તે જેને સાંખ્યમાં પુરુષ કહે છે તે છે.

તે પુરુષનું સ્વરૂપ ગીતાકારે અનેક ઠેકે વર્ણવ્યું છે. તેમાં અહીંયાં યાદ કરવા જેવું નીચેનું છે —

इंद्रियाणि पराण्याहुः इंद्रियेभ्यः परं मनः ।
मनसस्तु परा बुद्धिः यो बुद्धेः परतस्तु सः ॥२-४२॥

જગતના બધા દૃશ્યમાં ઇંદ્રિયો ચડિયાતી છે, કેમ કે તે વડે દૃશ્ય ગોચર થાય છે. ઇંદ્રિયો કરતાં મન ચડિયાતું છે, કેમ કે બાહ્ય ઇંદ્રિયો તે અંતઃકરણ વડે કામ કરી શકે છે. એવા મન કરતાં બુદ્ધિ ચડે છે, કેમ કે, મનની એ પરમ વિભૂતિ છે. એવી જે બુદ્ધિ તેની પણ પાર જે છે તે એ (પુરુષ) છે. બુદ્ધિ સુધીની વિભૂતિઓની આપણને ખબર છે. ત્યાર પછી અહંકાર કે હૂંપણું પણ જાણીએ છીએ. તે હૂંપણું આ પુરુષતત્ત્વને લઈને છે; આપણે ખરું જોતાં તે છીએ.

યક્ષની આખ્યાયિકા આ જ જણાવે છે. આ બધું શું છે તેનું પૃથક્કરણ કરતાં છેવટે જે લાધે છે તે બ્રહ્મ છે — તે બધાનું અધિષ્ઠાન છે; આ બધું જે દેખાય છે કે બને છે તે તેના વડે જ છે.

આમ ઋષિએ બ્રહ્મનો પ્રકૃતિની આધિદૈવિક ભાષામાં પરિચય આપ્યો; સમગ્ર પ્રકૃતિની વિજ્ઞાનદૃષ્ટિએ ઓળખ આપી કે, તે પુરુષ છે — અધિદૈવત છે.

પછી મનુષ્ય કે જીવાત્માની દૃષ્ટિએ ઓળખ આપે છે. બાહ્ય પછી આંતર સૃષ્ટિના સંબંધમાં વર્ણન કરે છે. અને ત્યાર પછી તે સૃષ્ટિનો જે ઇપ્સા કે વાસના અંશ છે તેને સંબોધીને વર્ણન કરે છે.

આંતર સૃષ્ટિમાં આ રીતે બે ભાગમાં વિચાર છે. પહેલા વિચારને માટે ઉપનિષદમાં અધ્યાત્મ અને બીજાને માટે તદ્વત્ શબ્દ વાપર્યો છે. ઉપર ગીતાકારે અ૦ ૮માં આ પ્રકરણ ચર્ચું છે તે જગ્યાએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધ્યાત્મ શબ્દ છે, પણ તદ્દન બદલે ત્યાં અધિયજ્ઞ શબ્દ વાપર્યો છે. આંતર સૃષ્ટિના અનુભવને આધારે બ્રહ્મનો પરિચય આપતા બે મંત્રોનો આ વિચાર હવે પછી આવે છે.]

બ્રહ્મની ત્રિવિધ ઓળખ ઋષિ આપે છે, તેમાંની પહેલી અધિદૈવત ઓળખ ચોથા મંત્રમાં જોઈ; પછીના પાંચમા મંત્રમાં અધ્યાત્મ ઓળખ આપે છે :–

૨. અધ્યાત્મ

अथाध्यात्मं यदेतद् गच्छतीव च मनोऽनेन चैतदुपस्मरत्यभीक्ष्णं संकल्पः ॥ ५ ॥

પદાર્થ

अथ = અને, વળી अध्यात्मम् = અધ્યાત્મ, પોતા વિષે જે અનુભવ થાય છે તેનું પરમ સ્થાન – જીવાત્માનું હૃંપણું यद् = જે एतद् = એ, પેલું गच्छति = ચાલે છે, હાલેચાલે છે, इव = પેઠે, જાણે કે, च = અને मनः = મન अनेन = એના વડે च = અને एतद् = એ उपस्मरति = સ્મરણ કરે છે अभीक्ष्णम् = વારંવાર, હરઘડી संकल्पः = સંકલ્પ, બુદ્ધિનો નિશ્ચય.

અન્વય

अथ यद् एतद् मनः इव गच्छति, अनेन च एतद् उपस्मरति, अभीक्ष्णं च संकल्पः, (इति तस्य एषः आदेशः) अध्यात्मम् ॥

અર્થ

અને એ (બ્રહ્મ) જે મનની પેઠે – મન રૂપે ગતિ કરે છે, તથા એ તેની વડે (તે મન દ્વારા) સ્મરણ કરે છે– સ્મૃતિવૃત્તિ રૂપે વ્યક્ત થાય છે, તથા હરઘડી વારંવાર સંકલ્પ કરે છે, (એવો તે બ્રહ્મનો જે આદેશ તે) અધ્યાત્મ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[પહેલો આદેશ અધિદૈવત છે, જેનું દૃષ્ટાંત કે નિશાની વીજળી છે. આમ તે દેખાતી નથી, પણ ચમકે ત્યારે દેખાય છે. બ્રહ્મ પણ આમ દેખાતું નથી, પણ વિવિધ દૈવત રૂપે ચમકે તે વડે એ પરખાઈ શકે છે. તેથી તે એ દૈવતોનું અધિદૈવત છે, એમ કહો,–એ રૂપે આપણે એ બ્રહ્મને સમજી શકીએ.

બીજો તેને સમજવાનો રસ્તો આપણી આંતરસૃષ્ટિ — ચિત્ત-અનુભવ છે. તર્કવિતર્ક કરવાની મનઃશક્તિ આપણે જાણીએ છીએ; યાદ રાખવાની સ્મૃતિશક્તિ આપણને ખબર છે; તથા તે બધી ચિત્તની વિભૂતિ વડે બુદ્ધિપૂર્વક આપણે નિર્ણય કરીએ છીએ — સંકલ્પ જાગે છે, એય આપણને ખબર છે. આ આપણું જીવન છે; એથી બીજી રીતે આપણને આપણું પોતાપણું દેખાતું નથી. આમ જે આપણી હયાતી કે હસ્તીનું ભાન થવું, તે મન, બુદ્ધિ વગેરે વડે થાય છે. એનું પરમ સ્થાન તે અધ્યાત્મ છે, કે જેને લઈને આપણું હુંપણું લાગે છે. આ પરમ સ્થાન એ બ્રહ્મનું અધિષ્ઠાન છે — તે બ્રહ્મની નિશાની છે.

બીજી પરિભાષામાં કહીએ તો, જે જીવાત્મા છે તે બ્રહ્મનો જ આદેશ છે; બ્રહ્મમાં અને તેમાં સરૂપતા સંતાયેલી છે — જીવાત્મા જ બ્રહ્મનું પ્રતીત થતું લક્ષણ છે.

ગીતાકારે આ વસ્તુ વધુ સ્પષ્ટ ભાષામાં કહી છે. किमध्यात्मम् એવા અર્જુનના સવાલના જવાબમાં શ્રી કૃષ્ણ કહે છે — स्वभावोऽध्यात्ममुच्यते । (૮–૧, ૩) જીવોનો જે સ્વભાવ કે તેમનું અસ્તિત્વ કે સત્તા છે, તે અધ્યાત્મ છે.

આ ઉપનિષદના ઋષિએ પણ અગાઉ આ બાબત સ્પષ્ટ કરી હતી. જુઓ ખં૦ ૨ – મંત્ર ૪, જ્યાં તે બ્રહ્મની ઓળખ આપે છે કે તે 'प्रतिबोधविदित' છે. એનો જ સાર જ્ઞાની કવિઓએ પોતપોતાની ભાષામાં કહ્યો છે — 'જ્યાં જ્યાં નજર મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની'; 'સહજ સમાધ ભયી, સાધો સહજ સમાધ ભયી.' વગેરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બોધમાત્રનો અધિરાજ જે છે તે અધ્યાત્મ છે, કે જેને તે બોધની પ્રતીતિ થાય છે. આવું જે પ્રત્યક્ષ-ચેતન તે 'સ્વભાવ' છે, તે અધ્યાત્મ છે, તે બ્રહ્મનું લક્ષણ છે, તે બ્રહ્મ જ છે કહો.

આમ ટૂંકમાં પ્રકૃતિ કે બાહ્ય સૃષ્ટિમાં પ્રતીત થતું જે અધિદૈવ તેની જ પેઠે, પ્રજ્ઞાન કે આંતર ચિત્તસૃષ્ટિમાં પ્રતીત થતું જે અધ્યાત્મ, તે પણ એ બ્રહ્મનો આદેશ છે. અને એ આંતર સૃષ્ટિમાં ઇચ્છા કે કામના રૂપે જે પ્રતીત થાય છે તેનું અધિત્વ તે 'તદ્વન' છે, તે હવે પછીના મંત્રમાં ઋષિ કહે છે અને બ્રહ્મના ત્રિવિધ આદેશના આ પ્રકરણનો સમારોપ પણ તેની સાથે કરે છે :-]

૩. તદ્વન

तद्ध तद्वनं नाम तद्वनमित्युपासितव्यं स य एतदेवं वेदाभिहैनं सर्वाणि भूतानि संवाञ्छन्ति ।। ६ ।।

પદાર્થ

तद् = તે ह = ખરેખર तद्वनम् = તદ્વન नाम = નામે तद्वनम् = તદ્વન इति = એમ, એ નામથી, એ ભાવથી उपासितव्यम् = ઉપાસના કરવી જોઈએ; પહોંચવા કે પામવા મથવું જોઈએ.

सः = તે यः = જે एतद् = એને, એ બ્રહ્મને एवं = એ પ્રકારે, એમ वेद = જાણ્યું, ઓળખ્યું अभि = પ્રત્યે અથવા 'संवांछन्ति' નો છૂટો પડેલો ઉપસર્ગ, ह = ખરેખર एनम् = એને सर्वाणि = બધાં भूतानि = ભૂતો, પ્રાણીઓ संवांछन्ति = ચાહે છે, આત્મીય-ભાવ ધરાવે છે.

અન્વય

(यद्) तद्वनम् नाम तद् ह ।

(तद्) 'तद्वनम्' इति उपासितव्यम् ।

यः सः एवम् एतद् वेद, एनम् ह अभि सर्वाणि भूतानि संवाञ्छन्ति ।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે તદ્વન નામે કહેવાય છે તે એ જ (બ્રહ્મ) છે.

તે (બ્રહ્મ)ની ઉપાસના 'તદ્વન' ભાવથી કરવી જોઈએ.

એમ (એટલે કે, તેના આવા ત્રિવિધ આદેશ દ્વારા) તે (બ્રહ્મ)ને જે કોઈ જાણે, તેના ભણી ખરેખર બધાં પ્રાણીઓ આત્મીય ભાવથી ઢળે છે — તેને ચાહે છે.

[કામના કે ઇચ્છાનું રૂપ છે, જીવે પોતાને માટે કોઈ ભાવ કે વસ્તુને આત્મસાત્ કરવા ઉત્કટ બનવું — તેવો સંકલ્પ કરવો તે. આવો સંકલ્પ વાસના કહેવાય છે. તે જાત જાતની હોય છે. આપણે જાણે એ ભોગવીએ છીએ ને તેથી રાચીએ છીએ એવું લાગે છે; તેથી તૃપ્તિ અને આનંદ થાય છે; અથવા તે ન મળે તો ક્રોધ અને દ્વેષ તથા વિષાદ થાય છે.

અને આ સંકલ્પ કે વાસના મુજબ આપણે તે મેળવવા પુરુષાર્થ કરીએ છીએ. જેવી વાસના, તેવો તેને માટેનો પુરુષાર્થ. આને માટે ગીતાકારની પરિભાષા 'યજ્ઞ' છે. તે વાપરીએ તો, જેવી કામના તે મુજબ આપણે તેની પૂર્તિ માટે 'યજ્ઞ' કરીએ છીએ.

આ રીતે, આપણે તપાસીએ તોપણ બ્રહ્મને પામવાને માટે એક રસ્તો મળે છે. ઋષિ કહે છે કે, વાસના કે કામનાનું જે પરમ રહસ્ય છે, કે જે 'તદ્વન' કહેવાય છે, તે જો સમજો, તોય બ્રહ્મને લહી શકો. કારણ કે, એ પરમ કામના એ જ બ્રહ્મ છે. આપણે વિવિધ વાસનાઓ માણીએ છીએ એમ લાગે છે, પરંતુ ખરું જોતાં આપણે એક જ વસ્તુનું વનન કરતા હોઈએ છીએ, કે જે તે બ્રહ્મ જ છે. 'યજ્ઞ'ની ભાષામાં કહીએ તો તે 'અધિયજ્ઞ' છે. દરેક જીવ પોતપોતાનાં ઐશ્વર્ય કે શક્તિ પ્રમાણે પુરુષાર્થ કરે છે; એ રૂપે તે દરેક વખતે અમુક ઈશ્વરભાવ ભોગવે છે; અને એમાં કદી પોતે ખૂટે નહીં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

—દરેક વખતે તે ફાવે જ, એવી તેને અંતરમાં ભૂખ રહે છે. તેથી 'અધિયજ્ઞ' એ પરમ-ઈશ્વર-તત્ત્વ એવો પ્રભુ કે પરમેશ્વર છે, એમ ગીતાકાર કહે છે.

अधियज्ञः कथं कोऽत्र
देहेऽस्मिन् मधुसूदन।

'હે મધુસૂદન, આ વિશ્વમાં — આ દેહની અંદર અધિયજ્ઞ કોણ છે?' — અર્જુન એમ પૂછે છે. (૮-૨)

શ્રી કૃષ્ણ જવાબ આપે છે—

अधियज्ञोऽहमेवात्र देहे देहभृतां वर।

'આ વિશ્વમાં, આ દેહમાં અધિયજ્ઞ હું જ છું.' (૮-૪)

આવો જે જીવોની કર્મસૃષ્ટિના સ્વામી રૂપે પ્રતીત થતો અધિયજ્ઞ કે પરમ વનનીય એવો 'તદ્દન' કહેવાતો ઈશ્વર, તે વડે પણ બ્રહ્મની ઓળખ મળે છે; કારણ કે તે એ જ છે.

ટૂંકમાં બ્રહ્મ એ જીવાત્મા — 'અધ્યાત્મ' — છે; પરમાત્મા — 'તદ્દન' — છે; અધિદૈવત — 'પુરુષ' — પણ તે છે.

આમ જે જાણે છે તે પ્રાણીમાત્ર સાથે એકભાવને પામે છે. ગીતાકાર કહે છે તેમ,

यस्मान्नोद्विजते लोको
लोकान्नोद्विजते च यः।

'જેનાથી આ લોકને ઉદ્વેગ નથી થતો, જે આ લોકથી ઉદ્વેગ નથી પામતો; કારણ કે તે એકમાત્ર એવી જ સત્તારૂપ બ્રહ્મ તેને ઉપાસે છે.' (૧૨-૧૫)

ઈશોપનિષદમાં (૬-૭) કહ્યું છે—

यस्तु सर्वाणि भूतान्यात्मन्येवानुपश्यति।
सर्वभूतेषु चात्मानं ततो न विजुगुप्सते॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

यस्मिन् सर्वाणि भूतान्यात्मैवाभूद्विजानतः ।
तत्र को मोहः कः शोक एकत्वमनुपश्यतः ।।

'જે માણસ સર્વ ભૂતોને આત્મામાં જ જુએ છે અને આત્માને સર્વ ભૂતોમાં જુએ છે, તે એ કારણે વિજુગુપ્સા પામતો નથી.

જ્યારે જ્ઞાનીને સર્વ ભૂતો આત્મારૂપ જ બની રહે, ત્યારે એકત્વ જોનારને ત્યાં પછી શો મોહ અને શો શોક રહે?'

પ્રાણીમાત્ર પોતાની વિવિધ કામનાઓ દ્વારા ખરેખર તો તે પરમ દૈવત એવા બ્રહ્મ કે પરમાત્માને જ આરાધે છે, એ ભાવ 'તદ્દન' શબ્દમાં સમાયેલો છે. આ વસ્તુને બૃહદારણ્યક (૨-૪-૫) ઉપનિષદમાં યાજ્ઞવલ્ક્ય ઋષિએ કહી છે, તે અહીં યાદ કરવા જેવી છે:—

'न वा अरे पत्युः कामाय पतिः प्रियो भवत्यात्मनस्तु कामाय पतिः प्रियो भवति, न वा अरे जायायै कामाय जाया . . . पुत्राणां कामाय पुत्राः . . . वित्तस्य कामाय वित्तं . . . ब्रह्मणः कामाय ब्रह्म . . . क्षत्रस्य कामाय क्षत्रं . . . लोकानां कामाय लोकाः . . . देवानां कामाय देवाः . . . भूतानां कामाय भूतानि . . . सर्वस्य कामाय सर्वं प्रियं भवत्यात्मनस्तु कामाय सर्वं प्रियं भवत्यात्मा वा अरे द्रष्टव्यः श्रोतव्यो मन्तव्यो निदिध्यासितव्यः ।"

"ખરેખર, પતિને કારણે પતિ પ્રિય નથી લાગતો, પરંતુ આત્માને કારણે પતિ પ્રિય લાગે છે; (તેમ જ) પત્નીને કારણે પત્ની . . . . . પુત્રોને કારણે પુત્રો . . . . . વિત્તને કારણે વિત્ત . . . . . બ્રાહ્મણોને કારણે બ્રાહ્મણો . . . . ક્ષત્રિયોને કારણે ક્ષત્રિયો . . . . લોકોને કારણે લોકો . . . . દેવોને કારણે દેવો . . . . ભૂતોને કારણે ભૂતો . . . . . (એમ) સર્વને કારણે સર્વ પ્રિય નથી લાગતું, પરંતુ આત્માને કારણે સર્વ પ્રિય લાગે છે. તે આત્માને ખરેખર જોવો જોઈએ, સાંભળવો જોઈએ, ધ્યાન કરવો જોઈએ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ પ્રમાણે આ ઉપનિષદનો સંવાદ — 'કેનેષિતમ્' પ્રશ્નથી શરૂ થયેલો તે — પૂરો થાય છે. ઋષિ સમારોપ કરતાં કહે છે, બ્રહ્મ એ જ આપણું પરમ વનનીય -- પરમ વાસના છે; તેને ભજો. તો કોઈ પ્રાણી કે સત્ત્વ તરફથી ભીતિ, સંતાપ કે ઉદ્વેગનું કારણ નહીં રહે; કેમ કે ત્યાં પહોંચ્યે એકત્વને પામશો. અને એકમેવાદ્વિતીય એવા બ્રહ્મ પછી કોણ બીજો છે કે જેનાથી બીએ કે બીજાને વાંછે કે તે માટે મથે? તૈત્તિરીયોપનિષદમાં (૨-૯-૧) કહ્યું છે તેમ,

यतो वाचो निवर्तन्ते, अप्राप्य मनसा सह।
आनन्दं ब्रह्मणो विद्वान्, न बिभेति कुतश्चनेति॥

"મન સાથે જ્યાં શબ્દો (તેને) પામ્યા વિના જ પાછા ફરે છે. બ્રહ્મના આનંદને જાણનારો પછી કશાથી બીતો નથી."

અને તે પામવાને માટેનો માર્ગ ઉપનિષદના ઉપસંહાર રૂપે હવે પછી આવે છે અને તે પૂરું થાય છે.

૪
ઉપસંહાર

આ ઉપનિષદનો બીજક પ્રશ્ન હતો કે, હે ગુરુ, કોની ઇચ્છાએ કરીને આ મન, ઇંદ્રિયાદિ ચાલના પામે છે? આ બધાનો અધિદેવ કોણ છે?

આ મૂળ પ્રશ્નનો ઉત્તર ઋષિએ ચાર ખંડમાં ચર્ચા કરીને આપ્યો અને અંતે કહ્યું કે, એ અધિદેવ, કે જે બ્રહ્મ છે, તે જ પ્રાણી-માત્રનું પ્રિયતમ અધિષ્ઠાન છે, તદ્વન છે: તેની ઉપાસના કરવી જોઈએ.

એમ એના ઉત્તરની સાથે ઋષિએ જીવનની સાધના કે જગતના પરમ સત્ય પરથી તારવીને તેની ફલશ્રુતિ પણ કહી કે, તેથી બ્રહ્મ ઉપાસનીય છે, તેની પ્રાપ્તિ એ જ સાચું સુખધામ છે, પ્રાણીમાત્ર સાથે અભેદનો — પ્રેમનો અનુભવ કરવાનો માર્ગ એ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ રીતે બીજક પ્રશ્નની ચર્ચા પૂરી થાય છે. તેના ઉપસંહાર રૂપે હવે અંતમાં કહે છે:—

હે શિષ્ય, તારા પ્રશ્નનો આ રીતે ઉત્તર અમે આપ્યો; હવે તે પ્રમાણે જીવનમાં એને ધારણ કરીને ચાલ, તો પાપને તું તરી જશે.

उपनिषदं भो ब्रूहीत्युक्ता त उपनिषद् ब्राह्मी वाव त उपनिषदमब्रूमेति ॥ ७ ॥

પદાર્થ

उपनिषदम् = ઉપનિષદને भो = હે (ગુરુજી) ब्रूहि = કહો इति = એમ, એવા પ્રશ્ન પરથી उक्ता = કહેવામાં આવ્યું, ते = તને उपनिषद् = ઉપનિષદ ब्राह्मी = બ્રહ્મવિષયક वाव = ખરેખર ते = તને उपनिषदम् = ઉપનિષદ अब्रूम = અમે કહ્યું इति = એમ.

અન્વય

'भो (भगवन्), उपनिषदम् ब्रूहि' इति (प्रश्ने) ते उपनिषद् उक्ता। वाव ते ब्राह्मी उपनिषदम् अब्रूम इति।

અર્થ

'હે પ્રભુ, (મને) ઉપનિષદ કહો,' એવા (પ્રશ્ન ઉપરથી), તને ઉપનિષદ કહેવાયું; ખરેખર, અમે તને બ્રહ્મવિષયક ઉપનિષદ કહ્યું.

[આપણે શરૂમાં આ સ્વાધ્યાયમાં જોયેલું કે, સામાન્ય રીતે અમુક પ્રશ્નથી ઉપનિષદોની શરૂઆત થાય છે. પરંતુ તે કોણ પૂછે છે, તેનું પ્રસ્થાન શેમાંથી છે, એવું કાંઈ આ ઉપનિષદમાં મળતું નથી. આ અંતના શ્લોક પરથી અનુમાન થાય છે કે, કોઈ પ્રશ્નકાર હતો જેણે પૂછ્યું કે, મને ઉપનિષદ કહો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જવાબમાં ઋષિ કહે છે, તને અમે ઉપનિષદ કહ્યું; તે ખરેખરું બ્રાહ્મી ઉપનિષદ છે. ઉપનિષદોનો વિષય જ બ્રહ્મ છે; તેમાં 'કેન' તો વિશેષે કરીને બ્રાહ્મી ઉપનિષદ જ છે, કે જે તને અમે કહ્યું છે.

ઉપનિષદ એટલે જ્ઞાનમાત્રનું ગૂઢ રહસ્ય, એ અર્થ અહીંયાં સમજવો જોઈએ.

એ રહસ્યનો, ટૂંકમાં છતાં નવી ઢબે, વળી વિશેષ પરિચય ઋષિ આપે છે:—]

ઉપનિષદના ધર્મો

तस्यै तपो दमः कर्मेति प्रतिष्ठा वेदाः सर्वांगानि सत्यमायतनम् ॥८॥

પદાર્થ

तस्यै = તે (ઉપનિષદની) પ્રાપ્તિ સારુ तपः = તપ दमः = દમ कर्म = કર્મ इति = એ રીતે प्रतिष्ठा = આધાર, ભૂમિકા; वेदाः = વેદો; અનેકવિધ જ્ઞાનશાખાઓ सर्वांगानि = સર્વે અંગો; सत्यम् = સત્ય आयतनम् = ધામ, આશ્રયસ્થાન.

અન્વય

तस्यै (उपनिषदे) प्रतिष्ठा तपः दमः कर्म इति, वेदाः सर्वांगानि, सत्यम् आयतनम् ॥

અર્થ

તે (ઉપનિષદ)ની ભૂમિકા તપ, દમ તથા કર્મ છે; વેદો (તેનાં) બધાં અંગો (તેનું શરીર) છે; સત્ય (તેનું) ધામ (તેનું હાર્દ) છે.

[કેન ઉપનિષદનો ઉત્તમ એક મંત્ર આ છે. આદિ શાંતિપાઠમાં પ્રાર્થના છે કે, मा मा ब्रह्म निराकरोत्, अनिराकरणम् अस्तु, अनिराकरणम् मे अस्तु । (તે બ્રહ્મનો હું જીવનમાં ઇન્કાર ન કરું, એમ થાઓ.) આ ક્યારે બને કે જો, ये उपनिषत्सु धर्माः ते मयि सन्तु,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે મયિ સન્તુ — ઉપનિષદમાં જે ગુણો તે અર્થે જરૂરના કહ્યા છે, તે મારામાં હો. મતલબ કે, મને તે બ્રહ્મપ્રાપ્તિને યોગ્ય બનાવો.

આ આપણી પ્રાર્થના છે. એમાં કયા ગુણો યાચીએ છીએ તેનો મંત્ર આ શ્લોક છે. તે કહે છે:

આ ઉપનિષદ કે બ્રહ્મજ્ઞાનને પેદા થવા માટે જીવનની ભૂમિકા જોઈએ. એ ગ્રંથવાચનનું કે પઠનપાઠનનું કામ નથી.

અને જીવન એટલે કર્મ. પણ તે કર્મ એટલે જેનો પાયો તપ તથા દમ છે તે. કર્મ દૃષ્ટિપૂત અને બ્રહ્મનિષ્ઠ હોવું જોઈએ. તેમાં દમ તથા તપની સુવાસ હોય; સત્કર્મની આ પારખ છે, કસોટી છે.

આ બ્રહ્મજ્ઞાનનું શરીર વિવિધ જ્ઞાનશાખાઓ કે વિદ્યાઓ છે. તે બધી તેની ઉપાધિઓ છે, — તે એ નથી. આ જ્ઞાન પરમજ્ઞાન કે પરમવિદ્યા છે. કારણ કે, એ બ્રહ્મજ્ઞાનનો આત્મા કે હાર્દ કે તેનું અધિષ્ઠાન કહો તો તે સત્ય છે. તેનાં બધાં અંગોરૂપી જે બધી વિદ્યાઓ, તેમાં તે સત્ય રૂપે વિલસે છે. છેવટે જોતાં, તે જ સત્ય છે અને તેથી વેદમાત્રનું તે અધિષ્ઠાન છે અને કર્મમાત્રનું તે રહસ્ય છે.

એટલે તે બ્રહ્મને પામવાને માટે સત્યનિષ્ઠ બની કર્મ તથા વિદ્યાનું અનુશીલન કરો. કર્મ એ ભૂમિ છે; તપ તથા દમ તેનાં ખાતર-પાણી છે; સત્ય એ બીજ છે; તેમાંથી વિદ્યાઓ ફૂલેફાલે છે, જે બ્રહ્મ-વિદ્યાનાં સર્વાંગો છે. એવા જીવનવૃક્ષનો આત્મા તે બ્રહ્મ છે.

આમ ટૂંકમાં જીવનનો, એટલે કે, તેની સાધનાના સારનો ચિતાર આ મંત્રમાં આપ્યો છે.

સનાતન ધર્મ-પરિભાષા

એમાં વાપરેલા મૂળ શબ્દોનો ભાવાર્થ હવે જોઈએ. આ શબ્દો આપણા ધર્મસાહિત્યના કેટલાક અતિ મર્મગ્રાહી અને પ્રભાવશાળી શબ્દોમાંના મુખ્ય છે — તપ, દમ, કર્મ, વેદ, સત્ય. ભાત ભાતના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાવો અને અર્થો તેમાં આપણા ધર્મગ્રંથોએ અર્પેલા છે. તેમાં એક-દેશીય અતિરેક પણ થયેલા છે અને અતિવ્યાપક અનેકાર્થતા પણ આરોપાઈ છે. એ બધો રસિક વિસ્તાર અભ્યાસીને આનંદ આપે એવો છે. અહીં ટૂંકમાં આ શબ્દોનો એકે એકે અર્થ જોઈએ.

તપ

તપનું રહસ્ય જીવનનો પરમ મર્મ પામવાને માટે સતત ઉત્કટ તીવ્રતામાં રહેલું છે. આપણી બધી વિભૂતિઓ — તન, મન, ધન ઇ૦ — તે અર્થે અર્પિત બને અને તેમ વર્તે; એમ એ બધામાં અમુક એકાગ્રતા, સમન્વિતતા કે સમાહિતતા હોય. આપણામાં રહેલા તામસિક ગુણની જડતાની દૃષ્ટિએ કહીએ તો, તેને સદાય ગોદાવતી રહે, અમુક પ્રકારે જાણે કે આપણને સંતાપ આપ્યા કરે એવી, છતાં મધુર — કેમ કે અમુક જીવનદીક્ષા કે સાધનામાંથી તે સહજ પેદા થતી હશે, એવી — સદાજાગૃતિભરી તિતિક્ષા રહેલી હોય. હિંદુ તત્ત્વજ્ઞાન એને તપ કહે છે; અને તે જ બ્રહ્મ છે, તપો વૈ બ્રહ્મ – એટલે સુધી તેનું ગૌરવ કરે છે.

શંકરાચાર્યની તપની વ્યાખ્યા અહીં નોંધવા જેવી છે. આ મંત્રના ભાષ્યમાં તે કહે છે,

तपः कायेन्द्रियमनसां समाधानम् ।।

'તપ એટલે કાયા, ઇંદ્રિયો તથા મનનું 'સમાધાન'". (સમાધાન એટલે સમાધિરૂપ — એકાગ્ર થવું તે.)

દમ

દમ એટલે દમન. ઇંદ્રિયોને ગમે તેમ ભમવાની ને દોડી જવાની ટેવ છે; તેમાંથી તેમને રોકવાના વિવેકની જરૂર છે. ભાત ભાતનાં જ્ઞાન કે સંપ્રજ્ઞાન આપણને આ જગતમાં થઈ શકે છે, તેમાં વિવેક હોવો જોઈએ. આવા વિવેકયુક્ત જીવનનું રહસ્ય તે દમ છે. दमः उपशमः – દમ એટલે (વિષયોમાંથી) ઉપશમ, એમ શાંકરભાષ્ય કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્મ

કર્મ તે જીવનમાં કરવાનાં વર્ણ તથા આશ્રમ મુજબનાં કામો.* અહીં વર્ણનો અર્થ વ્યાપક સમજવો જોઈએ: વર્ણ એટલે સમાજમાં આપણે માટે નિયત થતો ધર્મ — કામકાજ, આચારવિચાર વગેરે. આશ્રમ તે આપણા વ્યક્તિવિકાસ અર્થે જે કાળે જે ધર્મ અંગીકાર કરવો જોઈએ તે. એવા ચાર આશ્રમધર્મો ગણાવ્યા છે, તે સૌ જાણીએ છીએ.

હિંદુ ધર્મની પરિભાષામાં કર્મની આ વ્યાખ્યા થઈ. બાકી કર્મ એટલે જીવનનાં — સામાજિક તથા વૈયક્તિક એમ સમગ્ર વિશ્વજીવનનાં સુયોગ્ય ધારણ તથા પોષણ અર્થે કરવાનું કામકાજ. કર્મ એ જ જીવન છે; એકમેવાદ્વિતીય એવા સત્ય બ્રહ્મનો એ આવિષ્કાર છે, એમ ગીતા કહે છે — कर्म ब्रह्मोद्भवम् विद्धि (૩-૧૫) (કર્મની ઉત્પત્તિ બ્રહ્મમાંથી છે એમ જાણ.) અને એ કર્મની ઓળખ આપે છે કે, તેમાંથી આ વિશ્વના ધારણરૂપ એવા બધા યજ્ઞો પેદા થાય છે — बहुविधा यज्ञाः विततता ब्रह्मणो मुखे। कर्मजान् विद्धि तान् सर्वान्, एवं ज्ञात्वा विमोक्ष्यसे ॥૪-૩૨॥ ઉપનિષદકાર એ જ વસ્તુ દમ તથા તપ દ્વારા સૂચવે છે. જે કર્મમાં દમ તથા તપનું રહસ્ય આત્મારૂપે રહેલું છે, તે કર્મને જ ગીતાકાર 'यज्ञ' કહે છે, જે આપણી ધર્મ-પરિભાષાનો બીજો એક અતિવ્યાપક અને અર્થગંભીર શબ્દ છે,

વેદ

વેદ એટલે જ્ઞાન. તેમાં વિદ્યામાત્ર આવી જાય. કર્મની અંતિમ પ્રતિષ્ઠા એ છે કહો, કે જ્ઞાનનું શરીર કર્મ છે કહો, — બંને એક જ વાત છે. કર્મ અને જ્ઞાનને જુદાં કરવાં કે વિચારવાં એ ભૂલ છે. તેથી જ, જ્ઞાનમૂલક કર્મ જોઈએ અને કર્મપ્રેરક જ્ઞાન જોઈએ,

* શાંકરભાષ્ય 'कर्म अग्निहोत्रादि' એમ જણાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવો તે બે વચ્ચેનો નિત્યસંબંધ રહેલો કહેવાય છે. ઉપનિષદોનાં તત્ત્વના પરમોત્તમ દોહન કરનારા એવા ગીતાકારને યાદ કરીને કહીએ તો —સર્વં કર્માખિલં પાર્થ જ્ઞાને પરિસમાપ્યતે (૪–૩૩) કર્મમાત્રની ફલશ્રુતિ જ્ઞાન છે.

અને એક સ્થાને જ્ઞાનની વ્યાખ્યા ગીતાકારે આવી કરી છે :—

अमानित्वमदम्भित्वमहिंसा क्षान्तिरार्जवम् ।
आचार्योपासनं शौचं स्थैर्यमात्मविनिग्रहः ।।
इन्द्रियार्थेषु वैराग्यमनहंकार एव च ।
जन्ममृत्युजराव्याधिदुःखदोषानुदर्शनम् ।।
असक्तिरनभिष्वंगः पुत्रदारगृहादिषु ।
नित्यं च समचित्तत्वमिष्टानिष्टोपपत्तिषु ।।
मयि चानन्ययोगेन भक्तिरव्यभिचारिणी ।
विविक्तदेशसेवित्वमरतिर्जनसंसदि ।
अध्यात्मज्ञाननित्यत्वं तत्त्वज्ञानार्थदर्शनम्
एतज्ज्ञानमिति प्रोक्तमज्ञानं यदतोऽन्यथा ।।

નિર્માનતા, અહિંસા ને અદંભ, આર્જવ, ક્ષમા,
ગુરુભક્તિ તથા શૌચ, સ્થિરતા, આત્મનિગ્રહ;
વિષયો પ્રતિ વૈરાગ્ય, નિરહંકારતા તથા,
જન્મ-મૃત્યુ-જરા-વ્યાધિ-દુઃખ-દોષોનું દર્શન;
નિર્મોહતા, અનાસક્તિ, પુત્ર-પત્નીગૃહાદિમાં,
સારા માઠા પ્રસંગોમાં ચિત્તની સમતા સદા;
અનન્ય યોગથી મારી ભક્તિ અવ્યભિચારિણી,
એકાંતવાસમાં પ્રેમ, ના ગમે દાયરા વિષે;
અધ્યાત્મ જ્ઞાનમાં નિષ્ઠા, તત્ત્વજ્ઞાન વિચારણા;
આ લક્ષણે કહે જ્ઞાન તેથી અજ્ઞાન ઊલટું.

[ગીતા, અ. ૧૩, શ્લોક ૭–૧૧]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વેદ એ આવા કર્મ તથા જ્ઞાન વચ્ચેના અતૂટ સંબંધે રહેલું વિદ્યા-અંગ છે.

સત્ય

છેવટે સત્ય શબ્દ રહે છે. આ જીવનનો નિષ્ઠાવાચક શબ્દ છે. જે કાંઈ આ વિશ્વમાં ખરેખર છે, — સત્, તેનો ભાવ જીવનમાં ઉતારવાની કે પામવાની નિષ્ઠા કે ઉત્કટ ભાવના તે સત્ય છે. દંભ, જૂઠ, પ્રપંચ, કપટ, ઇ૦ તે નથી. જેવા છીએ, જેવું લાગે, જેવું નમ્રભાવે સમજાય, તેવા હોવું, તેમ વર્તવું, તેવા બનવું — એ સત્યનો ભાવ છે.* અંગ્રેજીમાં જેને 'સિન્સેરિટી, ઇંટેગ્રિટી' કહે છે તે એમાં સમાયેલી છે. જીવનના વ્યવહારમાં — સંસારની સદા ફરતી રહેતી ઘટમાળમાં રહેલો અમરતાનો ભાવ એ છે. તેથી ઋજુતા, નિર્વ્યાજતા એમાં રહેલી છે. ગાંધીજીએ પોતાના સત્યાગ્રહ શબ્દમાં જે અર્થ સત્યને વિષે અર્પેલો છે, તે અર્થ અહીંયાં ઉપનિષદ કહે છે. વિદ્યામાત્રનું આરાધ્ય અને એકમાત્ર લક્ષ્ય જે સત્ય કહેવાય છે, તે એ છે. 'असतो मा सद् गमय' એ સનાતન માનવપ્રાર્થનામાં રહેલું સત્ તે આ સત્ય છે. સત્ય લાગ્યા કરતું એવું છતાં જે 'असत्' કે ક્ષણભંગુર છે, તેમાં આપણે રઝળીએ છીએ; તેમાંથી સત્યે જવું હોય તો, તેમ જવા માટેની જે ઉત્કટ સત્યનિષ્ઠા તે આ સત્ય છે. એ નિષ્ઠાનો દીવો પરમ સત્યે લઈ જનાર એકમાત્ર આપણી ગતિ છે. તેથી તે ગૂઢ એવી બ્રાહ્મી વિદ્યાનું આયતન છે. તે

---

* શાંકરભાષ્ય વ્યાખ્યા આપે છે – सत्यमिति अमायिता अकौटिल्यं वाङ्मनः-कायानाम् । तेषु ह्याश्रयति विद्या ये अमायाविनः साधवः नासुरप्रकृतिषु मायाविषु, 'न येषु जिह्ममनृतं न माया च' (પ્રશ્ન૦ ૧.૧૬) इति श्रुतेः ।

"સત્ય એટલે અમાયાવીપણું; અર્થાત્ વાણી, મન અને કાયાની અકુટિલતા. જેઓ અમાયાવી છે – સાધુ છે, તેઓને જ આશરીને વિદ્યા રહે છે; જેઓ માયાવી છે – અસુર પ્રકૃતિના છે, તેઓને નહીં. શ્રુતિમાં પણ કહ્યું છે (પ્રશ્નો-પનિષદ ૧-૧૬) કે, 'જેઓમાં કુટિલતા નથી, અનૃત નથી, માયા નથી . . .'"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રીતે જનારને પાપ નથી, તે કર્મથી લેપાતો નથી; બલ્કે તે અનિત્ય એવાં કર્મો જ તેને નિત્ય એવા બ્રહ્મ ભણી લઈ જાય છે.

આ જાતના કર્મ-દમ-તપ-વેદ-સત્ય-રૂપ બ્રાહ્મી ઉપનિષદના જીવન માટે કેનોપનિષદના ઋષિ અંતે કહે છે —

જીવનની ફલશ્રુતિ

यो वा एतामेवं वेदापहृत्य पाप्मानमनन्ते स्वर्गे लोके ज्येये प्रतितिष्ठति प्रतितिष्ठति ।। ९ ।।

પદાર્થ

यः = જે वै = ખરેખર (અથવા પાદપૂર્તિ તરીકે નિરર્થક) एताम् = એને; એ બ્રાહ્મી ઉપનિષદને एवम् = એ પ્રકારે; એ રીતે वेद = જાણે છે, સમજે છે, अपहृत्य = ત્યજીને; છોડીને, નાશ કરીને पाप्मानम् = પાપને ज्येये* = જ્યેષ્ઠ, મોટું, વિશાળ, સર્વોત્તમ अनन्ते = અનન્ત સ્વર્ગે लोके = સ્વર્ગ લોકમાં प्रतितिष्ठति, प्रतितिष्ठति = પ્રતિષ્ઠા પામે જ પામે છે; પ્રતિષ્ઠિત કે સ્થિર થાય જ થાય છે.

અન્વય

यः वा एताम् एवं वेद (सः) पाप्मानम् अपहृत्य ज्येये अनन्ते स्वर्गलोके प्रतितिष्ठति प्रतितिष्ठति ।।

અર્થ

જે ખરેખર આને (આ બ્રાહ્મી ઉપનિષદને) એ રીતે (મંત્ર ૮ માં કહ્યા મુજબ) જાણે છે, તે પાપનો નાશ કરીને — કે તેમાંથી મુક્ત થઈને, સર્વોત્તમ એવા અનંત સ્વર્ગ-લોકમાં પ્રતિષ્ઠિત થાય છે જ થાય છે.

---

* કેટલાક अज्येये પાઠ પણ લે છે. 'लोके' પદ પછી અવગ્રહ કલ્પીને તેનો અર્થ 'અજય' કરે છે. આ પાઠથી અર્થ ખાસ વધતો કે સરતો લાગતો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાપ

[અહીં હિંદુધર્મની પરિભાષાનો એક બીજો મહાવિશાળ વાચક 'પાપ' વપરાયો છે. તેના અર્થ પણ અપાર થાય છે ને થશે. તેનો સાર એ વાતમાં રહેલો છે કે, જે કર્મ ઉપર કહેલી બ્રહ્મપ્રતિષ્ઠામાં નથી, એટલે કે તપ-દમ-જ્ઞાન-સત્યથી વેગળું છે, તે પાપ છે. શાંકરભાષ્ય વ્યાખ્યા આપે છે, अविद्याकामकर्मलक्षणं संसारबीजम् — અજ્ઞાન તથા કામનાભરેલાં કર્મોના લક્ષણવાળું જે સંસારના બીજરૂપ છે તે પાપ છે. ગીતાકારની 'પાપ'ની વ્યાખ્યા પણ યાદ કરીએ તો —

काम एष क्रोध एष रजोगुणसमुद्भवः ।
महाशनो महापाप्मा विद्ध्येनमिह वैरिणम् ।।
धूमेनाव्रियते वह्निर्यथाऽऽदर्शो मलेन च ।
यथोल्बेनावृतो गर्भस्तथा तेनेदमावृतम् ।।
आवृतं ज्ञानमेतेन ज्ञानिनो नित्यवैरिणा ।
कामरूपेण कौन्तेय दुष्पूरेणानलेन च ।।
इन्द्रियाणि मनो बुद्धिरस्याधिष्ठानमुच्यते ।
एतैर्विमोहयत्येष ज्ञानमावृत्य देहिनम् ।।
तस्मात्त्वमिंद्रियाण्यादौ नियम्य भरतर्षभ ।
पाप्मानं प्रजहि ह्येनं ज्ञानविज्ञाननाशनम् ।।

એ તો કામ તથા ક્રોધ, જન્મ જેનો રજોગુણે,
મહાભક્ષી મહા પાપી, વેરી તે જાણજે જગે.
ધુમાડે અગ્નિ ઢંકાય, રજે ઢંકાય દર્પણ,
ઓરથી ગર્ભ ઢંકાય, તેમ જ જ્ઞાન કામથી.
કામરૂપી મહાઅગ્નિ, તૃપ્ત થાય નહીં કદી,
તેનાથી જ્ઞાન ઢંકાયું, જ્ઞાનીનો નિત્ય શત્રુ તે.
ઇંદ્રિયો મન ને બુદ્ધિ, કામનાં સ્થાન સૌ કહ્યાં,
તે વડે જ્ઞાન ઢાંકી તે પમાડે મોહ જીવને.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે માટે નિયમે પહેલાં, લાવીને ઇંદ્રિયો બધી,
જ્ઞાનવિજ્ઞાનઘાતી તે પાપીને કર દૂર તું.

[ગીતા, અ. ૩, શ્લોક ૩૭-૪૧]

આવા કામક્રોધરહિત, નિષ્પાપ તપોમય સત્યપરાયણ જીવનથી મનુષ્ય તરે છે, બ્રહ્મને પામે છે.

સ્વર્ગ

હિંદુ ધર્મપરિભાષાનો વળી એક શબ્દ આ મંત્રમાં આવે છે તે સ્વર્ગ. તે પરમસુખનું ધામ છે. અને પરમસુખ તો બ્રહ્મ જ છે, માટે સ્વર્ગલોક તે જ બ્રહ્મ પણ છે. જોકે, હિંદુ ધર્મમાં જાત જાતના લોકો-સ્વર્ગો તેના આગળના ઇતિહાસમાં ગણાવાય છે; પરંતુ અહીં જૂનો સ્વર્ગ શબ્દ વાપરીને તેને બીજા ત્રીજા કલ્પેલા લોકથી નિરાળો બતાવવા 'જ્યેય, અનંત' એવાં વિશેષણો વાપર્યાં છે. એ જ આપણું સ્વધામ છે, પરમધામ છે, સુખધામ છે, એકમાત્ર આયતન છે. જીવનની મુસાફરી પૂરી કરીને નિરાંતે પોતાને ઘેર જવાનું છે, તે સૌનું ઘર એ અનંત 'જ્યેય' સ્વર્ગ છે. તે જ આ બધી ઇંદ્રિયોને અને મનને પ્રેષિત કરે છે, કેમ કે તે જ છે. અને આપણે જેને 'હું' માનીએ છીએ તે પણ ખરું જોતાં તે જ છે. આ કેવી રીતે, તે કેન ઉપનિષદ કહે છે અને પૂરું થાય છે.

ॐ आप्यायन्तु ममांगानि . . .
ॐ शांतिः शांतिः शांतिः

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરવણી

[ઉપોદ્ઘાતમાં ઠેકાણે ઠેકાણે ઉલ્લેખેલા ભાગો અહીં વિગતે પુરવણીરૂપે જુદા ઉતાર્યા છે. ઉત્સાહી વાચકને એ ઉપયોગી નીવડશે.]

પુરવણી – ૧

[જૈમિનીય-ઉપનિષદ-બ્રાહ્મણ: ૩,૩૩, ૧-૮]

स यो वायुः प्राण एव सः। योऽग्निर्वागेव सा। यच्चन्द्रमा मन एव तद्। य आदित्यः स्वर एव सः। ॥ १ ॥

स यो ह वा अमूर्देवता उपास्ते या अमूरधिदेवतम् दुरूपा वा एता दुरनुसंप्राप्या इव। कस्तद्वेद यद्येता अनु वा संप्राप्नुयान्न वा ॥२॥

अथ य एना अध्यात्मम् उपास्ते स हान्तिदेवो भवति। निर्जीर्यन्तीव इत एताः। तस्य वा एताश्शरीरस्य सह प्राणेन निर्जीर्यन्ति। क उ एव तद् वेद यद्येता अनु वा संप्राप्नुयान्न वा ॥ ३ ॥

अथ य एना उभयीरेकधाभवन्तीर्वेद स एवानुष्ठ्या साम वेद स आत्मानम् वेद स ब्रह्म वेद ॥ ४ ॥

तदाहुः प्रादेशमात्राद् वा इत एता एकम् भवन्ति। अतो ह्ययम् प्राणः स्वर्य उपर्युपरि वर्तत इति ॥ ५ ॥

अथ हैक आहुश्चतुरङ्गुलाद् वा इत एता एकम् भवन्तीति। अतो ह्येवायम् प्राणः स्वर्य उपर्युपरि वर्तत इति। ६ ॥

स एष ब्रह्मण आवर्तः। स य एवम् एतम् ब्रह्मण आवर्तम् वेदाभ्येनम् प्रजाः पशवः आवर्तन्ते सर्वम् आयुरेति ॥ ७ ॥

स यो हैवम् विद्वान् प्राणेन प्राण्यापानेनापान्य मनसैता उभयीर्देवता आत्मन्येत्य मुख आधत्ते तस्य सर्वम् आप्तम् भवति सर्वम् जितम्। न हास्य कश्चन कामोऽनाप्तो भवति य एवम् वेद ॥ ८ ॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરવણી – ૧

"(દેવતા તરીકે – અધિદેવતમ્) જે વાયુ છે, તે (શરીરમાં – અધ્યાત્મમ્) પ્રાણ જ છે; જે અગ્નિ, તે વાણી જ છે; જે ચંદ્રમા, તે મન જ છે; જે આદિત્ય છે, તે સ્વર જ છે. (૧)

"જે (મનુષ્ય) તે દેવતાઓને એ અધિદેવત રૂપે જ ઉપાસે છે, તેની તે દેવતાઓ અપૂર્ણ રૂપવાળી (દુરૂપા) હોય છે, તથા પ્રાપ્ત થવી મુશ્કેલ હોય છે (दुरनुसंप्राप्याः). વળી કોણ જાણે છે કે તે તેમને (ખરેખર) પ્રાપ્ત કરી શકે છે (अनुसंप्राप्नुयात्) કે નહીં. (૨)

"હવે જે (મનુષ્ય) તે દેવતાઓને શરીરગતરૂપે (अध्यात्मम्) ઉપાસે છે, તે એ દેવતાઓની નજીક પહોંચેલો (अन्तिदेवो) બને છે. પણ તે દેવતાઓ અહીંથી જીર્ણ થતી હોય એવી હોય છે. તેઓ એના શરીરના પ્રાણ સાથે જીર્ણ થાય છે. વળી કોણ જાણે છે કે, તે તેમને (ખરેખર) પ્રાપ્ત કરી શકે છે કે નહીં. (૩)

"હવે જે (મનુષ્ય) તે બંને (દેવતાઓ)ને એકરૂપ થતી જુએ–જાણે છે (વેદ), તે જ તરત સામ–મંત્રને પણ જુએ–જાણે છે, આત્માને પણ જુએ–જાણે છે, અને બ્રહ્મને પણ જુએ–જાણે છે. (૪)

(અનુભવીઓએ) કહ્યું છે કે, અહીંથી એક વેંત જેટલે તે દેવતાઓ એકરૂપ થાય છે. ત્યાંથી આગળ આ પ્રાણ સ્વર કરતો ઉપર ઉપર વળે છે (वर्तते). (૫)

"હવે કેટલાક એમ કહે છે કે અહીંથી ચાર આંગળ જેટલે તે દેવતાઓ એકરૂપ થાય છે; અને ત્યાંથી આગળ આ પ્રાણ સ્વર કરતો કરતો ઉપર ઉપર વળે છે. (૬)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"એ જ બ્રહ્મનો આવર્ત (વળાંક) છે. જે (મનુષ્ય) આ બ્રહ્મના આવર્તને જુએ–જાણે છે, તેના તરફ બધી પ્રજાઓ અને પશુઓ વળે છે. તે પૂર્ણ આયુષ્ય પામે છે. (૭)

"એ પ્રમાણે સાક્ષાત્કાર કરનારો જે જ્ઞાની પ્રાણથી શ્વાસ લઈને અને અપાનથી ઉચ્છ્વાસ કાઢીને (प्राणेन प्राण्य अपानेन अपान्य), આત્મામાં આવી, મન વડે એ બંને પ્રકારની દેવતાઓને મુખમાં ધારણ કરે છે (मनसा एताः उभयीः देवताः आत्मनि एत्य मुखे आधत्ते), તે સર્વને પ્રાપ્ત કરે છે અને સર્વને જીતે છે. એમ સાક્ષાત્કાર કરનારને કોઈ કામના અપ્રાપ્ત રહેતી નથી. (૮)

પુરવણી – ૨

[જૈમિનીય-ઉપનિષદ-બ્રાહ્મણ ૪,૧૪-૧૫]

१४. ऋषयो ह सत्रम् आसांचक्रिरे। ते पुनःपुनर्बह्वीभिर्बह्वीभिः प्रतिपद्भिः स्वर्गस्य लोकस्य द्वारम् नानु चन बुबुधिरे ।। ५ ।।

त उ श्रमेण तपसा व्रतचर्येणेन्द्रम् अवरुरुधिरे ।। ६ ।।

तं होचुः स्वर्गम् वै लोकम् अैप्सिष्म। ते पुनःपुनर्बह्वीभिर्बह्वीभिः प्रतिपद्भिः स्वर्गस्य लोकस्य द्वारम् नानु चनाभुत्स्महि। तथा नोऽनुशाधि यथा स्वर्गस्य लोकस्य द्वारम् अनुप्रज्ञायानार्ताः स्वस्ति संवत्सरस्योदृचम् गत्वा स्वर्गम् लोकम् इयामेति ।। ७ ।।

तान् होवाच को वः स्थविरतम इति ।। ५ ।।

१५. अहमित्यगस्त्यः ।। १ ।।

स वा एहीति होवाच तस्मै वै तेऽहम् तद्वक्ष्यामि यद् विद्वांसः स्वर्गस्य लोकस्य द्वारम् अनुप्रज्ञायानार्ताः स्वस्ति संवत्सरस्योदृचम् गत्वा स्वर्गम् लोकम् एष्यथेति ।। २ ।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तस्मा एतम् गायत्रस्योद्गीथम् उपनिषदम् अमृतम् उवाचाग्नौ वायावादित्ये प्राणेऽन्ने वाचि ।। ३ ।।

ततो वै ते स्वर्गस्य लोकस्य द्वारम् अनुप्रज्ञायानार्ताः स्वस्ति संवत्सरस्योदृचम् गत्वा स्वर्गम् लोकम् आयन् ।। ४ ।।

"ઋષિઓ સત્રમાં બેઠા. તેઓ વારંવાર ઘણા ઘણા પ્રતિપદ્ મંત્રો વડે પ્રયત્ન કરવા છતાં સ્વર્ગલોકનું દ્વાર ન જાણી શકયા–મેળવી શકયા. તેઓએ શ્રમ અને તપ વડે ઇંદ્રને ઘેર્યો, અને તેને કહ્યું — 'અમે વારંવાર ઘણા ઘણા પ્રતિપદ્ મંત્રો વડે પ્રયત્નો કરવા છતાં સ્વર્ગલોકનું દ્વાર ખોળી શકયા નહીં; તેથી તું અમને એવું શીખવ (अनुशाधि), જેથી સ્વર્ગલોકનું દ્વાર ખોળીને (अनुप्रज्ञाय) અમે હેમખેમ (अनार्ताः) સ્વર્ગલોકમાં પહોંચીએ."

ઇંદ્ર તેમને કહ્યું — 'તમારામાં સૌથી વૃદ્ધ કોણ છે (स्थविरतमः)?'

"હું અગસ્ત્ય."

"'તો આવ' એમ ઇંદ્રે તેને કહ્યું. 'હું તને તે કહીશ (वक्ष्यामि) જે જાણીને તમે બધા સ્વર્ગલોકનું દ્વાર ખોળીને હેમખેમ સ્વર્ગલોકમાં જશો (एष्यथ). ઇંદ્રે અગસ્ત્યને આ ગાયત્ર સામનું ઉદ્ગીથ-ઉપનિષદ — અમૃત (तत्त्व) કહી સંભળાવ્યું, જે અગ્નિમાં, આદિત્યમાં, વાયુમાં, પ્રાણમાં, અન્નમાં, વાણીમાં છે. ત્યાર બાદ તેઓ સ્વર્ગલોકનું દ્વાર ખોળીને હેમખેમ સ્વર્ગલોકમાં પહોંચ્યા.

पुस्तकालय
गुरुकुल काँगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરવણી – ૩

[જૈમિનીય-ઉપનિષદ-બ્રાહ્મણ ૪,૨૪]

स पुरुषम् एव प्रपदनायावृणीत ।। १ ।।

तं पुरस्तात् प्रत्यञ्चम् प्राविशत् । तस्मा उरुरभवत् । तद् उरस उरस्त्वम् ।। २ ।।

तस्मा अत्रसद एता देवता बलिम् हरन्ति ।। ३ ।।

वाचम् अनुहरन्तीम् अग्निरस्मै बलिम् हरति ।। ४ ।।

मनोऽनुहरच्चन्द्रमा अस्मै बलिम् हरति ।। ५ ।।

चक्षुरनुहरदादित्योऽस्मै बलिम् हरति ।। ६ ।।

श्रोत्रम् अनुहरद् दिशोऽस्मै बलिम् हरन्ति ।। ७ ।।

प्राणम् अनुहरन्तम् वायुरस्मै बलिम् हरति ।। ८ ।।

सा हैषा ब्रह्मासंदीमारूढा । आ हास्मै ब्रह्मासंदीम् हरन्त्यधि ह ब्रह्मासंदीम् रोहति य एवम् वेद ।। १० ।।

तद् एतद् ब्रह्मयशश् श्रिया परिवृढम् । ब्रह्म ह तु सन् यशसा श्रिया परिवृढो भवति य एवम् वेद ।। ११ ।।

तस्यैष आदेशो योऽयम् दक्षिणेऽक्षन्नन्तः तस्य यच्छुक्लम् तद् ऋचाम् रूपम् यत् कृष्णम् तत् साम्नाम् यद् एव ताम्रम् इव बभ्रुरिव तद् यजुषाम् ।। १२ ।।

य एवायम् चक्षुषि पुरुष एष इन्द्र एष प्रजापतिः समः पृथिव्या सम आकाशेन समो दिवा समः सर्वेण भूतेन । एष परो दिवो दीप्यते । एष एवेदम् सर्वम् इति उपासितव्यम् ।। १३ ।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરવણી – ૩

"(બ્રહ્મ) દેવતાએ પુરુષને નિવાસ તરીકે (प्रपदनाय) પસંદ કર્યો. તેને સંમુખ કરીને (प्रत्यञ्चम्) આગળથી (पुरस्ताद्) તેમાં પ્રવેશ કર્યો. તેને માટે એ ભાગ પહોળો (उरु) થયો. તેથી એ ભાગ ઉરસ્ કહેવાય છે. ત્યાં બિરાજતી (अत्रसदे) તેને માટે આ દેવતાઓ બલિ લાવે છે. અગ્નિ એને માટે વાણીરૂપી બલિ લાવે છે. ચંદ્રમા એને માટે મન રૂપી બલિ લાવે છે. આદિત્ય એને માટે ચક્ષુરૂપી બલિ લાવે છે. દિશાઓ તેને માટે શ્રોત્રરૂપી બલિ લાવે છે. વાયુ તેને માટે પ્રાણરૂપી બલિ લાવે છે. તે આ દેવતા બ્રહ્માસન (ब्रह्मासंदी) ઉપર આરૂઢ થયેલી છે. એનો સાક્ષાત્કાર કરનાર પાસે બ્રહ્માસંદી લાવવામાં આવે છે, અને તે બ્રહ્માસંદી ઉપર તે આરૂઢ થાય છે. આ બ્રહ્મયશસ્ શ્રી વડે વીંટળાયેલું છે (परिवृढम्); જે એનો સાક્ષાત્કાર કરે છે તે બ્રહ્મ થયેલો હોઈ, યશ અને શ્રીથી વીંટળાયેલો બને છે. તેનો આ આદેશ (ઓળખ–સાબિતી) છે, જે આ જમણી આંખમાં અંદર તેનું જે સફેદ રૂપ છે તે ઋચાઓનું રૂપ છે; જે કાળું રૂપ છે, તે સામમંત્રોનું રૂપ છે; તેનું જે તાંબા જેવું રૂપ છે, તે યજુસ્ મંત્રોનું રૂપ છે. જે આ આંખમાં પુરુષ છે તે ઇંદ્ર છે; તે પ્રજાપતિ છે; તે પૃથ્વી સાથે, આકાશ સાથે, દ્યૌ સાથે, સર્વભૂત સાથે એકરૂપ (સમ) છે. દ્યૌથી પર તે પ્રકાશે છે. 'તે જ આ બધું છે' એમ ઉપાસના કરવી જોઈએ."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરવણી – ૪

[અથર્વવેદનું केन સૂક્ત[1]]

केन पार्ष्णी आभृते पूरुषस्य केन मांसं संभृतं केन गुल्फौ ।
केनाङ्गुलीः पेशनीः केन खानि केनोछ्लखौ मध्यतः कः प्रतिष्ठाम् ।।१।।

कस्मान्नु गुल्फावधरावकृण्वन्नष्ठीवन्तावुत्तरौ पूरुषस्य ।
जङ्घे निर्ऋत्य न्यदधुः क्व स्विज्जानुनोः सन्धी क उ तच्चिकेत ।। २ ।।

चतुष्टयं युज्यते संहितान्तं जानुभ्यामूर्ध्वं शिथिरं कबन्धम् ।
श्रोणी यदूरू क उ तज्जजान याभ्यां कुसिन्धं सुदृढं बभूव ।। ३ ।।

कति देवाः कतमे त आसन्य उरो ग्रीवाश्चिक्युः पूरुषस्य ।
कति स्तनौ व्यदधुः कः कफौडौ कति स्कन्धान्कति पुष्टीरचिन्वन् ।। ४ ।।

को अस्य बाहू समभरद्वीर्यं करवादिति ।
अंसौ को अस्य तद्देवः कुसिन्धे अध्यादधौ ।। ५ ।।

कः सप्त खानि वि ततर्द शीर्षणि कर्णाविमौ नासिके चक्षणी मुखम् ।
येषां पुरुत्रा विजयस्य मह्मनि चतुष्पादो द्विपदो यन्ति यामम् ।। ६ ।।

हन्वोर्हि जिह्वामदधात्पुरूचीमधा महीमधि शिश्राय वाचम् ।
स आ वरीवर्त्ति भुवनेष्वन्तरपो वसानः क उ तच्चिकेत ।। ७ ।।

मस्तिष्कमस्य यतमो ललाटं ककाटिकां प्रथमो यः कपालम् ।
चित्वा चित्यं हन्वोः पूरुषस्य दिवं रुरोह कतमः स देवः ।। ८ ।।

प्रियाप्रियाणि बहुला स्वप्नं संबाधतन्द्रः ।
आनन्दानुग्रो नन्दांश्च कस्माद्वहति पूरुषः ।। ९ ।।

---

૧. શ્રી. સાતવળેકર તેમના 'केन उपनिषद' પુસ્તકમાં આ સૂક્તને 'केन सूक्त' એ નામે ઉલ્લેખે છે; પરંતુ તે નામ તેમણે केन ઉપનિષદની જેમ તે સૂક્ત પણ (केन पार्ष्णी आभृते એ પ્રમાણે) केन શબ્દથી શરૂ થતું હોવાને લીધે આપ્યું લાગે છે. મૂળ તો તે 'पौरुष'—પુરુષને લગતું સૂક્ત—એ નામે ઉલ્લેખાયેલું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

आर्तिरवर्तिर्निर्ऋतिः कुतो नु पुरुषेऽमतिः।
राद्धिः समृद्धिरव्यृद्धिर्मतिरुदितयः कुतः॥ १०॥

को अस्मिन्नापो व्यदधाद्विषूवृतः पुरूवृतः सिन्धुसृत्याय जाताः।
तीव्रा अरुणा लोहिनीस्ताम्रधूम्रा ऊर्ध्वा अवाचीः पुरुषे तिरश्चीः॥११॥

को अस्मिन्रूपमदधात्को मह्मानं च नाम च।
गातुं को अस्मिन्कः केतुं कश्चरित्राणि पूरुषे॥ १२॥

को अस्मिन्प्राणमवयत्को अपानं व्यानमु।
समानमस्मिन्को देवोऽधि शिश्राय पूरुषे॥ १३॥

को अस्मिन्यज्ञमदधादेको देवोऽधि पूरुषे।
को अस्मिन्त्सत्यं कोऽनृतं कुतो मृत्युः कुतोऽमृतम्॥ १४॥

को अस्मै वासः पर्यदधात्को अस्यायुरकल्पयत्।
बलं को अस्मै प्रायच्छत्को अस्याकल्पयज्जवम्॥ १५॥

केनापो अन्वतनुत केनाहरकरोद्रुचे।
उषसं केनान्वैन्ध केन सायंभवं ददे॥ १६॥

को अस्मिन्रेतो न्यदधात्तन्तुरा तायतामिति।
मेधां को अस्मिन्नध्यौहत्को बाणं को नृतो दधौ॥ १७॥

केनेमां भूमिमौर्णोत्केन पर्यभवद्दिवम्।
केनाभि मह्मा पर्वतान्केन कर्माणि पूरुषः॥ १८॥

केन पर्जन्यमन्वेति केन सोमं विचक्षणम्।
केन यज्ञं च श्रद्धां च केनास्मिन्निहितं मनः॥ १९॥

केन श्रोत्रियमाप्नोति केनेमं परमेष्ठिनम्।
केनेममग्निं पूरुषः केन संवत्सरं ममे॥ २०॥

ब्रह्म श्रोत्रियमाप्नोति ब्रह्मेमं परमेष्ठिनम्।
ब्रह्मेममग्निं पूरुषो ब्रह्म संवत्सरं ममे॥ २१॥

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

केन देवाँ अनु क्षियति केन दैवजनीर्विशः।
केनेदमन्यन्नक्षत्रं केन सत् क्षत्रमुच्यते ।। २२ ।।

ब्रह्म देवाँ अनु क्षियति ब्रह्म दैवजनीर्विशः।
ब्रह्मेदमन्यन्नक्षत्रं ब्रह्म सत् क्षत्रमुच्यते ।। २३ ।।

केनेयं भूमिर्विहिता केन द्यौरुत्तरा हिता।
केनेदमूर्ध्वं तिर्यक्चान्तरिक्षं व्यचो हितम् ।। २४ ।।

ब्रह्मणा भूमिर्विहिता ब्रह्म द्यौरुत्तरा हिता।
ब्रह्मेदमूर्ध्वं तिर्यक्चान्तरिक्षं व्यचो हितम् ।। २५ ।।

मूर्धानमस्य संसीव्याथर्वा हृदयं च यत्।
मस्तिष्कादूर्ध्वः प्रैरयत्पवमानोऽधि शीर्षतः ।। २६ ।।

तद्वा अथर्वणः शिरो देवकोशः समुब्जितः।
तत्प्राणो अभि रक्षति शिरोऽन्नमथो मनः ।। २७ ।।

ऊर्ध्वो नु सृष्टा ३ स्तिर्यङ्नु सृष्टा ३ः सर्वा दिशः पुरुष आ बभूवाँ ३।
पुरं यो ब्रह्मणो वेद यस्याः पुरुष उच्यते ।। २८ ।।

यो वै तां ब्रह्मणो वेदामृतेनावृतां पुरम्।
तस्मै ब्रह्म च ब्रह्माश्च चक्षुः प्राणं प्रजां ददुः ।। २९ ।।

न वै तं चक्षुर्जहाति न प्राणो जरसः पुरा।
पुरं यो ब्रह्मणो वेद यस्याः पुरुषः उच्यते ।। ३० ।।

अष्टाचक्रा नवद्वारा देवानां पूरयोध्या।
तस्यां हिरण्ययः कोशः स्वर्गो ज्योतिषावृतः ।। ३१ ।।

तस्मिन्हिरण्यये कोशे त्र्यरे त्रिप्रतिष्ठिते।
तस्मिन्यद्यक्षमात्मन्वत्तद्वै ब्रह्मविदो विदुः ।। ३२ ।।

प्रभ्राजमानां हरिणीं यशसा संपरीवृताम्।
पुरं हिरण्ययीं ब्रह्माविवेशापराजिताम् ।। ३३ ।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પુરુષની પાની કોણે બનાવી? કોણે તેમાં માંસ ભર્યું છે? કોણે બે ઘૂંટણ (गुल्फौ) જોડ્યા? કોણે કુશળ આંગળીઓ બનાવી? કોણે ઇંદ્રિયોનાં છિદ્રો બનાવ્યાં? કોણે બે એડીઓ (उच्छ्लखौ) ગોઠવી? વચ્ચે કેડ (प्रतिष्ठा) કોણે ટેકવી? (૧)

"પુરુષના નીચેના બે ઘૂંટણો ઉપરના ઢીંચણના બે સાંધા શામાંથી બનાવ્યા? બે જાંઘો જુદી પાડીને ક્યાં જમાવી દીધી છે! બે ઢીંચણોના સાંધા કોણ સમજી શકે છે? (૨)

"બે ઢીંચણ ઉપર ચોખંડું ધડ (कबंध), છેડા જોડેલું અને ઢીલું કેવું ગોઠવ્યું છે! જાંઘના કૂલા કોણે બનાવ્યા, જેમના ઉપર શરીર (कुसिधं) બેઠું છે? (૩)

"તે કેટલા અને કયા દેવો હતા, જેમણે પુરુષનું ઉર અને ગ્રીવા જોડ્યાં? કેટલા દેવોએ સ્તનો બેસાડ્યા? કોણે કૂણીઓ? કેટલાઓએ ખભા જોડ્યા? કેટલાઓએ પાંસળીઓ જોડી? (૪)

"પરાક્રમ કરી શકે એ માટે એના બે બાહુઓ કોણે ભર્યા? કયા દેવે એના તે ખભાને ધડમાં બેસાડ્યા? (૫)

"આ બે કાન, બે નાસિકા, બે આંખ, અને મુખ — એમ સાત છિદ્રો શિરમાં કોણે ખોદ્યાં છે? — જેમના વિજયના જોરે ચાર પગવાળાં અને બે પગવાળાં ચોતરફ ગતિ કરે છે. (૬)

"બહુ ચાલનારી (पुरूची) જીભને બે જડબાંમાં મૂકીને, તેને મોટી વાણી જોડી આપી; પછી કર્મફળ (अपः) ઓઢીને તે ભુવનોમાં ભમે છે — એ કોણ સમજે છે? (૭)

"આ પુરુષનું મસ્તિષ્ક, લલાટ, માથાનો પાછલો ભાગ, ખોપરી, અને જડબાંનો જોડ (चित्यं) — એ બધું પ્રથમ જોડીને પછી જે દ્યુલોકમાં ચડી ગયો (મસ્તકમાં ઉપર આવેલા હિરણ્યય કોશમાં સ્થિત થયો – જુઓ મંત્ર ૩૩), તે દેવ કોણ? (૮)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"બહુ પ્રિય અને અપ્રિય, નિદ્રા, પીડા અને થાક (संबाध-तन्द्रयः) આનંદ અને નંદ–એ બધું પ્રચંડ પુરુષ ક્યાંથી લાવે છે? (૯)

"પીડા, પાયમાલી (अवर्तिः) અધોગતિ (निर्ऋतिः), દુઃખ (अमतिः)—એ બધું મનુષ્યમાં ક્યાંથી આવે છે? સિદ્ધિ (राद्धिः) સમૃદ્ધિ, સંપન્નતા (अविऋद्धिः), મતિ, ઉદય–એ બધાં ક્યાંથી આવે છે? (૧૦)

"આ પુરુષમાં સર્વત્ર, નદીની પેઠે વહેતા, અને ખૂબ ઘૂમતા, લાલ રંગના, તામ્રધૂમ્ર રંગના, ઉપર, નીચે, તિરછા અને વેગથી જતા પ્રવાહો કોણે બનાવ્યા છે? (૧૧)

"આ પુરુષમાં રૂપ કોણે મૂક્યું છે? કદ અને નામ કોણે મૂક્યાં? આમાં ગતિ (गातुं) કોણે મૂકી છે? કોણે જ્ઞાન (केतुं) મૂક્યું છે? મનુષ્યમાં ચરિત્રો કોણે મૂક્યાં છે? (૧૨)

"આમાં પ્રાણ કોણે વણ્યો છે? અપાનને અને વ્યાનને પણ? આ પુરુષમાં કયા દેવે સમાન વાયુને જોડ્યો છે? (૧૩)

"કયા એક દેવે આ પુરુષમાં યજ્ઞ સ્થાપ્યો છે? કયાએ એનામાં સત્યને સ્થાપ્યું છે? કોણે અસત્યને? ક્યાંથી મૃત્યુ? ક્યાંથી અમૃત? (૧૪)

"એને માટે કપડું કોણે ઓઢાડ્યું? એનું આયુષ્ય કોણે તૈયાર કર્યું? એને બલ કોણે આપ્યું? એને વેગ કોણે તૈયાર કરી આપ્યો? (૧૫)

"શાના વડે તેણે પાણી પસાર્યું? શાના વડે પ્રકાશ માટે દિવસ બનાવ્યો? શાના વડે ઉષાને ચમકાવી? શાના વડે સાયંકાલ આપ્યો? (૧૬)

"પ્રજાતંતુ વિસ્તરતો રહે તે માટે એનામાં વીર્ય કોણે મૂક્યું છે? એનામાં મેધા, સંગીત અને નૃત્ય કોણે મૂક્યાં? (૧૭)

"શાના વડે આ ભૂમિને તેણે પાથરી છે? શાના વડે દ્યુલોકનો ઘોરંભો ઘાલ્યો છે? શાના વડે મહિમામાં પુરુષ પર્વતોની બરોબરી કરે છે (अभि)? શાના વડે કર્મોને? (૧૮)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"શાના વડે વરસાદને પ્રાપ્ત કરે છે (अन्वेति)? શાના વડે વિલક્ષણ સોમને? શાના વડે યજ્ઞ અને શ્રદ્ધાને? આમાં મનને કોણે મૂકયું છે? (૧૯)

"કોના વડે શ્રોત્રિય (ગુરુ–જ્ઞાની)ને પ્રાપ્ત કરે છે? કોના વડે આ પરમેષ્ઠી (પરમાત્મા) ને? પુરુષ કોનાથી આ અગ્નિને પ્રાપ્ત કરે છે? શાના વડે સંવત્સરને માપે છે? (૨૦)

"બ્રહ્મ (વડે) શ્રોત્રિયને પ્રાપ્ત કરે છે; બ્રહ્મ (વડે, આ પરમેષ્ઠીને, પુરુષ બ્રહ્મ (વડે) આ અગ્નિને; બ્રહ્મ (વડે) સંવત્સરને માપે છે. (૨૧)

"શાના વડે દેવોને અનુકૂળ બનાવી વાસ કરે છે? શાના વડે દેવપ્રજા એવી જનતાને (विशः) અનુકૂળ બનાવી વાસ કરે છે? શાના વડે ઉત્તમ ક્ષાત્ર કહેવાય છે? શાના વડે બીજું ન-ક્ષત્ર (અવિનાશી) કહેવાય છે? (૨૨)

"બ્રહ્મ (વડે) દેવોને અનુકૂળ બનાવી વાસ કરે છે. બ્રહ્મ (વડે) દેવોની પ્રજા જનતાને અનુકૂળ બનાવી વાસ કરે છે. બ્રહ્મ (વડે) ક્ષાત્ર કહેવાય છે. બ્રહ્મ (વડે) બીજું ન-ક્ષત્ર કહેવાય છે (૨૩)

"કોના વડે પૃથ્વી સ્થપાઈ છે? કોના વડે આકાશ (द्यौ) ઉપર તોળાયું છે? કોના વડે આ અંતરિક્ષ – આ વિસ્તાર – ઉપર તેમ જ આજુબાજુ રખાયેલ છે? (૨૪)

"બ્રહ્મ વડે[1] પૃથ્વી સ્થપાઈ છે. બ્રહ્મ (વડે) આકાશ ઉપર તોળાયું છે. બ્રહ્મ (વડે) આ અંતરિક્ષ – આ વિસ્તાર ઉપર તેમ જ આજુબાજુ રખાયેલ છે. (૨૫)

---

૧. આ જગ્યાએ 'ब्रह्मणा' – બ્રહ્મ વડે – એમ ત્રીજી વિભક્તિ સ્પષ્ટ આપેલી છે. એમ જ આગળ પાછળ બધે અર્થ ઘટાવવાનો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"અથર્વા[1] તેના માથાને (મૂર્ધાનમ્) અને હૃદયને એકનિષ્ઠ કરીને (સંસીવ્ય) મસ્તિષ્કના ઉપરના ભાગમાં – પણ માથાની વચ્ચે (અધિશીર્ષતઃ) પ્રાણને (પવમાનઃ[2]) પ્રેરે છે. (૨૬)

"તે અથર્વાનું શિર સુરક્ષિત દેવકોશ (દેવોનો ખજાનો) છે. પ્રાણ, અન્ન, અને મન તેનું રક્ષણ કરે છે. (૨૭)

"એ પુરને (કિલ્લાને) કારણે પુરુષ કહેવાય છે. બ્રહ્મના પુરને જે જાણે છે, તે સર્વરૂપ બની રહે છે: ઉપરની બાજુ ફેલાયેલો, તિરછો ફેલાયેલો, સર્વ દિશાઓમાં ફેલાયેલો. (૨૮)

"અમૃતથી ઢંકાયેલા, બ્રહ્મના તે પુરને, જે જાણે છે, તેને બ્રહ્મ તેમ જ બ્રહ્મના (અગ્નિ, વાયુ, ઇંદ્ર, વરુણ આદિ) દેવો તેને ચક્ષુ, પ્રાણ અને પ્રજા આપે છે. (૨૯)

"જે પુરને કારણે પુરુષ કહોવાય છે, તે બ્રહ્મના પુરને જે જાણે છે, તેને વૃદ્ધાવસ્થા પહેલાં ચક્ષુ વગેરે ઇંદ્રિયો અને પ્રાણ ત્યાગતાં નથી.

"આઠ ચક્ર[3], અને નવ દ્વારવાળી[4] દેવોની આ અજેય (અયોધ્યા) કિલ્લાવાળી નગરી છે. તેમાં પ્રકાશથી વીંટાયેલો, સ્વર્ગ, સુવર્ણ કોશ (હિરણ્યય કોશ) છે. (૩૧)

---

૧. પ્રથમ મહાપુરુષ, જેણે અગ્નિવિદ્યા – હોમકર્મ શોધ્યું તે. પછી તે દેવની સાથે એકરૂપ થયેલો મનાય છે.

૨. અહીં પ્રથમ વિભક્તિ છે; પણ બીજી વિભક્તિ – કર્મનો અર્થ છે.

૩. ગુદાથી માંડીને બ્રહ્મરંધ્ર સુધીનાં કરોડરજ્જુ (મેરુદંડ)માં આવેલ જ્ઞાન અને શક્તિનાં આઠ કેન્દ્રો. કુંડલિની જાગૃત થઈ તે દરેકને વીંધતી ઉપર ચડતી જાય છે તેમ તેમ જ્ઞાન અને શક્તિનો આવિષ્કાર થતો જાય છે. એ બધું પછીના યોગગ્રંથોમાં વિગતે મળે છે.

૪. બે આંખ, બે કાન, બે કાન, એક મુખ, એક મૂત્રદ્વાર અને એક ગુદાદ્વાર મળીને નવ દ્વાર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"તે સુવર્ણ કોશ ત્રણ આરાવાળો – ત્રણ પ્રતિષ્ઠાવાળો છે.[1] તેમાં જે આત્મન્વત્ યક્ષ છે, તેને બ્રહ્મજ્ઞાનીઓ જાણે છે. (૩૨)

"તેજસ્વી, સુવર્ણ જેવા રંગની, અને યશથી વીંટળાયેલી અપરાજિતા હિરણ્મયી નગરીમાં બ્રહ્મે પ્રવેશ કર્યો છે." (૩૩)

પુરવણી – ૫

[દેવી ભાગવતમાંની યક્ષની આખ્યાયિકા]

દેવીભાગવત સ્કંધ ૧૨, અધ્યાય ૮

[જનમેજય રાજા વ્યાસજીને પૂછે છે કે, શ્રુતિમાં શક્તિની ઉપાસનાનું વિધાન છે; છતાં લોકો બીજા દેવોની ઉપાસના કેમ કરે છે? જવાબમાં વ્યાસ આ કથા કહે છે.]

पूर्वं मदोद्धता दैत्या देवैर्युद्धं तु चक्रिरे।
शतवर्षं महाराज महाविस्मयकारकम्॥ १२॥

नानाशस्त्रप्रहरणं नानामायाविचित्रितम्।
जगत्क्षयकरं नूनं तेषां युद्धमभून्नृप॥ १३॥

पराशक्तिकृपावेशाद्देवैर्दैत्या जिता युधि।
भुवं स्वर्गं परित्यज्य गताः पातालवेश्मनि॥ १४॥

ततः प्रहर्षिता देवाः स्वपराक्रमवर्णनम्।
चक्रुः परस्परं मोहात् सानिमानाः समंततः॥१५॥

जयोऽस्माकं कुतो न स्यादस्माकं महिमा यतः।
सर्वोत्तरा कुत्र दैत्याः पामरा निष्पराक्रमाः॥ १६॥

---

૧. સરખાવો અથર્વ૦ ૧૦, ૮, ૪૩: 'નવ દ્વારવાળું, ત્રણ ગુણોથી ઢંકાયેલું કમળ છે. તેમાં કયો આત્મન્વત્ યક્ષ છે, તે બ્રહ્મવિદો જાણે છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सृष्टि-स्थिति-क्षयकरा वयं सर्वे यशस्विनः।
अस्मदग्रे पामराणां दैत्यानां चैव का कथा ।। १७ ।।

पराशक्तिप्रभावं ते न ज्ञात्वा मोहमागताः।
तेषामनुग्रहं कर्तुं तदैव जगदंबिका ।। १८ ।।

प्रादुरासीन् कृपापूर्णा यक्षरूपेण भूमिप।
कोटिसूर्यप्रतीकाशं चंद्रकोटिसुशीतलम् ।। १९ ।।

विद्युत्कोटिसमानाभं हस्तपादादिवर्जितम्।
अदृष्टपूर्वं तद्दृष्ट्वा तेजः परमसुंदरम् ।। २० ।।

सविस्मयास्तदा प्रोचुः किमिदं किमिदं त्विति।
दैत्यानां चेष्टितं किंवा माया कापि महीयसी ।। २१ ।।

केनचिन्निर्मिता वाथ देवानां स्मयकारिणी।
संभूय ते तदा सर्वे विचारं चक्रुरुत्तमम् ।। २२ ।।

यक्षस्य निकटे गत्वा प्रष्टव्यं कस्त्वमित्यपि।
बलाबलं ततो ज्ञात्वा कर्तव्या तु प्रतिक्रिया ।। २३ ।।

ततो वह्निं समाहूय प्रोवाचेंद्रः सुराधिपः।
गच्छ वह्ने त्वमस्माकं यतोऽसि मुखमुत्तमम् ।। २४ ।।

ततो गत्वाथ जानीहि किमिदं यक्षमित्यपि।
सहस्राक्षवचः श्रुत्वा स्वपराक्रमगर्भितम् ।। २५ ।।

वेगात्स निर्गतो वह्निर्ययौ यक्षस्य संनिधौ।
तदा प्रोवाच यक्षस्तं त्वं कोऽसीति हुताशनम् ।। २६ ।।

वीर्यं च त्वयि किं यत्तद्वद सर्वं ममाग्रतः।
अग्निरस्मि तथा जातवेदा अस्मीति सोऽब्रवीत् ।। २७ ।।

सर्वस्य दहने शक्तिर्मयि विश्वस्य तिष्ठति।
तदा यक्षं परं तेजस्तदग्रे निदधे तृणम् ।। २८ ।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

दहैनं यदि ते शक्तिर्विश्वस्य दहनेऽस्ति हि।
तदा सर्वबलेनैवाऽकरोद्यत्नं हुताशनः ।। २९ ।।

न शशाक तृणं दग्धुं लज्जितोऽगात्सुरान् प्रति।
पृष्टे देवैस्तु वृत्तांते सर्वं प्रोवाच हव्यभुक् ।। ३० ।।

वृथाभिमानो ह्यस्माकं सर्वेशत्वादिके सुराः।
ततस्तु वृत्रहा वायुं समाहूयेदमब्रवीत् ।। ३१ ।।

त्वयि प्रोतं जगत्सर्वं त्वच्चेष्टाभिश्च चेष्टितं।
त्वं प्राणरूपः सर्वेषां सर्वशक्तिविधारकः ।। ३२ ।।

त्वमेव गत्वा जानीहि किमिदं यक्षमित्यपि।
नान्यः कोऽपि समर्थोऽस्ति ज्ञातुं यक्षं परं महः ।। ३३ ।।

सहस्राक्षवचः श्रुत्वा गुणगौरवगुंफितम्।
साभिमानो जगामाशु यत्र यक्षं विराजते ।। ३४ ।।

यक्षं दृष्ट्वा ततो वायुं प्रोवाच मृदुभाषया।
कोऽसि त्वं त्वयि का शक्तिर्वद सर्वं ममाग्रतः ।। ३५ ।।

ततो यक्षवचः श्रुत्वा गर्वेण मरुदब्रवीत्।
मातरिश्वाहमस्मीति वायुरस्मीति चाब्रवीत् ।। ३६ ।।

वीर्यं तु मयि सर्वस्य चालने ग्रहणेऽस्ति हि।
मच्चेष्टया जगत्सर्वं सर्वव्यापारवद्भवेत् ।। ३७ ।।

इति श्रुत्वा वायुवाणीं निजगाद परं महः।
तृणमेतत्तवाग्रे यत्तच्चालय यथेप्सितम् ।। ३८ ।।

नोचेद् गर्वं विहायैनं लज्जितो गच्छ वासवम्
श्रुत्वा यक्षवचो वायुः सर्वशक्तिसमन्वितः ।। ३९ ।।

उद्योगमकरोत् तच्च स्वस्थानान्न चचाल ह।
लज्जितोऽगाद्देवपार्श्वे हित्वा गर्वं स चानिलः ।। ४० ।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वृत्तांतमवदत्सर्वं गर्वनिर्वापिकारणम् ।
नैतत् ज्ञातुं समर्थाः स्म मिथ्यागर्वाभिमानिनः ।। ४१ ।।

अलौकिकं भाति यक्षं तेजः परमदारुणम् ।
ततः सर्वे सुरगणाः सहस्राक्षं समूचिरे ।। ४२ ।।

देवराडसि यस्मात्त्वं यक्षं जानीहि तत्त्वतः ।
तत इंद्रो महागर्वात्तद्यक्षं समुपाद्रवत् ।। ४३ ।।

प्राद्रवच्च परं तेजो यक्षरूपं परात्परं ।
अंतर्धानं ततः प्राप तद्यक्षं वासवाग्रतः ।। ४४ ।।

अतीव लज्जितो जातो वासवो देवराडपि ।
यक्षसंभाषणाभावाल्लघुत्वं प्राप चेतसि ।। ४५ ।।

अतः परं न गंतव्यं मया सुरसंसदि ।
किं मया तत्र वक्तव्यं स्वलघु सुरान् प्रति ।। ४६ ।।

देहत्यागो वरस्तस्मान्मानो हि महतां धनम् ।
माने नष्टे जीवितं तु मृतितुल्यं न संशयः ।। ४७ ।।

इति निश्चित्य तत्रैव गर्वं हित्वा सुरेश्वरः ।
चरित्रमीदृशं यस्य तमेव शरणं गतः ।। ४८ ।।

तस्मिन्नेव क्षणे जाता व्योमवाणी नभस्थले ।
मायाबीजं सहस्राक्ष जप तेन सुखी भव ।। ४९ ।।

ततो जजाप परमं मायाबीजं परात्परं ।
लक्षवर्षं निराहारो ध्यानमीलितलोचनः ।। ५० ।।

अकस्माच्चैत्रमासीयनवम्यां मध्यगे रवौ ।
तदेवाविरभूत्तेजस्तस्मिन्नेव स्थले पुनः ।। ५१ ।।

तेजोमंडलमध्ये तु कुमारीं नवयौवनाम् ।
भास्वज्जपाप्रसूनाभां बालकोटिरविप्रभाम् ।। ५२ ।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

रक्तांबरपरिधानां रक्तचंदनचर्चिताम् ।
उमाभिधानां पुरतो देवीं हैमवतीं शिवाम् ।। ५७ ।।

निर्व्याजकरुणामूर्तिं सर्वकारणकारणाम् ।
ददर्श वासवस्तत्र प्रेमगद्गदितांतरः ।। ५८ ।।

प्रेमाश्रूपूर्णनयनो रोमांचिततनुस्ततः ।
दंडवत् प्रणनामाथ पादयोर्जगदीशितुः ।। ५९ ।।

तुष्टाव विविधैः स्तोत्रैर्भक्तिसन्नतकंधरः ।
उवाच परमप्रीतः किमिदं यक्षमित्यपि ।। ६० ।।

प्रादुर्भूतं च कस्मात्तद्वद सर्वं सुशोभने ।
इति तस्य वचः श्रुत्वा प्रोवाच करुणार्णवा ।। ६१ ।।

रूपं मदीयं ब्रह्मैतत् सर्वकारणकारणम् ।
मायाधिष्ठानभूतं तु सर्वसाक्षि निरामयम् ।। ६२ ।।

निर्गुणं सगुणं चेति द्विधा मद्रूपमुच्यते ।
निर्गुणं मायया हीनं सगुणं मायया युतम् ।। ७१ ।।

साहं सर्वं जगत् सृष्ट्वा तदंतः संप्रविश्य च ।
प्रेरयाम्यनिशं जीवं यथाकर्म यथाश्रुतम् ।। ७६ ।।

मद्भयाद्वाति पवनो भीत्या सूर्यश्च गच्छति ।
इंद्राग्निमृत्यवस्तद्वत् साहं सर्वोत्तमा स्मृता ।। ७८ ।।

मत्प्रसादाद् भवद्भिस्तु जयो लब्धोऽस्ति सर्वथा ।
युष्मानहं नर्तयामि काष्ठपुत्तलिकोपमान् ।। ७९ ।।

कदाचिद्देवविजयं दैत्यानां विजयं क्वचित् ।
स्वतंत्रा स्वेच्छया सर्वं कुर्वे कर्मानुरोधतः ।। ८० ।।

तां मां सर्वात्मिकां यूयं विस्मृत्य निजगर्वतः ।
अहंकारावृतात्मानो मोहमाप्ता दुरंतकम् ।। ८१ ।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

अनुग्रहं ततः कर्तुं युष्मद्देहादनुत्तमम् ।
निःसृतं सहसा तेजो मदीयं यक्षमित्यपि ।। ८२ ।।

अतः परं सर्वभावैर्हित्वा गर्वं तु देहजम् ।
मामेव शरणं यात सच्चिदानंदलक्षणम् ।। ८३ ।।

व्यास उवाच

इत्युक्त्वा च महादेवी मूलप्रकृतिरीश्वरी ।
अंतर्धानं गता सद्यो भक्त्या देवैरभिष्टुता ।। ८४ ।।

ततः सर्वे स्वगर्वं तु विहाय पदपंकजम् ।
सम्यगारधयामासुर्भगवत्याः परात्परम् ।। ८५ ।।

"એક વખત મહાગર્વિષ્ઠ દૈત્યોએ દેવો સાથે યુદ્ધ કર્યું. મહા-વિસ્મયકારક એવું તે યુદ્ધ સો વર્ષ ચાલ્યું. તેમાં નાના પ્રકારનાં શસ્ત્રાસ્ત્ર અને નાના પ્રકારના માયાપ્રયોગો ઉપયોગમાં લેવાયા તથા એ યુદ્ધ જગતનો ક્ષય કરનારું બની ગયું. અંતે પરા શક્તિની કૃપાથી દેવો એ યુદ્ધમાં જીત્યા. [૧૨-૪]

"દેવો અત્યંત હર્ષમાં આવી જઇ, મોહથી ઘમંડવાળા બની કહેવા લાગ્યા, 'અમારો જય કેમ ન થાય? અમારો મહિમા જ એવો છે. અમે જ સૃષ્ટિની ઉત્પત્તિ, રક્ષા અને સંહાર કરનારા છીએ.' [૧૫-૭]

"પરા શક્તિનો પ્રભાવ જાણ્યા વિના તેઓ આમ મોહવશ બની ગયા, ત્યારે તેમના ઉપર અનુગ્રહ કરવા જગત્જનની યક્ષ રૂપે પ્રગટ થઈ. [૧૮-૨૦]

"પહેલાં કદી ન દેખેલું એ પરમ સુંદર તેજ જોઈને વિસ્મયમાં પડી ગયેલા તે દેવો 'આ શું? આ શું?' એમ પૂછવા લાગ્યા 'આ તે દૈત્યોનું કાંઈ કરતૂક છે, કે પછી કોઈ મોટી માયા છે? દેવોને પણ અચંબામાં નાખી દેતી એને કોણે સરજી છે?' [૨૦-૨]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"બધા દેવોએ ભેગા મળી નક્કી કર્યું કે, પ્રથમ તે યક્ષની નજીક જઈને તેને પૂછવું કે તું કોણ છે? પછી એકબીજાનું બળ જાણ્યા બાદ તેનો કંઈ પ્રતિકાર વિચારવો. [૨૨–૩]

"પછી દેવોના રાજા ઇન્દ્રે અગ્નિને બોલાવીને કહ્યું, 'હે વહ્નિ! તું અમારા સૌનું ઉત્તમ મુખ છે; માટે તું ત્યાં જઈ જાણી લાવ કે એ યક્ષ કોણ છે?' [૨૪–૫]

"પોતાના પરાક્રમની સૂચનાવાળું સહસ્રાક્ષ ઇન્દ્રનું તે વચન સાંભળી અગ્નિ વેગથી યક્ષની પાસે પહોંચી ગયો. યક્ષે તેને પૂછ્યું, 'તું કોણ છે? તારામાં શું બળ છે? એ તું મને કહે.' [૨૫–૭]

"અગ્નિએ જવાબ આપ્યો, 'હું અગ્નિ છું, હું જાતવેદ છું, વિશ્વમાં જે કાંઈ છે, તે સર્વને બાળી નાખવાની શક્તિ મારામાં છે.' [૨૭–૮]

"ત્યારે યક્ષે તેની સમક્ષ એક તણખલું મૂક્યું અને કહ્યું, 'આખા વિશ્વને દહન કરવાની તારી શક્તિ છે, તો તું આને બાળી નાખ!' [૨૮–૯]

"અગ્નિએ પોતાની તમામ તાકાતથી પ્રયત્ન કર્યો, પણ તે પેલા તણખલાને બાળવા શક્તિમાન ન થયો. એટલે લજ્જિત થઈ તે દેવો પાસે પહોંચ્યો. દેવોએ વૃત્તાંત પૂછતાં તેણે બધું કહી સંભળાવ્યું અને જણાવ્યું, 'આપણે સર્વશક્તિમાન છીએ એવો બધો આપણો ગર્વ મિથ્યા છે.' [૨૯ – ૩૧]

"ત્યારબાદ વૃત્રઘ્ન ઇંદ્રે વાયુને બોલાવીને કહ્યું, 'આખું જગત તારી અંદર ઓતપ્રોત છે, અને તારી પ્રેરણાથી જ ગતિમાન બને છે; તું સર્વના પ્રાણરૂપ છે અને સર્વશક્તિઓનો ધારક છે. તું જા ને જાણી લાવ કે એ યક્ષ કોણ છે. એ પરમ મહાન યક્ષને જાણવા બીજો કોઈ સમર્થ નથી.' [૩૧–૩]

પોતાના ગુણોના ગૌરવવાળું સહસ્રાક્ષ ઇન્દ્રનું વચન સાંભળીને વાયુ અભિમાનસહિત યક્ષ જ્યાં વિરાજી રહ્યું હતું ત્યાં ગયો. તેને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈને યક્ષે મૃદુ ભાષામાં કહ્યું, 'તું કોણ છે, અને તારામાં શી તાકાત છે, એ બધું તું મને કહે.' [૩૪-૫]

"યક્ષનું વચન સાંભળી, ગર્વપૂર્વક વાયુ બોલ્યો, 'હું માતરિશ્વા છું, વાયુ છું; બધી વસ્તુઓ ચલિત કરવાની કે ઉપાડવાની મારામાં તાકાત છે. મારી પ્રેરણાથી બધું જગત હલનચલન કરી રહ્યું છે.' [૩૬-૭]

"વાયુની વાણી સાંભળીને પરમ મહાન યક્ષ બોલ્યું, 'તારી સામે જે આ તૃણ છે, તેને યથેચ્છ ઉડાડ; નહિ તો પછી નીચે મોંએ ઇન્દ્ર પાસે પાછો જા!' [૩૮-૯]

"યક્ષનું વચન સાંભળી વાયુએ પોતાની સર્વશક્તિથી ઉદ્યોગ કર્યો પણ પેલા તણખલાને જરા પણ ખસેડી ન શક્યો. ત્યારે તે લજ્જિત થઈને ઇંદ્ર પાસે પાછો ગયો અને પોતાનો બધો વૃત્તાંત કહી સંભળાવીને બોલ્યો, 'એ યક્ષને જાણવાને આપણે સમર્થ નથી; આપણે નકામો ગર્વ કરીએ છીએ.' [૩૦-૪૧]

ત્યારબાદ બધા દેવોએ સહસ્રાક્ષ ઇન્દ્રને કહ્યું. 'તું દેવોનો રાજા છે માટે તું યક્ષનું સાચું સ્વરૂપ જાણી લાવ.' ઇન્દ્ર મહાગર્વથી યક્ષ સમીપ દોડી ગયો; પરંતુ તે યક્ષ તો તેની આગળથી અંતર્ધાન જ થઈ ગયું! ઇન્દ્રને તો યક્ષ સાથે વાત કરવાની પણ ન મળી, તેથી તે અતિશય લજ્જિત થઈ ગયો અને મનમાં લઘુતાને પ્રાપ્ત થયો. પોતાનું આવું મોં લઈ દેવો સમક્ષ જવા કરતાં પ્રાણત્યાગ કરવો શો ખોટો, એમ તે વિચારવા લાગ્યો; અને અંતે એવા અદ્‌ભુત ચારિત્રવાળા તે દેવને જ શરણે ગયો. [૪૨-૮]

"તે જ ક્ષણે અંતરિક્ષમાં આકાશવાણી થઈ કે 'હે ઇન્દ્ર, તું તપપૂર્વક માયાબીજનો જપ કર; આમ દુઃખી થવાની જરૂર નથી.' એમ તે ધ્યાનસ્થ બેઠો હતો, તેવામાં અકસ્માત એ જ સ્થળે એ જ તેજ (ચૈત્રમાસીય નામને મધ્યાહ્ને) પ્રગટ થયું. એ તેજોમંડળની વચમાં એક તરુણકુમારી તેણે જોઈ. તે જપાપુષ્પ સમાન વર્ણવાળી હતી, ચંદ્રલેખાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુકુટવાળી હતી, વિવિધ પ્રકારનાં ભૂષણોથી ભૂષિત હતી, પ્રસન્નવદની હતી, લાલવસ્ત્ર ધારણ કરેલી હતી, અહેતુક કરુણાની મૂર્તિ સમાન હતી. સર્વકારણોના કારણરૂપ, કલ્યાણમયી, ઉમા નામની હૈમવતી દેવીને પોતાની સમક્ષ જોતાં જ ઇંદ્રની આંખો પ્રેમાશ્રુથી ભરાઈ આવી અને તેના આખા શરીરે રોમાંચ થઈ ગયો. તેણે વિવિધ સ્તોત્રોથી નીચા નમીને તેની સ્તુતિ કરી અને પછી પ્રીતિપૂર્વક પૂછ્યું, 'એ યક્ષ કોણ હતું, અને ક્યાંથી પ્રગટ થયું હતુ તે તમે મને કહો.' [૪૯–૬૧]

"તેનું વચન સાંભળી, કરુણાની સાગર તે બોલી, 'સર્વકારણોના કારણરૂપ એ બ્રહ્મ હતું. માયાનું અધિષ્ઠાનભૂત, સર્વસાક્ષી, ઉપદ્રવરહિત, એવું તે બ્રહ્મ મારું જ રૂપ છે. મારું રૂપ સગુણ તેમ જ નિર્ગુણ એમ બે પ્રકારનું છે. સગુણરૂપ માયાયુક્ત છે, અને નિર્ગુણરૂપ માયારહિત છે. હું જ સર્વ જગતને સર્જીને તેની અંદર પ્રવેશીને જીવને યથાકર્મ યથાશ્રુત હમેશાં પ્રેરું છું. મારા જ ભયથી પવન વાય છે, મારા જ ભયથી સૂર્ય ગતિ કરે છે. અગ્નિ, મૃત્યુ વગેરે સૌ મારા ભયથી જ પોતપોતાનાં કાર્ય કરે છે. હું જ સર્વ જીવોને કઠપૂતળીની પેઠે નચાવું છું. કદાચિત્ દેવોનો વિજય થાય છે, કદાચિત્ દૈત્યોનો. વિવિધ જીવોનાં કર્મો અનુસાર હું એ બધું કરું છું. પણ સર્વાત્મિકા એવી મને ભૂલીને તમે સૌ અહંકારથી આવૃત થઈ મોહને પામ્યા હતા. તેથી તમારા ઉપર અનુગ્રહ કરવા, તમારા જ દેહોમાંથી મારું અપૂર્વ તેજ યક્ષરૂપે બહાર પ્રગટ થયું હતું. માટે હવેથી દેહને કારણે ઊભો થયેલો ગર્વ સર્વભાવે ત્યજીને સચ્ચિદાનંદરૂપ મારે શરણે જ આવો.' [૬૧–૮૩]

"એટલું કહી મહાદેવી, તરત અંતર્ધાન થઈ ગઈ. બધા દેવો ત્યાર બાદ પોતપોતાનો ગર્વ તજી, ભગવતીના પદપંકજને આરાધવામાં તત્પર બન્યા." [૮૪-૫]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પદસૂચિ

૧. અનુસ્વારોને અનુનાસિક વ્યંજનના ક્રમમાં જોવા.

૨. અંતઃસ્થ વ્યંજન અને ઊષ્માક્ષરો પહેલાંનાં અનુસ્વાર તેમની પહેલાંના સ્વરનો ક્રમ પૂરો થાય તે પછી જોવાં.

૩. વિસર્ગને સ્ ગણી, તે ક્રમમાં જોવો.

૪. જે પદોની શરૂઆતમાં ० આવું મીંડું છે, તે પદો આખા સમાસ-પદની અંદરનાં ઘટક પદ ગણવાં.

अग्निम् ३–३
अग्निः ३–४, ४–२
अङ्गानि ४–८
अतितराम् ४–२; ४–३
अतिमुच्य १–२
अत्यवदत् ३–४, ३–८
अथ २–१, २–५, ३–७, ३–११, ४–५
अथो १–३
अधि १–३
अधिदैवतम् ४–४
अध्यात्मम् ४–५
अनन्ते ४–९
अनभ्युदितं १–४
अनुशिष्यात् १–३
अनेन ४–५
अन्यद् १–३
अन्यान् ४–२, ४–३
अपहृत्य ४–९
अपि २–१, ३–५, ३–९
अब्रवीत् ३–४, ३–८
अब्रुवन् ३–३, ३–७, ३–११
अब्रूम ४–७
अभिसंवाञ्छन्ति ४–६
अभीक्ष्णं ४–५
अभ्यद्रवत् ३–४, ३–८
अभ्युद्यते १–४
अमतम् २–३
अमहीयन्त ३–१
अमृतत्वं २–४
अमृतम् २–४
अमृताः १–२, २–५
अयम् ३–१
अविजानताम् २–३
अविज्ञातम् २–३
अविदिताद् १–३
अवेदीत् २–५
अशकम् ३–६, ३–१०
असि ३–४, ३–८
अस्ति २–५
अस्मि ३–४, ३–८
अस्माकम् ३–१
अस्मात् १–२, २–५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પદસૂચિ

अस्य २–१
अहम् २–२, ३–४, ३–८

आ ४–४
आकाशे ३–१२
आजगाम् ३–१२
आत्मना २–४
आददत्स्व ३–१०
आददीय ३–९
आदातुम् ३–१०
आदेशः ४–४
आयतनम् ४–८
आहुः १–५

इति १–३, २–१, २–२, ३–१, ३–२, ३–३, ३–४, ३–५, ३–६, ३–७, ३–८, ३–९, ३–१०, ३–११, ३–१२, ४–१, ४–२, ४–३, ४–४, ४–६, ४–७, ४–८
इदम् १–४, १–५, १–६, १–७, १–८, ३–२, ३–५, ३–९
इन्द्रम् ३–११
इन्द्रः ४–२, ४–३
इमाम् १–१
इव ४–२, ४–३, ४–५
इषितम् १–१
इषिताम् १–१
इह २–५

उ १–१, १–२
उक्ता ४–७
उपनिषद् ४–७
उपनिषदम् ४–७
उपप्रेयाय ३–६, ३–१०
उपस्मरति ४–५
उपासते १–४, १–५, १–६, १–७, १–८
उपासितव्यं ४–६
उमाम् ३–१२
उवाच ३–१२, ४–१

एतत्द् १–३, ३–३, ३–६, ३–७, ३–९, ३–१०, ३–११, ३–१२, ४–१, ४–४, ४–५, ४–६
एताम् ४–९
एते ४–२
एनत्द् ४–२, ४–३
एनम् ४–६
एव १–३, १–४, १–५, १–६, १–७, १–८, २–१, ३–१, ३–६, ३–१०, ३–१२, ४–१
एवम् ४–६, ४–९
एषः ४–४
एषाम् ३–२
ऐक्षन्त ३–१

कर्म ४–८
कः १–१, ३–४, ३–८
किम् ३–२, ३–३, ३–५, ३–७, ३–९, ३–११, ३–१२
केन १–१
गच्छति १–३, ४–५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

च १-२, २-२, ४-५
चक्षुषः १-२
चक्षुषा १-६
चक्षुः १-१, १-२, १-३
चक्षूंषि १-६
चेद् २-५
०जवेन ३-९, ३-१०
जातवेद ३-३
जातवेदाः ३-४
ज्येये ४-९
ततः ३-९, ३-१०, ४-१
तत्र १-३
तथा ३-३, ३-७, ३-११
तद् १-३, १-४, १-५, १-६, १-७, १-८, २-२, ३-२, ३-४, ३-६, ३-८, ३-१०, ४-६
तद्वनं ४-६
तपः ४-७
तम् ३-४, ३-८
तस्मात्तद् ३-११, ४-२, ४-३
तस्मिन् ३-५, ३-९, ३-१२
तस्मै ३-६, ३-१०
तस्य २-३, ३-१, ४-४
तस्यै ४-८
ताम् ३-१२
तिरोदधे ३-११
तृणम् ३-९, ३-१०
ते २-१, ३-१, ३-३, ४-२, ४-७
तेभ्यः ३-२
त्वं १-४, १-५, १-६, १-७, १-८, २-१
त्वयि ३-५, ३-९
दग्धुम् ३-६
दमः ४-७
दह ३-६
दहरम् २-१
दहेयम् ३-५
देवः १-१
देवान् ४-२, ४-३
देवाः ३-१, ४-२
देवेभ्यः ३-१
देवेषु २-१
धीराः १-२, २-५
न १-३, १-४, १-५, १-६, १-७, १-८, २-२, २-३, २-५, ३-२, ३-६, ३-१०
नः १-३, २-२
नो १-३
नाम ४-६
निदधौ ३-६, ३-१०
निववृते ३-६, ३-१०
नु २-१
नूनं २-१
नेदिष्ठं ४-२, ४-३
नो २-२
न्यमीमिषद् ४-४
पतति १-१
पश्यति १-६

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પદસૂચિ

पस्पर्श ४-३
पस्पर्शुः ४-३
पाप्मानं ४-९
पूर्वेषाम् १-३
पृथिव्याम् ३-५, ३-९
प्रणीयते १-८
प्रतितिष्ठति ४-९
प्रतिबोधविदितम् २-४
प्रतिष्ठा ४-८
प्रथमः १-१, ४-२, ४-३
प्राणः १-१, १-२, १-८
प्राणस्य १-२
प्राणिति १-८
प्राणेन १-८
प्रादुर्बभूव ३-२
प्रेत्य १-२, २-५
प्रेषितम् १-१
प्रैति १-१

बहुशोभमानाम् ३-१२
ब्रह्म १-४, १-५, १-६, १-७, १-८, ३-१, ४-१, ४-३
ब्रह्मणः २-१, ३-१, ४-१, ४-२
ब्राह्मी ४-७
ब्रूहि ४-७

भवन्ति १-२, २-५
भूतानि ४-६
भूतेषु २-५
भो ४-७

मघवन् ३-११
मतम् १-५, २-३, २-४
मनः १-१, १-२, १-३, १-५, ४-५
मनसः १-२
मनसा १-५
मनुते १-७
मन्यसे २-१
मन्ये २-२, ३-१
महती २-५
महिमा ३-१
महीयध्वम् ४-१
मातरिश्वा ३-८
मीमांस्यम् २-१

यक्षम् ३-२, ३-३, ३-६, ३-७ ३-१०, ३-११, ३-१२
यथा १-३
यद् १-२, १-४, १-५, १-६, १-७, १-८, २-१, ३-५, ३-६, ३-९, ३-१०, ४-२, ४-४, ४-५
यदि २-१
यः २-२, ४-६, ४-९
यस्य २-३
युक्तः १-१
युनक्ति १-१
ये १-३
येन १-४, १-५, १-६, १-७ १-८

रूपम् २-१

लोकात् १-२, २-५
लोके ४-९

वदन्ति १-१

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

वा ३-४, ३-८, ४-१, ४-२, ४-३, ४-९
वाग् १-३, १-४
वाचम् १-१, १-२
वाचः १-२
वाचा १-४
वायुः ३-८, ४-२
वायुम् ३-७
वायो ३-७
वाव ४-७
विचित्य २-५
विज्ञौ ३-२
विजये ३-१, ४-१
विजानताम् २-३
विजानीमः १-३
विजानीहि ३-३, ३-७, ३-११
विजिग्ये ३-१
विज्ञातम् २-३
विज्ञातुम् ३-६, ३-१०
विदांचकार ४-१, ४-२, ४-३
विदितम् २-१
०विदितम् २-४
विदिताद् १-३
विद्धि १-४, १-५, १-६, १-७, १-८
विद्मः १-३
विद्यया २-४
विद्युतः ४-४
विनष्टिः २-५
विन्दते २-४
वीर्यं २-४, ३-५, ३-९
वेत्थ २-१
वेद २-१, २-२, २-३, ४-६, ४-९
वेदाः ४-८
व्यजानन्त ३-२
व्याचचक्षिरे १-३
शशाक ३-६, ३-१०
शुश्रुम १-३
शृणोति १-७
०शोभमानाम् ३-१२
श्रुतम् १-७
श्रोत्रम् १-१, १-२, १-७
श्रोत्रस्य १-२
श्रोत्रेण १-६
संकल्पः ४-५
सत्यम् २-५, ४-८
सर्वजवेन ३-६, ३-१०
सर्वम् ३-५, ३-९
सर्वाणि ४-६
सर्वाङ्गानि ४-८
स, सः १-२, २-३, ३-६, ३-१०, ३-१२, ४-३, ४-६
०संवाञ्छन्ति ४-६
सा २-१, २-२
सुवेद २-१, २-२
स्त्रियम् ३-१२
स्वर्गे ४-९
ह १-२, ३-१, ३-२, ३-१२, ४-१, ४-६
हि २-४, ४-२, ४-३
हमवतीम् ३-१२

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar